


Scanned by CamScanner



સૌજન્ય




નીનાબેન ભરતભાઈ

શાહ પાટણવાળા

(હાલ વાલકેશ્વર, મુંબઈ)

આગમોદ્ધારક
શૈલાના નરેશ - પ્રતિબોધક
દેવસૂર - તપાગચ્છ
સમાચારી સંરક્ષક
પૂજ્ય આચાર્યદેવ

**શ્રી આનંદસાગરસૂરીશ્વરજી**

મહારાજના ચરણોમાં
ભાવભીની વંદના...

Scanned by CamScanner

# શત્રુંજય મહામર્યાદાયૈ નમઃ

: લેખક :
પૂ. આચાર્યશ્રી હેમચંદ્રસાગરસૂરિ મ.ના શિષ્ય
પૂ. પંન્યાસશ્રી અક્ષયચંદ્રસાગરજી મ.

: પ્રકાશક :
આનંદ પ્રકાશન
એ/૩, પારસમણી સોસાયટી,
જવાહર ચોક, સાબરમતી, અમદાવાદ.
(૦૭૯) ૨૭૫૦૮૭૩૮

પ્રથમ આવૃત્તિ : ૫૦૦૦ + ૫૦૦૦ (સં. ૨૦૫૬)
દ્વિતીય આવૃત્તિ : ૫૦૦૦ (સં. ૨૦૬૮)



Scanned by CamScanner

# શત્રુંજય ગિરિરાજની મર્યાદા

★ છ'રી પાલિત યાત્રા કરવી જોઈએ ★ પાલિતાણાની ભૂમિ પવિત્રતમ ભૂમિ છે - ત્યાં રાત્રી ભોજનનો સંપૂર્ણ ત્યાગ રાખવો, ચઉવિહારનું પચ્ચક્ખાણ રાખવું. ★ અભક્ષ વસ્તુનો સંપૂર્ણ ત્યાગ કરવો. ★ હિંસા, જૂઠ, ચોરી, અબ્રહ્મ આદિ તમામ પાપ સ્થાનકનો ત્યાગ કરવો. ★ વસ્ત્રપરિધાનમાં સંપૂર્ણ મર્યાદા રાખવી. આપણા નિમિત્તે કોઈને પણ રાગ-વિકાર જાગૃત ન થાય તેવી સાવધાની રાખવી. ★ ધર્મશાળાની મર્યાદા પણ જાળવવી. ★ તલેટીને પ્રતિમાજી તુલ્ય ગણી પૂજાના વસ્ત્રવિના સ્પર્શવું નહીં. ★ શત્રુંજય ગિરિરાજના કાંકરે કાંકરે અનંતા આત્મા મોક્ષે ગયા છે. પ્રત્યેક કણેકણ તીર્થંકર પ્રભુ કરતા પણ વધુ પવિત્ર છે. જેથી બુટ ચંપલનો ત્યાગ કરી ચઢવું. અર્થાત્ ગિરિરાજનો સ્પર્શ ડાયરેક્ટ કરવો, બુટ-ચંપલને ન કરાવવો. ★ ચઢતાં ચઢતાં ઈર્યાસમિતિનું પરિપાલન ન ચૂકવું. ★ ગિરિરાજ પર સંપૂર્ણ મૌન રહેવું. જેથી બોલવા દ્વારા ગિરિરાજ પર થુંકનો અંશ પણ ન પડે. ★ પરસેવાનો છાંટો પણ ન પડે તે લક્ષ રાખવું. ★ ઠલ્લે, માત્રે કે ઉલ્ટી પણ ત્યાં ન થાય તેની સંપૂર્ણ તકેદારી રાખવી. ★ કાંઈ પણ ખાવું-પીવું નહીં. ★ ગિરિરાજ ચઢતા દરેક દેરીના પાદુકાને વંદન કરવા. ★ ઉપર દરેક પ્રતિમાજીના દર્શન-વંદન-પૂજન કરવા લક્ષબદ્ધ બનવું. ★ અષ્ટપ્રકારી પૂજાની સામગ્રી સાથે રાખવી. ★ પાંચ ચૈત્યવંદન ન ચૂકવા ★ મૂળનાયક ભગવાનની ત્રણ પ્રદક્ષિણા અવશ્ય દેવી. ★ રાયણવૃક્ષણને પણ ત્રણ પ્રદક્ષિણા દેવી. ★ રાયણવૃક્ષનું પાંદડું તોડવું નહીં, તુટેલુ પડ્યું હોય તો લઈને ઘરે રાખી શકાય છે. માંગલિક છે. ★ ગિરિરાજનો કોઈપણ પથ્થર તોડવો નહીં, તુટેલો હોય તો પણ શત્રુંજયની બહાર લઈ જઈ શકાય નહીં. ★ નવટુંક, ઘેટીપાગ વગેરે દરેક સ્થળે યાત્રા કરવા કટિબદ્ધ બનવું. ★ પૂજા-સેવામાં ભાવ વધુને વધુ ઝળકે તેવા પ્રયત્ન કરવા. ★ ઉતરતા પણ ગિરિરાજના ભાવોને હૈયામાં ઝળહળતા રાખવા. ★ પૂ. શ્રમણ - શ્રમણી તથા સાધર્મિક ભક્તિમાં તર-બતર રહેવું. ★ કોઈપણ તપમાં અનુરક્ત રહેવું. ★ નવ્વાણું, ચઉવિહાર, છઠ્ઠ કરીને સાત યાત્રા, ચોમાસા વગેરેની વિધિ મર્યાદા પણ બરાબર સાચવવી.

***આવી સર્વ મર્યાદાની શિરમોર મર્યાદા તરીકે***

***ચો..મા .સા..માં.. શ..ત્રું..જ..ય..ની.. યા..ત્રા.. ન.. ક..ર..વી..***

***તેને આપણે મહામર્યાદા કહીશું.***

આવો ! આ પુસ્તકમાં આપણે એ સમજીએ.



Scanned by CamScanner

પ્રથમ-દ્વિતીય આવૃત્તિ

# લેખક શ્રી કાંઈક કહે છે

અપેક્ષાએ પરમાત્માનો સંયોગ સાંપડવો સુલભ છે અને ધર્મનો સંયોગ સાંપડવો પણ સુલભ છે. પરંતુ પરમાત્માનું શાસન સાંપડવું અત્યન્ત દુર્લભ છે.

આજે અસંખ્ય દેવોને સાક્ષાત્ યા સ્થાપનારૂપે પણ પરમાત્માનો સંયોગ સાંપડ્યો છે. સાથે સાથે શાશ્વત પ્રતિમાજીની પૂજા યા વિશિષ્ટ પૂજ્ય ગુરુભગવંતની ભક્તિ વગેરે રૂપ ધર્મનો સંયોગ પણ સુલભ બન્યો છે. પરંતુ પરમાત્માનું શાસન ???

ના; તે દેવોને પરમાત્માનું શાસન નથી સાંપડ્યું.

શાસન તો આપણા જેવા પ્રકૃષ્ટ પુણ્યના સ્વામીને જ પ્રાપ્ત થાય. જેના લલાટમાં એવું પ્રકૃષ્ટ પુણ્ય લખાયું નથી, તેને શાસન મળતું નથી.

શાસન મળવું-તે પ્રકૃષ્ટ પુણ્યના હાથની વાત છે; પરંતુ શાસન ફળવું-તે પ્રકૃષ્ટ પુરુષાર્થના હાથની વાત છે.

વર્તમાનશાસન ગણધર ગૌતમસ્વામિને પણ મળ્યું હતું, ને પેલા ગોશાળાને પણ મળ્યું હતું, અઈમુત્તામુનિ-૧૫૦૩ તાપસો ને ખુંખાર અર્જુનમાળીને પણ મળ્યું હતું ને જમાલી-તિષ્યગુપ્ત ને રોહગુપ્તને પણ મળ્યું હતું. સ્કંધકાચાર્યના ૫૦૦ શિષ્યને પણ મળ્યું હતું - ને સ્કંદકાચાર્યને પણ મળ્યું હતું.

આ જ શાસનની સાધનાના પ્રભાવથી શ્રી ગૌતમસ્વામિ, અઈમુત્તામુનિ કે ૫૦૦ શિષ્યો જેવા પુણ્યાત્માઓ ભવસમુદ્રને પાર પામ્યા. ને આ જ શાસનની વિરાધનાના પરિબળથી ગોશાળો, જમાલી કે તિષ્યગુપ્ત જેવા દુરાત્માઓ સંસારની ગર્તામાં ધકેલાઈ ગયા.

હાથમાં રહેલી તલવાર જો ચલાવતા આવડતી હોય તો યોદ્ધો શત્રુની વિરાટ સેનાનો વિનાશ સર્જે છે, ને જો ન આવડતી હોય તો પોતે મોતને ભેટે છે.

શાસન અને તેની વફાદારી એ મહત્ત્વની ચીજ છે.

જમાલી વગેરેના મતની જેમ શાસનની ઘોર ખોદનારની પરંપરા ઝાઝી ટકતી નથી, હા; એમાં લઘુમતી કે બહુમતીને સ્થાન હોતું જ નથી. ગોશાળાના ભક્તો ભગવાન મહાવીર મહારાજાના ભક્તો કરતાં પણ વધારે હતા. મતલબ ખૂબ બહુમતી હતી, તો તિષ્યગુપ્ત-રોહગુપ્ત કે જમાલી જેવાના ભક્તો સાવખે ઓછા હતા. મતલબ ખૂબ લઘુમતી હતી.

'ઓછા એ હીરા' આ ન્યાય બધે ન લગાડાય. એમ તો પાગલ પણ જગતમાં ઓછા જ હોય છે. ભગવાન મહાવીર મહારાજાની ઉપસ્થિતિમાં પણ એમની સામે



Scanned by CamScanner

બળવો પોકારનાર યા એમના પંથને પટકાવવા જાલિમ જહેમત ઉઠાવનાર પેદા થયા હતા. તો આજના કાળમાં એમની અનુપસ્થિતિમાં એમના શાસનને પટકાવવા જહેમત ઉઠાવનાર યા છિન્ન ભિન્ન કરનાર પુણ્યશાળી ( !) પેદા થાય - તેમાં નવાઈ શી?? કદાચ, ન પેદા થાય તેમાં નવાઈ ગણાય.

આજે છેલ્લા ૭૦-૭૫ વર્ષથી જૈન તપાગચ્છના જ અનુયાયી તપાગચ્છની અવિચ્છિન્ન કેટલીક જીવંત શાસ્ત્રીય પરંપરા પર અગ્નિદાહ દેવા તૈયાર થયેલ છે.

ના; હાલને તબક્કે મારે તે બધી જ શાસ્ત્રીય પરંપરાના દાહની વાત નથી કરવી, હાલ તો માત્ર એક જ વાત કરવી છે: સેંકડો-હજારો-લાખો-ક્રોડો-અસંખ્ય ને અનંત યા અનાદિકાળથી ચાલી આવતી પરમસત્ય પરમશાસ્ત્રીય ને પરમતાર્કિક પરંપરા કે ચોમાસામાં **શત્રુંજયની યાત્રા ન જ થાય:** તે જીવંત પરંપરાને સગ્ગા સાધુના હાથે હરગીઝ અગ્નિદાહ ન દેવાય. તે જીવંત પરંપરાને અગ્નિદાહ દેવો તદ્દન અનુચિત છે.

તદ્દન અનુચિત ગણવા પાછળ કયા કયા મુદ્દાઓ-તર્કો-શાસ્ત્રાજ્ઞાઓ ભાગ ભજવે છે તે શ્રેયસ્ સાથેના સંવાદરૂપે આ 'શંત્રુજય મહામર્યાદાયૈ નમઃ' પુસ્તકમાં સંકલિત છે.

**જે ભવભીરુ સાધુ યા શ્રાવક** આ સંવાદનું અનુસ્મરણ/અધ્યયન કરશે-તે નક્કી ચોમાસામાં શત્રુંજયની યાત્રા - કરણ કરાવણ કે અનુમોદનનું પાપ કદાપિ નહીં વહોરે. એવો મને દૃઢ વિશ્વાસ છે.

જે વખતે 'સૂતક મર્યાદાયૈ નમઃ' સૂતક વિષયક પુસ્તક તૈયાર કરી જગત્ સમક્ષ મૂકાયું, ત્યારે પૂ.આ.ભ. પ્રગુરુદેવ **શ્રી અશોકસાગર સૂ.મ.,** અન્યગચ્છીય **પૂ. શ્રી મણિપ્રભ વિજય મ.** વગેરે પૂજ્યોએ મને ચોમાસામાં શત્રુંજયની યાત્રા ન થાય - તે વિષયક પુસ્તક તૈયાર કરવા પ્રેર્યો... ને આજે તે પૂજ્યોની પ્રેરણાના પરિબળે આ પુસ્તક આપશ્રીના હાથમાં સમર્પણ કરી શક્યો છું.

આ પુસ્તકના ઉત્થાનમાં પાયારૂપે પૂ.આ.ભ. **શ્રી નરેન્દ્રસાગરસૂરિજી મ.** લિખિત 'ચોમાસામાં શત્રુંજયની યાત્રા ન થાય' તે સંબંધી પુસ્તક તથા પૂજ્ય **શ્રી સુમિત્રવિજયજી મ.** લિખિત 'સિદ્ધગિરિ તથા શાસ્ત્રાજ્ઞાને સ્પષ્ટ કરનારી પ્રશ્નોતરી' નામક પુસ્તકને સ્થાન આપી ઉપકાર અભિવ્યક્ત કરું છું. તેમજ પૂ. દીર્ઘપર્યાયી **શ્રી નયશેખરસાગરજી મ.સા.** , હિતચિંતક પૂ. તપસ્વી મુનિશ્રી **જગતચંદ્રસાગરજી મ.સા.** સહવર્તી મુનિશ્રી **નિર્મલચંદ્રસાગરજી મ.સા.** બાલમુનિ શ્રી **હૃદયચન્દ્રસાગરજી મ.સા.** આદિ મુનિવરોના સહયોગને પણ સ્મરણ કરું છું.

'શત્રુંજય મહામર્યાદાયૈ નમઃ' પુસ્તકનું સમસ્ત લખાણ પૂ.આ.ભ. **શ્રી**



Scanned by CamScanner

**નરેન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા.** પૂ.આ.ભ. પ્રગુરુદેવ **શ્રી અશોકસાગરસૂરીશ્વરજી મ.સા.**, પૂ.આ.ભ. ગુરુદેવ **શ્રી જિનચંદ્રસાગરસૂરીશ્વરજી મ.સા.** પૂ.આ.ભ. ગુરુદેવ **શ્રી હેમચંદ્રસાગરસૂરીશ્વરજી મ.સા.**, પૂ. આચાર્ય **શ્રી સાગરચંદ્રસાગરસૂરિજી મ.સા.**, પૂ. પંન્યાસ **શ્રી નયચંદ્રસાગરજી મ.સા.**, પૂ. પંન્યાસ **શ્રી પૂર્ણચંદ્રસાગરજી મ.સા.** પૂ.ગણિવર્ય **શ્રી લબ્ધિચંદ્રસાગરજી મ.સા.** આદિ પૂજ્યોની વેધક ને પવિત્ર દૃષ્ટિ તલેથી પસાર થયેલ છે. તેમજ લેખન અંગે તેઓશ્રીએ બે હાથે મારી પીઠ પણ થાબડેલ છે. એથી હું માનું છું કે આ પુસ્તક સત્યશિરોમણી ઠરેલ છે.

છતાં આ સત્યવાત પણ જો કોઈને રોપકારક બનતી હોય અથવા છદ્મસ્થતાવશાત્ કે મુદ્રણદોષવશાત્ ક્યાંક ક્ષતિ રહી ગઈ હોય તો કરબદ્ધ-નતમસ્તક ક્ષમાયાચના.

આ પુસ્તક વાંચી પાપથી વિરમે તે જ શુભાકાંક્ષા.

**લિ. અક્ષયચન્દ્રસાગર**

## પ્રકાશક

પુણ્યપાલરાજાના આઠ સ્વપ્નના ફળ પ્રસંગે પરમાત્મા વીરપ્રભુનું કથન હતું કે સિંહના કલેવરની જેમ શાસનને ફોલી ખાનાર શાસનના અનુયાયી જ રહેવાના છે. આજે એ વાત સાક્ષાત્કાર જણાય છે.

છતાં પણ પૂ. પંન્યાસશ્રી અક્ષયચન્દ્રસાગરજી મ. જેવા પુણ્યાત્માઓ આ શાસનને ટકાવવામાં જે ભારે જહેમત ઉઠાવે છે તે ધન્યવાદને પાત્ર છે.

ચોમાસામાં શત્રુંજયની યાત્રા ન કરવાની અસંખ્ય કાળની પરંપરાનું ઉન્મૂલન કરનાર શાસનના મહાઅનુયાયી જ છે. આ ઉન્મૂલકને સન્માર્ગે લાવવા પૂજ્યશ્રીનો અથાગ પુરુષાર્થ આ પુસ્તકમાં પથરાયેલો છે. જેને પ્રકાશન કરતા અમો અત્યન્ત હર્ષ અનુભવીએ છીએ અને પુનઃ આવા પ્રકાશનનો લાભ અમને મળતો રહે તેવી અભિલાષા અભિવ્યક્ત કરીએ છીએ.

પુસ્તકના સૌજન્ય તરીકે **શ્રીમતી મીનાબેન ભરતભાઈ શાહ -પાટણવાળા** (હા. વાલકેશ્વર) પરિવારના અમો ખૂબ ખૂબ ઋણી છીએ. તેઓશ્રીની ઉદારતાનું અંતરથી અનુમોદન કરીએ છીએ. વારંવાર અમને આવી રીતે સહયોગી બને તેવી વિનંતિ કરીએ છીએ.

પુસ્તક પ્રકાશનના પ્રિટીંગ કાર્યમાં **કનક પ્રિન્ટર્સ**ની કલાગિરિ જબરજસ્ત છે. ખૂબ ઝડપી - આકર્ષક - શુદ્ધ ચોકસાઈ વગેરે ગુણો દાદ માંગી લે તેવા છે.

શ્રી આનંદ પ્રકાશનવતી **અશ્વિન શાહ**



Scanned by CamScanner

# દષ્ટિયાત્રા


★ લેખક કાંઈક કહે છે : ૦૩

★ આધારભૂત ગ્રન્થો. ૦૭

★ તાર્કિક સમજ. ૧૦

★ શાસ્ત્રમાં ન હોય તેવી સેંકડો હજારો પરંપરા આજે સમસ્ત તપાગચ્છને માન્ય છે. તે પૈકી કેટલીક પરંપરાનું દિગ્દર્શન. ૧૪

★ પરંપરાના પ્રબળ પુરાવાઓ. ૧૬

★ શાસ્ત્રીય પુરાવાઓની શરૂઆત. ૨૧

★ ચોમાસામાં સંસાર માટે ગમનાગમન કરતો હોય તો પણ ધર્મ માટે ગમનાગમન ન કરાય તેનો શાસ્ત્રીય પુરાવો. ૨૩

★ શ્રી અજિતનાથ પ્રભુએ શત્રુંજય પર ચોમાસામાં દેશના દીધી નથી. ૨૬

★ શ્રી શાંતિનાથ પ્રભુએ શત્રુંજય પર ચોમાસામાં દેશના દીધી નથી. ૨૯

★ પૂ. પાંડવો ચોમાસા પહેલાં જ શત્રુંજય પર ચઢ્યા છે. ૩૦

★ પૂ. દ્રાવિડ ને વારિખિલ્લજી ચોમાસા પહેલા જ શત્રુંજય પર ચઢ્યા છે. ૩૪

★ રાજુલ સાધ્વીનો પ્રસંગ ચોમાસાનો નથી. ૩૭

★ ચોમાસામાં યાત્રા કરવાનો એક પણ પુરાવો શાસ્ત્રમાં નથી છતાં યાત્રા શરું કરવાનું કારણ. ૩૯

★ પૂજ્યપાદ પ્રેમસૂરિ મ. આદિ સૌ પૂજ્યોની માન્યતા કે ચોમાસામાં શત્રુંજયની યાત્રા ન થાય. ૪૧

★ આ. શ્રી રામચંદ્રસૂરિજી મ. ના પ્રવચનના માધ્યમે ચોમાસામાં યાત્રા ન થાય. ૪૪

★ ચોમાસામાં યાત્રા ન થાય તો ત્યાં રહેલા પ્રતિમાજીનું શું ? ૪૭

★ શિલાલેખનો અધિકાર. ૪૮

★ એક તિથિ પક્ષ કરતા વધુ જીવદયા માનનાર વર્ગની વર્તણુંક. ૫૨

★ પત્ર-પર્ષદા. ૫૫




Scanned by CamScanner

# આધારભૂત - ગ્રન્થ આદિ

★ ચાતુર્માસમાં તીર્થયાત્રા કરવાનો સ્પષ્ટ નિષેધ....(પુસ્તક)
★ સિદ્ધગિરિ તથા શાસ્ત્રાજ્ઞાને સ્પષ્ટ કરનારી પ્રશ્નાવલી.
★ શ્રી દશવૈકાલિક ગ્રંથ.
★ ચૈત્યવંદન ભાષ્ય.
★ ધર્મરત્ન પ્રકરણ.
★ પાક્ષિક અતિચાર.
★ શ્રી મહાનિશિથસૂત્ર.
★ બૃહત્કલ્પસૂત્ર.
★ પંચવસ્તુક.
★ અષ્ટાહ્નિકા પ્રવચન.
★ અષ્ટક પ્રકરણ.
★ અષાઢ ચોમાસીના વ્યાખ્યાન.
★ ત્રિષષ્ઠિશલાકા પુરુષ ચરિત્ર.
★ શત્રુંજય મહાત્મય.
★ શત્રુંજયકલ્પ.
★ પાંડવચરિત્ર મહાકાવ્ય.
★ જ્ઞાતાધર્મકથા.
★ શ્રાદ્ધવિધિ ગ્રન્થ.
★ ભવભાવના ગ્રન્થ.
★ નવ્વાણુ પ્રકારી પૂજા.
★ ઉત્તરાધ્યયન સૂત્ર.
★ કપર્દિયક્ષકલ્પ.
★ પર્વતિથિ નિર્ણય (પી.એલ. વૈદ્ય સાથે લવાદીચર્ચાના ૨૫ મુદ્દા)
★ પૂ. આ. ભ. શ્રી પ્રેમસૂરિ મ. ની જાહેરાત તથા પટ્ટક.
★ પ્રણાલિકાના પહાડને તોડશો નહિ (લેખ).
★ પર્વતિથિચર્ચા સંગ્રહ (પૂ. પં. કલ્યાણવિજયજી મ.)
★ જૈન પ્રવચન:　　વર્ષ :૯,　　અંક:૨
★ તલેટી પર મુકાતું બોર્ડ.
★ શિલાલેખ.
★ પૂર્વાચાર્યની પરંપરાને પ્રાધાન્ય આપતાં સેનપ્રશ્ન આદિ અનેક ગ્રંથો.



Scanned by CamScanner

# ચોમાસામાં શત્રુંજયની યાત્રા ન થાય

## : તે વિષયક પ્રશ્નોત્તરી :



धर्मध्वंशे क्रियालोपे स्वसिद्धान्तार्थविप्लवे ।
अपृष्टेनापि शक्तेन, वक्तव्यं तन्निषेधितुम् ॥
(पू. कलिकालसर्वज्ञश्री)

**ધર્મનો ધ્વંશ, ક્રિયાનો લોપ અને સિદ્ધાન્તના અર્થોમાં વિપ્લવ - એ પ્રસંગો જ એવા છે કે કોઈ પૂછે નહિ તો પણ તેવા પ્રસંગોએ શક્તિ સંપન્ન આત્માઓએ તેના નિષેધની વાણી અવશ્ય ઉચ્ચારવી.**



Scanned by CamScanner

# ચાતુર્માસમાં શત્રુંજયની યાત્રા ન થાયઃ તે વિષયક પ્રશ્નોત્તરીઃ

**શ્રેયસ્ :** મહારાજજી ! ગયે વખતે સૂતકવિષયક પ્રશ્નોત્તરી સંબંધિ શરૂઆતમાં આપશ્રીએ કહ્યું હતું કે 'ચાતુર્માસમાં શત્રુંજયગિરિરાજની યાત્રા ન થાય. ચાતુર્માસમાં શત્રુંજયની યાત્રા કરવાનું કહેનાર નૂતનપંથ છે.' તો આ વખતે મારે ચોમાસામાં શત્રુંજયની યાત્રા ન થાય - તે સંબંધિ હકીકત જાણવાની ઈચ્છા છે. અત્યારે આપશ્રીને તે સંબંધિ મારા હૃદયમાં ઘોળાતા પ્રશ્નોના ઉત્તર આપવાની અનુકૂળતા રહેશે?

**પૂ. મહારાજજી :** હા; કેમ નહિ... જરૂર પૂછ... પૂ. ગુરુગમ, શાસ્ત્રવાંચન, પારંપરિકજ્ઞાન અને મારા ક્ષયોપશમ અનુસાર તને જણાવીશ.

**શ્રે. :** ખૂબ સ..ર..સ..! સૌ પ્રથમ પ્રશ્ન એ કે ચાતુર્માસમાં શત્રુંજયમહાતીર્થની યાત્રા શા માટે ન થાય ?

**મ. :** આ પ્રશ્નના જવાબ પાછળ બે કારણ મુખ્ય છે. એમાંનું સૌ **પ્રથમ કારણ** એ કે પરમાત્માની આજ્ઞા જ એ પ્રકારની છે કે 'ચોમાસામાં શત્રુંજયની યાત્રા ન કરાય'

યાદ રાખજે શ્રેયસ્ ! પરમાત્માના શાસનની પ્રત્યેક સાધના - આરાધનામાં પરમાત્માની આજ્ઞાને જ પ્રથમ પ્રાધાન્ય અપાય, તર્ક કે દલીલને નહિ. પરમાત્માની આજ્ઞા એ સિદ્ધાંત બનતો હોય છે.. કાળક્રમે કદાચ તર્ક-દલીલ બદલાય - પણ સિદ્ધાંત તો હરગીઝ ન બદલાય. જેમકે રાત્રીભોજન, 'રાત્રીભોજન ન કરાય', એ પરમાત્માની આજ્ઞા સિદ્ધાંત બને છે. આ ક્યારે પણ ન બદલાય. પરંતુ તર્ક - દલીલ તો બદલાય પણ ખરા. જેમકે, રાત્રી ભોજન કેમ ન કરાય - આ વિષય અંગે પહેલા એમ દલીલ અપાતી હતી કે રાત્રે અંધારું હોય - એથી કદાચ ભોજનમાં કીડી, માંકડ, જૂ, કરોળીયા જેવા નાના જીવો આવી જાય તો તે મરી જાય (તેની હિંસા થાય) તેમજ ઉલ્ટી, જલોદર, કોઢ વગેરે અમુક અમુક પ્રકારના રોગો થાય. માટે તેવા જીવોની વિરાધના તથા રોગોથી બચવા રાત્રી ભોજન ન કરવું. પરંતુ આવી દલીલ આજના લાઈટ - ફોક્સ કે



Scanned by CamScanner

મરક્યુરીવાળા કાળમાં સાવ પાંગળી લાગે. આજે તર્ક દલીલ બદલવા પડે. પણ તે તર્ક-દલીલ બદલાતા સિદ્ધાંત બદલાતો નથી. સિદ્ધાંત એ સિદ્ધાંત. એ જ પરમાત્માની આજ્ઞા. તાત્પર્ય એ કે પરમાત્માની આજ્ઞા જ એ છે કે 'ચોમાસામાં પરમપવિત્ર મહાન શત્રુંજય ગિરિરાજની યાત્રા ન થાય.'

**બીજું કારણ :** આ યાત્રા પાછળ પરાપૂર્વથી એવી એક દલીલ ચાલતી આવે છે કે શત્રુંજય ગિરિરાજ એ પર્વત છે. રોડ - સડક - રાજમાર્ગ કે જમીન કરતાં પર્વત ઉપર સ્હેજે લીલોતરી વધારે ઉગે, ત્રસજીવોની ઉત્પત્તિ વધારે થાય ને એમાંય લીલફુગ તો બેસુમાર જ થાય - એ સાવ સીધી વાત છે. (કોમનસેન્સ છે.)

હા; કેટલાક એમ કહે છે કે : આજના કાળમાં તો એ શત્રુંજય ગિરિરાજ (પર્વત) ઉપર પત્થરના પગથિયા થઈ ગયા છે. પછી શેની લીલ ફુગ કે બીજા નાના (ત્રસ) જીવોની વિરાધના થાય ? પરંતુ આ દલીલ તદ્દન ગેરવ્યાજબી છે. કેમકે કોઈપણ સામાન્યજ્ઞાની પણ એમ તો નહી જ કહી શકે કે પત્થર ઉપર લીલ-ફુગ ન થઈ શકે. અને એમાં ય વળી આ તો પર્વત, અને ચારે તરફ ખુલ્લુ વાતાવરણ, ચોમાસાની ઋતુ (સિઝન), સતત પાણીનો પ્રવાહ, ઝાડુ-કચરા-પોતાથી ખાસ સાફસુફી નહી, અનાદિકાળથી ચોમાસામાં આરાધક યાત્રિકોની અવરજવર નહીં - આવી ચારેતરફથી બધી જ અનુકૂળતા મતલબ લીલ - ફુગ - નિગોદના જીવો માટે સ્વયંભૂ મેળો. બસ; ફાલી ફુલીને વધ્યા જ કરે. અને એમાં ય નાના ત્રસજીવો બાકી રહેતાં હશે ! એમના માટે વર્ષાઋતુ (Rainy Season) એટલે ઉજાણીના દિવસો.

વીતરાગ સર્વજ્ઞ ભગવંતે ફરમાવ્યું છે કે ચાતુર્માસના દિવસોમાં નિગોદ, ત્રસ જીવો વગેરેની ઉત્પત્તિ પ્રચુર વધી જાય છે. માટે **દશવૈકાલિકજી** ગ્રન્થમાં **''वासासु पडिसंलीणा''** વર્ષાઋતુમાં શરીર સંકોચીને રાખવું. આવશ્યક કાર્ય વિના હરવા - ફરવાનું પણ બંધ રાખવું.

બીજી વાત : શું કેવલી ભગવંત નહોતા જાણતાં કે ભવિષ્યમાં ગિરિરાજ પર આવા પત્થરના પગથિયા થવાના છે ? અને આવા પગથિયા ઉપર વિરાધનાનો સંભવ ન હોત યા ચોમાસામાં આવા પગથિયા ઉપર ચઢવામાં બાધ ન હોત તો ભગવંત પ્રરૂપત નહી કે 'હા; આવા પગથિયા થયા પછી ચોમાસામાં ચઢવામાં બાધ નથી' આ બધુ જ ભગવંતના જ્ઞાનમાં હતુ જ. છતાં એવું ન પ્રરૂપ્યું. અથવા આવા પગથિયા પર ચઢવામાં



Scanned by CamScanner

બાપ ન હોત તો ભગવાન વીરપ્રભુના કાળમાં શ્રેણિક મહારાજા કે કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય ભગવંત દ્વારા પ્રતિબોધિત કુમારપાળ મહારાજા જેવા પુણ્યવંતા આત્માઓ આવા પગથિયા કે આરસના પગથિયા શું ન બનાવી શકત ? યાત્રા અટકાવવા કરતા આવા પગથિયા બનાવ્યા હોત તો ચઢી શકત ને ? ના; તો પણ ન જ ચઢાય. તેથી ચોમાસામાં શત્રુંજય ચઢવા માટે પગથિયા બનાવ્યા નથી. અને એ વખતે પણ પત્થરની પગદંડી તો હતી જ. એથી એ વાત નક્કી કે આજે જે કોઈ વ્યક્તિ પગથિયા વગેરે પર ચઢવામાં બાધ નથી - એમ માનીને ચઢે - તે ખરેખર ભગવાનની સર્વજ્ઞતા પર ખંજર ફેરવનાર છે.

**શ્રે. :** મ.જી ! ક્યારેક ચોમાસામાં વરસાદનું નામ - નિશાન પણ ન હોય તો ?

**મ. જી :** શ્રે ! મેં તને પહેલાં જ કહ્યું 'પ્રથમ પ્રાધાન્ય આજ્ઞાનું'. આજ્ઞા સો આજ્ઞા. **તર્કો બધા એવા જ ગોઠવવાના હોય જે આજ્ઞાને પુષ્ટ કરે. આજ્ઞા (સિદ્ધાંત) ને ઉડાવનાર એક પણ તર્ક - એ તર્ક નહીં - પણ કુતર્ક કહેવાય.** ભગવંતે કહ્યું છે - તે પ્રમાણભૂત, તે આજ્ઞા તે સિદ્ધાંત. એમાં ફેરફાર ન ચાલે. આજે આપણે નિગોદનો તર્ક કર્યો તો તારો સવાલ આવ્યો કે વરસાદનો છાંટો ય ન પડ્યો હોય તો ? પરંતુ આજ્ઞાને પ્રાધાન્ય માની હોત તો આવો સવાલ જ પેદા ન થાત..

ઠીક, વરસાદનો છાંટો ય ન પડ્યો હોય - તો પણ ચોમાસામાં શત્રુંજય ગિરિરાજની યાત્રા ન જ થાય. તારી વાતને **ત્રીજા કારણરૂપે** માનીને વિચારી શકાય કે વરસાદનો છાંટો ય ન પડ્યો હોય તો પણ એ ઋતુનું વાતાવરણ જ એવું હોય કે તેમાં અમુક અમુક પ્રકારના જીવોની ઉત્પત્તિ વધારે જ થાય. હા; ભડકા જેવા તડકા હોય તો પણ.

જેમકે, જેઠ સુદ નોમના બપોરે ૨-૧૪ મિનીટે કેરી માટે આદ્રા નક્ષત્ર બેસતું હોય તો ભગવંતની આજ્ઞા છે કે ૨-૧૪ મિનીટની ઉપર એકાદ સેકંડ પણ થઈ જાય તોય કેરી ન જ વપરાય. ભલે, એ પહેલા વરસાદ ન વરસ્યો હોય કે બે વર્ષથી સતત દુષ્કાળ હોય, વરસાદનો છાંટો ય ન પડ્યો હોય, ભડકા જેવા તડકા હોય, તો પણ... અહીં એવો કુતર્ક ન કરાય કે - ૨-૧૪ મિનીટ સુધી એમાં જીવડા ન પડ્યા, ને એક સેકંડમાં જીવડા પડી ગયા ??? હા, સંભવ છે કે તેવા તેવા પ્રકારના જીવોનો તેવા તેવા પ્રકારના નક્ષત્ર સાથે યોગ હોય - જે નક્ષત્ર બેસતાં જ તેવા પ્રકારના જીવોની ઉત્પત્તિ શરું થઈ જાય.

ભગવાન વીરપ્રભુના નિર્વાણ સમયે એક ક્ષણમાત્રના અંતરે બેસતા ભસ્મગ્રહના



Scanned by CamScanner

પ્રભાવે બે હજાર વર્ષ સુધી શાસનને નુકશાન થયું. ભગવાન વીરપ્રભુનું એક ક્ષણ માત્ર આયુષ્ય વધારે હોત તો શાસનને તેટલું નુકશાન ન થાત. કેમકે વીરપ્રભુના સંબંધે તે ગ્રહનો પ્રભાવ હણાઈ જાત (નાશ પામત). મતલબ ગ્રહનો સંબંધ જીવ સાથે ખરો.

ભાજીપાલો, સુકોમેવો (ડ્રાયફ્રૂટ), સુખડી-પાણીનો કાળ વગેરે માટે પણ મર્યાદા એવી જ છે કે ચોમાસી પછી એક રાત્રીમાત્રમાં સાવખે મર્યાદા બદલાઈ જાય. શું આ વિષયમાં કાળ, ગ્રહ, નક્ષત્ર કે ઋતુને પ્રાધાન્ય ન અપાય ? અપાય જ (ચાતુર્માસમાં અચિત્ત (ઉકાળેલું) પાણી ત્રણપ્રહર પછી સચિત્ત બની જાય છે. તો શું ત્રણપ્રહર પછી એક સેકંડમાં જીવોની ઉત્પત્તિ થઈ ગઈ ? હા, કહી શકાય કે તેમાં વર્ષાઋતુનું પ્રાધાન્ય છે. ભલે તે વર્ષાઋતુમાં વરસાદ ન વરસ્યો હોય. યા તડકો-ગરમી હોય તો પણ પાંચ પ્રહર ન જ રખાય.) શ્રેયસ્ ! આવી તો ઢગલાબંધ હકીકતો છે જેમાં ક્ષણમાત્રમાં ફરક પડતો હોય. આ વિષે કાળ, ઋતુ, ગ્રહ, નક્ષત્ર વગેરે બધું જ કારણ તરીકે સંભવી શકે. માટે વરસાદ પડે યા ન પડે. કાળ, ઋતુ, ગ્રહ, નક્ષત્ર તો તેઓનું કામ કરે - કરે ને કરે જ.

શ્રેયસ્ ! કોઈ પણ **સજ્જન સાધુ** એમ તો નહી જ કહી શકે કે વરસાદનો છાંટો ય ન પડે તો ચાતુર્માસમાં વિહાર થઈ શકે. અહીં એક જ વાતઃ પ્રથમ આજ્ઞા, પછી જેવા જેવા તર્કો એ આજ્ઞા સાથે બંધબેસ્તા (એડજેસ્ટ થતાં) હોય તે પ્રમાણે બેસાડવા.

શ્રે. : પણ મ. જી ! 'ચાતુર્માસમાં યાત્રા ન થાય' એવી આજ્ઞા શાસ્ત્રમાં છે ખરી ? જો લખાયેલી હોય તો કયા શાસ્ત્રમાં ?

મ. જી. : જો શ્રેયસ્ ! વર્તમાન કાળે શાસ્ત્રમાં હોય એટલી જ પરમાત્માની આજ્ઞા સ્વીકારવી - એ તારી માન્યતા સાવ જ ભૂલભરેલી છે. કેમકે, વર્તમાનકાળે આપણી પાસે બધા જ આગમો (શાસ્ત્રો) મોજૂદ નથી. એટલું જ નહીં - ઘણાં - ખરા નષ્ટ થયા છે, થોડાક જ રહ્યા છે. નંદીસૂત્રજીના ટીકાકાર પૂ. આ. મલયગિરિજી મ.ના કથન અનુસાર ભગવાનના જેટલા શિષ્યો તેટલા પ્રકીર્ણક આગમ હતા. મતલબ ચોદહજાર પયન્ના-આગમ હતા, દ્વાદશાંગી તો અલગ. ત્યારબાદ એકકાળમાં ૮૪ આગમ હતા. ને આજે માત્ર પિસ્તાલીસ જેટલા જ આગમ છે. વળી, એ ય સંપૂર્ણ તો નહિ. અંતિમ દેશનાના ૫૫ અધ્યયન પુણ્યના અને ૫૫ અધ્યયન પાપના આજે ઉપલબ્ધ નથી. તેમજ મરુદેવા અધ્યયન પણ આજે મોજૂદ નથી. કહેવાનો મતલબ એ કે આજે આપણી પાસે સંપૂર્ણ શાસ્ત્ર (આગમ) મોજૂદ નથી. છતાં તારો આગ્રહ છે કે **'ચાતુર્માસમાં શત્રુંજયની યાત્રા**



Scanned by CamScanner

**ન થાય'** એવા શાસ્ત્રીય શબ્દો આપો - તો તે તને આગળ (પેજ નં. ૨૧ ઉપર) બતાવું છું. પરંતુ શાસ્ત્રમાં હોય તેટલું જ માનવું - આ તારી માન્યતા ગેરવ્યાજબી છે. કારણકે કદાચ નષ્ટ થયેલા (લુપ્ત થયેલા) તે શાસ્ત્રમાં લખ્યું હોય કે 'ચાતુર્માસમાં શત્રુંજયની યાત્રા ન થાય તો?'

શ્રે. : ! મ. જી. ! એ તો એમ પણ શું ન લખ્યું હોય કે 'ચાતુર્માસમાં પણ શત્રુંજયની યાત્રા થઈ શકે?'

મ.જી ! ના શ્રેયસ્ ! એમ ન જ લખ્યું હોય. કેમકે પ્રણાલિકા કઈ ચાલે છે તેનો વિચાર કર. જો 'ચોમાસામાં શત્રુંજયની યાત્રા થાય' એવું લખ્યું હોત તો આજે પણ જરૂર ચોમાસામાં યાત્રા થતી જ હોત. અને અસંખ્ય વર્ષોના વિરાટ ઈતિહાસમાં પણ ચોમાસાના યાત્રિકોના દૃષ્ટાંત મળતા હોત. જ્યારે આજે ચોમાસામાં યાત્રા નથી થતી અને એ વિરાટ ભૂતકાળના ઈતિહાસમાં ચોમાસામાં શત્રુંજયની યાત્રાનું એક પણ દૃષ્ટાંત મળતું નથી.

શ્રે. : મ. જી. ! પાંડવો, દ્રાવિડ વારિખિલ્લ, અજિતનાથ ભગવંત, શાંતિનાથ ભગવંત વગેરેના દૃષ્ટાંતો તો મેં સાંભળ્યા છે.

મ. જી. : શ્રેયસ્ ! તારી સમજફેર છે. તે સાંભળ્યું છે એવું એક પણ દૃષ્ટાંત નથી જ. તે કહેલા દૃષ્ટાંતોનો શાસ્ત્રાધાર સહિતનો ઈતિહાસ (પેજ નં. ૨૬ થી ૩૬ ઉપર) બતાવીશ ત્યારે તને ચોક્કસ લાગશે કે તે મહાપુરુષો ૪ માસના ઉપવાસ, અણસન વગેરેમાં જ સ્થિર છે, છતાં નવામતીઓ લોકોને ઉન્માર્ગે દોરવા માટેના કેવા પ્રચુર અને સાવ ખોટા પ્રયત્નો કરી રહ્યા છે.

મતલબ કે અસંખ્ય વર્ષોનો ઈતિહાસ નક્કર સત્ય હકીકત સૂચવે છે કે નષ્ટ થયેલ શાસ્ત્રોમાં 'ચોમાસામાં શત્રુંજયની યાત્રા થાય' એવું લખ્યું નથી. ચાતુર્માસમાં કોઈએ યાત્રા કરી હોય તેવો પ્રાચીન ચરિત્રગ્રંથોમાં પણ ઉલ્લેખ નથી. જો લખ્યું હોત તો આજે ચોમાસામાં યાત્રા ચાલુ હોત. પરંતુ ઈતિહાસની દૃષ્ટિએ પ્રાચીન પરંપરાની દૃષ્ટિએ તથા આજની **પ્રણાલિકા**ની દૃષ્ટિએ સો ટકા એ વાત કે ચોમાસામાં 'શત્રુંજયની યાત્રા ન જ થાય' એવું જ લુપ્તશાસ્ત્રોમાં લખ્યું હશે.

શ્રે. : મ. જી. ! પરંપરા (પ્રણાલિકા) એ શાસ્ત્ર કહેવાય ?



Scanned by CamScanner

મ. જી. : હા, શ્રેયસ ! "चैत्यवन्दन भाष्य" ગ્રન્થમાં સ્પષ્ટ ઉલ્લેખ છે કે 'નિષ્કપટ પુરુષોએ જેનું વર્જન ન કર્યું હોય, ગીતાર્થ પુરુષોએ જેનું આચરણ કર્યું હોય, તેવી વર્ષોથી ચાલી આવતી પ્રણાલિકા (આચરણા) એ પરમાત્માની આજ્ઞા કહેવાય.[1] મતલબ : એ શાસ્ત્ર છે. એવું સજ્જન પુરુષોનું કથન છે. વળી ધર્મરત્નપ્રકરણ નામના ગ્રન્થમાં પણ જણાવ્યું છે કે 'જે વાતનો શાસ્ત્રમાં વિધેય કે નિષેધ (કરવા જેવું કે ન કરવા જેવું, એવો ઉલ્લેખ) ન હોય, છતાં લોકમાં લાંબાકાળથી પરંપરા ચાલતી હોય - ક્યારથી ચાલી છે તેની ખબર પણ ન હોય - આવી પરંપરાને સંસારભીરું ગીતાર્થો દુષિત કરતા નથી."[2]

બીજું, શ્રેયસ્ ! વર્તમાનકાળે (૧) આગમ વ્યવહાર (૨) શ્રુત વ્યવહાર, (૩) આજ્ઞા વ્યવહાર, (૪) ધારણા વ્યવહાર અને (૫) જીત વ્યવહાર[3] આ પાંચ વ્યવહારમાંથી જીતવ્યવહારને પ્રાધાન્ય અપાય છે.

આજે સેંકડો હજારો પ્રવૃત્તિઓ એવી છે જે જીતવ્યવહારની ભૂમિકા (પ્લીન્થ) ઉપર ટકેલી છે. એમાં શાસ્ત્રના શબ્દોનો સહારો છે જ નહિ અને તે પ્રણાલિકા સમસ્ત તપાગચ્છને સંમત પણ છે; જેમકે; હું તને પૂછું કે પ્રતિક્રમણમાં લઘુશાંતિ, સકલતીર્થ, સંતિકરં, ચૌદશે થોયમાં સ્નાતસ્યા જ, સ્તવનને બદલે અજિતશાંતિ, છેલ્લે બૃહત્શાંતિ, ચૈત્યવંદનમાં સકલાર્હત્ સૂત્ર જ, ચૌદશ યા સંવત્સરીના આગલે દિવસે માંગલિક પ્રતિક્રમણમાં ૐ નમઃ પાર્શ્વનાથાય ચૈત્યવન્દન, ચોથની સંવત્સરિ, ચૌદશનું ચોમાસી પ્રતિક્રમણ, પક્ખી આદિમાં છીંકનું વર્જન, પક્ખીસૂત્રના બદલે ગૃહસ્થે વંદિત્તુ સૂત્ર, પક્ખી આદિમાં ગૃહસ્થે ખામણાના બદલે નવકાર; સવારે સીમંધર - શત્રુંજયનું ચૈત્યવન્દન, સ્વપ્નો ઉતારવાનું ઘી, ઓઘો-તરપણી - ચોલપટ્ટા વગેરે માટે દોરા - કંદોરા, પાત્રાને લાલ રંગ, ગૃહસ્થને ઉપધાન વિના સૂત્ર ભણવા ભણાવવા, સામાયિક લેવાની હાલની પ્રચલિત વિધિ, શ્રી તીર્થંકરપ્રભુને કચ્છ-અંચલની નિશાની, અચિત્ત પાણી તરીકે ઉકાળેલું જ પાણી - બીજું નહિ, આવી સેંકડો - હજારો બાબતો શાસ્ત્રોના

(૧) असढा इण्णवज्जं, गीयत्थ अवारियं ति आयारा । आयरणा विहु आणत्ति, वयणओ सुबहु मन्नंति ॥ चै. भा. गा. ४९ ॥ (२) जं च न सुत्ते विहियं, न य पडिसिद्धं जणंमि चिर रुढं, समई विगिप्पियदोसा, तंपि न दुसंति गीयत्था ॥ ध. प्र. गा. ९९ (३) पंचविहे ववहारे पन्नते, तंजहा – आगमे, सुत्ते, आणा, धारणा, जीए । (શ્રી સ્થાનાંગસૂત્ર, શ્રી ભગવતીજી સૂત્ર, શ્રી વ્યવહારસૂત્ર)



Scanned by CamScanner

પાને-પાના ફેરવીશ - તો ય ક્યાંય નહીં મળે. આવા વિષયો વિશે પૂર્વાચાર્ય ભગવંતોએ 'पूर्वाचार्याचरणैव', 'गीतार्थाचरणं', 'जीतव्यवहार:', 'गीतार्थाचीर्णतया', 'परंपरया', इति वृद्धाः આવા શબ્દો હીરપ્રશ્ન, સેનપ્રશ્ન, સામાચારી પ્રકરણ વગેરે ગ્રંથોમાં ઠેક ઠેકાણે ટાંકેલા છે, જેમાં શાસ્ત્ર (આગમ) નું નામ નિશાન નથી. મતલબ કે શાસ્ત્રના શબ્દો માંગનાર નવામતીવર્ગ પણ શાસ્ત્રના શબ્દો વિના આ બધી પરંપરા અવશ્ય માને છે. તો સવાલ એ છે કે 'ચોમાસામાં શત્રુંજયની યાત્રા ન થાય' આ પરંપરાને માનવામાં એમને શી હરકત આવે છે?

એક હકીકત કહું શ્રેયસ્ ! પરંપરાના પાલન માટે તો આ. શ્રી રામચન્દ્રસૂરિજીએ પણ **ધર્મરત્નપ્રકરણના** પ્રવચનમાં સ્પષ્ટ કહ્યું છે કે ''[(૧)] પૂર્વ સૂરિઓ સંવિગ્ન, ઉત્તમ ગીતાર્થ અને વિધિના રસિક હતા. તેમણે જે આચરિતને દુષિત કર્યુ નથી તેને એવો કયો માણસ વર્તમાન કાળે નિષેધ કરી શકે ? જો તે વિશિષ્ટ શ્રુતજ્ઞાન કે અવધિજ્ઞાન વગેરે અતિશય જ્ઞાનવાળો નથી તો ન જ કરી શકે અને જો હું તે આચરિતને દુષિત કરું - તો પૂર્વ - પૂર્વતર ઉત્તમ આચાર્યોની આશાતના કરનાર થાઉં - એ ડર જેને હોય તે એવો નિષેધ ન કરી શકે.''

શ્રેયસ્ ! આ. રામચંદ્ર સૂ. મ. ના કથન દ્વારા વિચાર કર. પૂર્વે ઘણાં સંવિગ્ન ઉત્તમ ગીતાર્થ, વિધિના રાગી આચાર્ય ભગંવતો થઈ ગયા. પણ કોઈએ ચોમાસામાં યાત્રા ન કરવાની પરંપરાએ અયોગ્ય કહી નથી અથવા આ પરંપરા યાત્રાનો અંતરાય પાડનારી છે એવું પણ કહ્યું નથી. વળી પૂર્વ જેવું શ્રુતજ્ઞાન કે અવધિજ્ઞાન જેવું અતિશય જ્ઞાન પણ આજે નથી. તો કયો એવો આત્મા અદુષિત પરંપરાને દુષિત કરે ? આ. રામચંદ્રસૂરિજીના કથન અનુસાર પૂર્વ-પૂર્વતર ઉત્તમ આચાર્યોની આશાતનાનો ડર ન હોય તે જ એવી પરંપરા દુષિત કરે. ભલેને સ્વયં હોય.

વળી ધર્મરત્નપ્રકરણની ૯૯મી ગાથાના માધ્યમે આ. શ્રી રામચંદ્રસૂરિજીએ જણાવ્યું હતું કે 'જે બાબતનું સૂત્રમાં વિધાન ન હોય, અને નિષેધ પણ ન હોય. અને લોકમાં લાંબા કાળથી પરંપરા ચાલતી હોય, તે ક્યારથી ચાલી તેની ખબર પણ ન હોય, આવી પરંપરાને સંસારભીરું ગીતાર્થો દુષિત કરતા નથી. એટલે કે અયોગ્ય છે એમ બીજાને

(૧) આધાર : સિદ્ધગિરિ તથા શાસ્ત્રાજ્ઞાને સ્પષ્ટ કરનારી પ્રશ્નાવલી ભા. ૧ તથા ૨. સં. ૨૦૨૫ લે. પૂ.સુમિત્ર વિજયજી મ.



Scanned by CamScanner

ઉપદેશતા નથી''

શ્રેયસ્ ! આ હકીકત પર પણ વિચાર કર. ચોમાસામાં શત્રુંજયની યાત્રા માટે શાસ્ત્રપાઠ સિવાય આ. શ્રી રામચંદ્રસૂરિજી મ. ના વચન પ્રમાણે વિચારીએ તો પણ : લોકમાં લાંબા કાળથી પરંપરા ચાલે છે કે 'ચોમાસામાં શત્રુંજયની યાત્રા ન થાય'. સમજી લ્યો આ પરંપરા ક્યારથી ચાલી તેની ખબર નથી. (આમ તો અસંખ્ય વર્ષથી ચાલું છે.) તો આ. રામચંદ્ર સૂ. મ. ના કહેવા પ્રમાણે કયા સંસારભીરુ ગીતાર્થ આ પરંપરાને દુષિત કરે.. ? યા પરંપરા તોડવાનો ઉપદેશ દે... ? હા; જે પાપભીરું (સંસારભીરું) ન હોય તે જ.

આગળ કહું શ્રેયસ્ ! આ જ ધર્મરત્ન પ્રકરણની ૮૪મી ગાથામાં આ. શ્રી રામચંદ્ર સૂરિ મ. જે સ્પષ્ટ કહ્યું છે કે 'જે બાબતનો સૂત્રમાં સર્વથા નિષેધ ન કર્યો હોય અને જે જીવવધનો હેતુ ન હોય તે સઘળું ય અનુષ્ઠાન ચારિત્રવંત સાધુને પ્રમાણભૂત છે.''

વિચાર શ્રેયસ્ ! ચોમાસામાં યાત્રા ન કરવાની પરંપરાનો ક્યાંય નિષેધ નથી. અને ચોમાસામાં યાત્રા ન કરવામાં જીવવધનો હેતું પણ નથી. બલ્કી, યાત્રા કરવામાં જીવવધનો મોટો હેતું છે. તો ચોમાસામાં યાત્રા ન કરવાનું અનુષ્ઠાન નવામતી વર્ગને પ્રમાણભૂત ખરું કે નહીં. (ચારિત્રવંત હોય તો...) પોતે જ પોતાના શબ્દ ઉડાવીને ચોમાસાની પ્રાચીન પરંપરા તોડવા યા જીવવધની ભારે વિરાધના ઉઠાવવા તૈયાર હોય તો કોણ રોકી શકે ?

શ્રે. : પણ મહારાજજી ! પરંપરા કઈ રીતે પ્રાચીન છે ? સમજાવશો ?

મ. જી. : શ્રેયસ્ ! આ પરંપરા સેંકડો - હજારો વર્ષોથી પ્રાચીન નહિ - પણ અસંખ્ય વર્ષોથી પ્રાચીન છે. સમજવું જ છે - તો ચાલ તને ક્રમશઃ ૧૨ મુદ્દાઓ દ્વારા સમજાવું.

(૧) ૨૦૦-૨૫૦ વર્ષનો ઈતિહાસ આજે પણ આ. ક. પેઢીમાં સચવાયેલો છે, જેમાં ચોમાસામાં શત્રુંજયની યાત્રા ન થાય તેવા પુરાવાઓ છે.

(૨) ચોમાસામાં શત્રુંજય ગિરિરાજ ઉપર દાદાની પૂજા વગેરે માટે ઘી બોલાતું નથી. જો ચોમાસામાં ઉપર ચઢાતું હોત તો દેવદ્રવ્યની આવકમાં બાધા પહોંચે તેવી પ્રવૃત્તિ કોઈ કરે ખરા ? એટલે જો ચોમાસામાં યાત્રા થતી હોય તો ઉપર ઘી બોલાતું હોત.

(૩) ચોમાસામાં શત્રુંજય ગિરિરાજ ઉપર પૂજા વગેરે માટે શેષકાળ જેવી કોઈપણ



Scanned by CamScanner

સગવડ અપાતી નથી.(જેમકે, ઘસેલું તૈયાર ચંદન, કેશર, પાસ સીસ્ટમ વગેરે)

(૪) ચોમાસામાં દર વર્ષે તલેટીએ પેન્ટીંગ કરેલ બોર્ડ મુકવામાં આવે છે કે ''ચાતુર્માસ ચાલતું હોવાથી શ્રી ગિરિરાજની યાત્રા બંધ છે. તથા પૂજાના ચઢાવા પણ બંધ છે અને એથી કેશર સુખડની વ્યવસ્થા રાખેલ નથી.'' હિન્દીભાષામાં પણ આવું બોર્ડ મુકવામાં આવે છે. (આ પુસ્તકની પાછળ ટાઈટલ પેજ ૪ પર આ લખાણનો ફોટો મુકેલો છે.)

(૫) આંગી વગેરે માટેના લાભ માટે ચોમાસાની કાયમી તિથિ નથી નોંધાતી.

(૬) ચોમાસામાં ચારેય મહિના ભાતાખાતું બંધ રહે છે.

શ્રેયસ્ ! અહીં એક જાણવા જેવી હકીકત છે : સાંભળવા પ્રમાણે એક નવામતી આચાર્ય મહારાજે શેઠ શ્રી કસ્તુરભાઈને સોનેરી સલાહ (!) આપતાં કહ્યું હતું કે ''આજના કાળમાં કેટલાક આરાધકો (!) ચોમાસામાં શત્રુંજયની યાત્રા કરે છે અને નીચે ઉતર્યા બાદ અભક્ષ ભેળ વગેરે ખાય છે કે બરફવાળો અભક્ષ શેરડીનો રસ વગેરે પીએ છે.તો તેમના માટે ભાતાખાતું ચાલું હોય તો સારું રહે, આવું અભક્ષ ખાતા તો અટકે ને !'' તે વખતે દીર્ઘદ્રષ્ટા શેઠ શ્રી કસ્તુરભાઈએ કહ્યું હતું કે 'મહારાજજી ! શેષકાળમાં ભાતુ અપાય છે તો પણ સાચી જાત્રા કરવા આવનાર લોકો અભક્ષ પદાર્થ છોડતા નથી. તો ચોમાસાની શી વાત? જો શક્ય હોય તો પહેલા આપ એમ કરો કે 'શેષકાળમાં પાલિતાણામાં લોકોને અભક્ષ ખાતા છોડાવો'.

ટૂંકમાં આવી સોનેરી સલાહ(!)થી ભાતાખાતું ચાલું કરાવી ચોમાસામાં શત્રુંજયની યાત્રા થાય - એવો મહોર શેઠ શ્રી કસ્તુરભાઈ દ્વારા મરાવવો હતો. પરંતુ દીર્ઘદ્રષ્ટા શેઠ શ્રી કસ્તુરભાઈ મક્કમ રહ્યા - ને ભાતાખાતું શરુ ન થયું.

શ્રેયસ્ ! ભાતાખાતાનો લાભ લેવા માટે પડાપડી (હુંસાતુંસી) થાય છે. વર્ષોના નામો નોંધાયેલા રહે છે. છતાં ચોમાસા માટે તો સાવ નન્નો જ ભણાય છે. આ પુરાવો પણ શ્રેયસ્ ! પરંપરાના પહાડને ટકાવનાર છે.

શ્રે. : પણ મહારાજજી ! કા. સુ. ૧ ના દિવસે ભાતું અપાય છે - એવું મેં સાંભળ્યું છે.

મ. જી. : શ્રે. ! ના, આમાં સાવ ગપગોળા છે. કેમકે આવી વાત કહેનાર આ. શ્રી રવિચંદ્ર સૂ. મ. ને શાસનસંરક્ષક પૂ. આ. ભ. શ્રી નરેન્દ્રસાગર સૂરિજી મ. જે એલાન આપ્યું હતું કે જો કા. સુ. ૧ ના દિવસે ભાતું અપાતું હોય તો આ. ક. પેઢી તરફથી બહાર પાડો કે



Scanned by CamScanner

'ભાતુ અપાય છે'. છતાં આજ સુધી તેવો કોઈ પુરાવો બહાર પડ્યો નથી. શેનો બહાર પડે - અપાતું હોય તો ને.... ? શ્રેયસ્ ! આપણે પરંપરાના પુરાવાની વાત ચાલે છે. એમાં આગળ ચાલીએ.

(૭) ચોમાસામાં ચોમાસાના યાત્રિકો માટે પ્રવચન પ્રાયઃ કરીને સવારે રખાય છે. (કદાચ, કોઈક વ્યવસ્થા માટે બપોરે પણ રખાય) કેમકે ચોમાસામાં યાત્રાનો નિષેધ છે. જ્યારે ચોમાસા સિવાયના કાળમાં પ્રવચન પ્રાયઃ કરીને બપોરે રખાય છે - કેમકે સવારનો સમય યાત્રાનો છે.

(૮) અસંખ્યાત વર્ષના ઈતિહાસની દૃષ્ટિએ કોઈએ ચોમાસામાં સંઘ કાઢ્યાનું દૃષ્ટાંત નથી. કદાચ, પૂ. આ. ભ. શ્રી ધનેશ્વર સૂ. મ. જે કહ્યું છે કે 'વૈશાખ કાર્તિક અને ચૈત્રમાસની પૂર્ણિમાએ જેઓ સંઘ લઈને શત્રુંજય આવી આદરથી દાન તપ કરે છે તેઓ મોક્ષસુખને મેળવે છે. [૧]' તો આ કથન પ્રમાણે તેઓશ્રીએ સંઘ સહિત કાર્તિક પૂર્ણિમાને દિવસે શત્રુંજયની વાત કરી છે. આ સાંભળીને અધકચરા જ્ઞાનીને મનમાં થાય કે પૂ. ધનેશ્વરસૂરિજી મ. જે કાર્તિક પૂનમે સંઘ સાથે આવવાની વાત કરી છે, તો સંઘ ક્યારે કાઢવાનો ? ચોમાસા પહેલા જ ને... ? આનો જવાબ સ્પષ્ટ 'ના' જ. જો ચોમાસામાં સંઘ કાઢવાની વાત હોત તો પૂ. ધનેશ્વરસૂરિજી મ. જે કાર્તિક ચૈત્રની વૈશાખની સાથે આસોપૂનમની વાત પણ નોંધી લીધી હોત.

કેમકે ચૈત્ર - કાર્તિક વગેરે પૂનમ કરતાં આસો પૂનમનું મહત્ત્વ વધું છે. આસો સુદ પૂનમે વીસક્રોડ મુનિ મોક્ષે ગયા છે. તે દિવસે સંઘનું મહત્ત્વ વધારે મનાત. પરંતુ પૂ. ધનેશ્વર સૂ. મ. જે આસોપૂનમને ન નોંધી -કેમકે ચોમાસામાં સંઘ ન નિકાળાય.

પૂ. વીરવિજયજી મ. જે ''ચૈત્રી કાર્તિકી પૂનમયાત્રા, તપ જપ ધ્યાનથી પાપ જલાવે'' આમાં પણ આસોપૂનમ ન લીધી.

તો બીજો પ્રશ્ન ખડો થાય કે પૂ. ધનેશ્વર સૂ. મ. ની કાર્તિક પૂનમે સંઘ સહિત આવવાની વાતનું શું ?

**શ્રેયસ્ ! સિદ્ધાંતને સ્થિર રાખીને તર્કો વિચારવામાં સમ્યગ્દર્શન ટકે છે.** એક તરફ

(૧) वैशाख–कार्तिक–मधु–प्रमुखेषु मात्सु, राकासु ये समधिगम्य समं च सङ्घैः ।
श्री पुंडरिकगिरिमादरतो विदध्यु, दानं तपांसि शिवसौख्यभूजो हि ते स्युः ॥ २८॥ : शत्रुंजयमहात्म्यः

કાર્તિક પૂનમે સંઘ યાત્રા દ્વારા આવવાની વાત છે, તો બીજી તરફ ચોમાસામાં યાત્રાનો નિષેધ છે. એનો મતલબ એ કે શત્રુંજયથી થોડા માઈલ દૂરના ગામવાળા આરાધકો કાર્તિકપૂનમના દિવસે સવારે ચતુર્વિધ સંઘ સહિત પૂનમની યાત્રા કરવા પધારે.

શાસ્ત્રના શબ્દોને બેસાડવા માટે શ્રેયસ્ ! શાસ્ત્રજ્ઞાન, પારંપરિકજ્ઞાન તથા સાથે પાપભીરુતા અત્યન્ત જરૂરી છે. નહીંતર ઉલટો અર્થ થઈ જાય ને અનંત સંસાર વધી જાય.

ટૂંકમાં ચોમાસામાં સંઘ નિકળતા નથી એ પુરાવાને અનુલક્ષીને કહી શકાય કે 'ચોમાસામાં શત્રુંજયની યાત્રા ન થાય'

શ્રેયસ્ ! સંઘ એટલે છરીપાલિત સંઘ જ સમજવું. (બસનો ધુમાડીયો સંઘ નહિ)

(૯) ચોમાસામાં શત્રુંજયતીર્થ ઉપર પ્રતિષ્ઠા આદિના દૃષ્ટાન્તો નથી. એ પુરાવો પણ એમ સૂચવે છે કે 'ચોમાસામાં શત્રુંજયગિરિરાજની યાત્રા ન કરાય.' હા; ચોમાસામાં શત્રુંજય તીર્થની યાત્રા કરાવવાના હિમાયતી શત્રુંજયગિરિરાજના શિલાલેખોનો ખોટો અર્થ કરીને સૌને ભરમાવે છે. જેમકે ક્યાંક અન્યત્ર ચોમાસામાં પરમાત્માની અંજનશલાકા થઈ હોય- તો તે તિથિ પરમાત્માની પાટલીમાં પ્રતિષ્ઠા (અંજનશલાકા) તરીકે કોતરાયેલી હોય. હવે ચોમાસા બાદ આ જ પરમાત્માની પ્રતિષ્ઠા (સ્થાપના) ગિરિરાજ પર થાય. તો પાટલીમાં તો અંજનશલાકાવાળા દિવસની જ તિથિ હોય. એથી તેઓ કહે કે 'જુઓ આ દિવસે ઉપર પ્રતિષ્ઠા થઈ છે' હકીકતમાં એ તિથિ અંજનશલાકાના દિવસની હોય છે. વળી, ચોમાસામાં આરાધક યાત્રિકોની અવરજવર ન હોવાને કારણે શત્રુંજય ગિરિરાજ ઉપર મજૂરો દ્વારા દેરીનું બાંધકામ કે સમારકામ કરાવ્યું હોય - તો તે બાંધકામ કે સમારકામ થયેલા દિવસની તિથિને યાત્રા કરાવવાના અર્થમાં લઈ જઈ આરાધક આત્માને ઉન્માર્ગે લઈ જાય છે.

શ્રેયસ્ ! આ બધા શિલાલેખોની વાસ્તવિકતા પૂ. આ. ભ. **શ્રી નરેન્દ્રસાગર સૂ.** મ. તથા પૂ. આ. ભ. **શ્રી અશોકસાગર સૂ.** મ. દ્વારા પ્રકટ કરાયેલ છે, છતાં તેઓ શિલાલેખોના ખોટા અર્થવાળી રીજેક્ટ કેસેટ વારંવાર વગાડી રહ્યા છે. હું તને એ બધા શિલાલેખોની વાસ્તવિકતા આગળ (પેજ નં. ૪૮ ઉપર) સમજાવું છું. તાત્પર્ય : શિલાલેખોનો આધાર એ પણ પ્રબળ પુરાવો છે કે ચોમાસામાં શત્રુંજયની યાત્રા ન થાય.

(૧૦) ચોમાસામાં યાત્રા ન થતી હોવાથી ચોમાસામાં ૯૯ પણ કરાવાતી નથી. જો



Scanned by CamScanner

ચોમાસામાં યાત્રા થતી હોત તો 'નવ્વાણુ' શાંતિથી અને સહેલાઈથી (અલ્પ કષ્ટે) થઈ શકત અને કરનારની સંખ્યા પણ વધત. પરંતુ ભગવંતે એવી વિરાધનાવાળા આરાધક(!)ને પસંદ કર્યા નથી. તેથી જ ચોમાસામાં યાત્રાનો નિષેધ છે.

(૧૧) 'ચોમાસામાં શત્રુંજયની યાત્રા થાય' એવું ઉત્સૂત્ર કહેનાર શ્રમણવર્ગ ચોમાસામાં પાલિતાણા રહેવા છતાં એમણે ચોમાસામાં ક્યારે પણ યાત્રા કરી નથી. શું આ પુરાવો કાચો-પોચો છે ? ના, મજબૂત ગણાય. હમણા થોડા વર્ષ (!) પહેલા કેટલાક ઉત્સૂત્ર ભાષિત શ્રમણવર્ગ દુરાચરણ રૂપ ચોમાસામાં શત્રુંજયની યાત્રા કરવા ઉપર ચઢ્યા પણ પાછળથી માફી માંગવી પડી ને એમના ગચ્છાધિપતિ પાસેથી પ્રાયશ્ચિત્ત લેવું પડ્યું. મતલબ ખોટા દુ:સાહસનું ફળ ભોગવવું પડ્યું.

(૧૨) વર્તમાનકાળે નવામતી પક્ષ સિવાય તપાગચ્છનો સમસ્ત સંઘ ચાતુર્માસમાં શત્રુંજયની યાત્રા ન કરવામાં સમર્થ છે. અને તે નવામતી પક્ષ પણ સંપૂર્ણ નહીં - અપૂર્ણ જ. અર્થાત્ નવામતીમાં આ. વિબુધપ્રભ સૂરિ, આ. સોમસુંદરસૂરિ મ. વગેરે પક્ષ ચાતુર્માસમાં યાત્રા ન કરવામાં સમર્થ છે. ખાસ : માત્ર નવામતી : શ્રી રામચન્દ્ર સૂરિ. મ. નો પક્ષ જ યાત્રા કરાવવાના હિમાયતી છે. એથી આગળ કહું તો જે વખતે નવામતી પક્ષ થોડો મોટો હતો અને તે વખતે ચોમાસામાં યાત્રા થાય - એવો પ્રચાર આરંભ્યો હતો. એ વખતે તેમની જ માન્યતાનો શ્રમણવર્ગ પણ તેમની વિરોધમાં હતો. એ વખતે પૂજ્યપાદ આ. શ્રી. ભદ્રંકર સૂ. મ. પણ વિરોધમાં હતા ને પૂ. આ. રાજેન્દ્ર સૂ. મ. (શાંતિચંદ્ર સૂ. મ.ના) પણ વિરોધમાં હતા. પૂ. આ. ભ. શ્રી ભદ્રંકર સૂ. મ. જે પજુષણના અષ્ટાહ્નિકા વ્યાખ્યાનમાં ચોમાસામાં શત્રુંજયની યાત્રાનો નિષેધ કર્યો હતો અને પૂ. આ. શ્રી રાજેન્દ્ર સૂ. મ. જે શાંતિસૌરભના માધ્યમે 'પ્રાણાલિકાનો પહાડ તોડશો નહિ' એ શીર્ષક હેઠળ લેખ લખેલ. પૂ. સુમિત્ર વિજયજી મ. જે 'ચોમાસામાં યાત્રા ન થાય' તે વિશે બે પુસ્તક તથા પત્ર વગેરે બહાર પાડેલ છે. હા; એ વખતે તે સૌ એક જ પક્ષના હતા.

શું શ્રેયસ્ ! આ રીતે આખો તપાગચ્છ - અને આટલા બધા મહાધુરંધર આચાર્યભગવંતો શાસ્ત્ર વિરુદ્ધ ગણવા ? ને એકલ-દોકલ ગણાધીશાળા શાસ્ત્ર સાપેક્ષ માનવા ? ના; બિલકુલ નહિ. નવામતીએ આટલા બધા મજબૂત પુરાવા વિચારીને ચોમાસામાં યાત્રા નિષેધની વાત સ્વીકારી લેવી જોઈએ.

શ્રે. : પણ મ. જી. ! આપશ્રીએ (પેજ નં. ૧૩ ઉપર) કહ્યું હતું કે 'શાસ્ત્રસંબંધિ હકીકતો



Scanned by CamScanner

ને હું તને આગળ કહું છું. તો હવે ચોમાસામાં યાત્રા ન થાય - એ સંબંધિ શાસ્ત્રદ્રષ્ટિએ કાંઈક કહોને... જેથી શાસ્ત્ર સાપેક્ષતાનો ખ્યાલ આવે.

મ. જી. : હા, શ્રેયસ્ ! ચાલ, ત્યારે તે સંબંધિ વિચારીએ. હાલ તને મુખ્ય પચ્ચીશ **શાસ્ત્રપાઠ** તથા તેની અંતર્ગત બીજા પણ શાસ્ત્રપાઠ દ્વારા સમજાવું છું.

(૧) તને ખ્યાલ હોય તો શ્રાવકના **પાક્ષિકાદિ અતિચારમાં** છટ્ઠે દિગ્પરિમાણ વ્રતમાં શબ્દો આવે છે કે **'વર્ષાકાલે ગામતરું કીધું'** મતલબ : ચોમાસામાં (વર્ષાકાળમાં) એક ગામમાંથી બીજા ગામમાં ન જવાય. કેમકે બીજે ગામ જતાં વચમાં લીલ-ફુગ-નિગોદ-લીલોતરી કે ત્રસ જીવોની પ્રચુર વિરાધના થાય છે. હવે બીજે ગામમાં જ ન જવાય- તો પર્વત ઉપર તો શેનું જવાય જ... આ તો સાવ કોમનસેંસ છે.

શ્રેયસ્ ! જૈનશાસનમાં જીવોની યતનાનું જબરજસ્ત મહત્ત્વ છે. (૨) શ્રી મહાનિશિથ [૧] સૂત્રમાં ગત ત્રેવીસમી ચોવીસીનું દૃષ્ટાંત ટાંક્યું છે. બેઈન્દ્રિયજીવને પોતે હાથથી કે પગથી કે સળી વગેરેથી સામાન્ય સંઘટ્ટો કરે, કરાવે યા અનુમોદે - તેને તે કર્મ જ્યારે ઉદયમાં આવે ત્યારે શેરડીના ટૂકડાની માફક યંત્રમાં પીલાતા છ મહિને ખપે. ગાઢ સંઘટ્ટો કરે - કરાવે - અનુમોદે તો બાર મહિને ખપે, અગાઢ પરિતાપ ઉપજાવે તો હજાર વર્ષે, ગાઢ પરિતાપ ઉપજાવે દશહજાર વર્ષે, અગાઢ કિલામણામાં એક લાખ વર્ષે, ગાઢ કિલામણામાં દશલાખ વર્ષે, ઉપદ્રવમાં ક્રોડ વર્ષે. આ રીતે આગળ વધવાનું. આ વાત તે જીવોને પડતા દુઃખને કારણે થઈ. પરંતુ હિંસા કરે તો... ??? તો તો જબરજસ્ત પાપ લાગે.... જે ભોગવતા છોંતરા ઉખડી જાય. આવી જીવોત્પત્તિ ચોમાસામાં વધારે હોય. જેથી શત્રુંજય પર ચઢાય જ શી રીતે...

(૩) જીવ વિરાધનાને અનુલક્ષીને ધર્મરત્ન પ્રકરણમાં પાઠ છે કે : "[૨] સૂત્રમાં જે કાર્યનો સર્વથા નિષેધ કરેલ ન હોય. અને જે કાર્ય જીવવધના કારણરૂપ ન હોય - તે દરેક પ્રવૃત્તિઓ કે અનુષ્ઠાન ચારિત્રવંત આત્માને પ્રમાણભૂત છે" શ્રેયસ્ ! ચોમાસામાં યાત્રા કરવા જવું તે એકાંતે જીવવધનું કારણ છે. જેથી ચોમાસામાં યાત્રા કરવી - તે આ પાઠ દ્વારા પ્રમાણભૂત નથી.

(૪) જયણાધર્મના પાલન માટે ચૌદપૂર્વધર પૂ. શ્રી ભદ્રબાહુસ્વામિજીએ રચેલ

(૧) સિદ્ધગિરિ તથા શાસ્ત્રાજ્ઞાને સ્પષ્ટકરનારની પ્રશ્નાવલી ભા. ૧ તથા ૨. પૂ. સુમિત્રવિજય મ.

(૨) जं सव्वहा न सुत्ते, पडिसिद्धं नेव जीववह हेऊ । तं स पमाणं, चरित्तधणाण भणियं च ॥८४॥



Scanned by CamScanner

**બૃહતકલ્પસૂત્રની**[1] **લઘુભાષ્ય નિર્યુક્તિમાં** ફરમાવેલ છે કે : ક્રોધ કષાયવાસિત સાધુ બીજા સાધુ સાથે ઝઘડો કરીને બીજે ગામ ચાલ્યો ગયો છે. ત્યારબાદ[2] વર્ષાઋતુમાં પર્યુષણ નજીક આવ્યે છતે તે સાધુ 'મેં ખમાવ્યા નથી તો મારું સંવત્સરી પ્રતિક્રમણ કેમ શુદ્ધ થશે ? એમ વિચારી જેની સાથે ઝઘડો થયો છે તે સાધુને ખમાવવા માટે તે સાધુ જે ગામમાં હોય - તે ગામમાં જાય તો તે શુભનિમિત્તનું કારણ છે, છતાં **વર્ષાઋતુના કારણે** ત્યાં ખમાવવા આવવાનું - આ સૂત્રથી નિવારણ કરેલ છે.'

શ્રેયસ્ ! જૈનશાસનનો સાર ક્ષમાપના છે. 'उवसमसारं खु सामण्णं' ક્રોધને ઉપશમાવવામાં ખરી સાધુતા છે. પર્વાધિરાજ પજુસણનું મૂળ ક્ષમાપના છે. ક્ષમાપનાની તૈયારી માટે બાકીના ૭ દિવસ છે. ૮ મેં દિવસે ક્ષમાપના છે. આવું જબરદસ્ત મહત્ત્વ ક્ષમાપનાનું હોવા છતાં એ ક્ષમાપના - ખમાવવા માટે વર્ષાઋતુના કાળમાં ગમનાગમન કરવાની પૂ. ભદ્રબાહુ સૂરિજી મ. ના પાડે છે. કેમકે એવા ગમનાગમનમાં ષટ્કાયજીવની વિરાધના છે. જો એ માટે ગમનાગમન કરે તો પ્રાયશ્ચિત્ત બતાવ્યું છે. પછી ચોમાસામાં શત્રુંજય ઉપર તો જવાય (ગમનાગમન કરાય) જ કેમ ? ન જ જવાય.

(૫) આવી જ વાત શ્રેયસ્ ! **પંચવસ્તુક**[3] નામના ગ્રન્થમાં પણ ફરમાવી છે.

(૬) શ્રેયસ્ ! **પર્યુષણના ત્રીજા દિવસે** ઉદયનરાજાની વાત આવે છે. ઉદયનરાજા માલવામાં ચંડપ્રદ્યોતન રાજાને હરાવી કેદમાં પૂરીને પોતાના નગર તરફ આવી રહ્યા છે. ને વચમાં જ ચોમાસું બેસી જતાં તે ઉદાયનરાજા માલવપ્રાંતમાં જ ધૂળના કિલ્લા બનાવવા પૂર્વક દશપુર નગર વસાવીને ત્યાંજ ચોમાસું પૂર્ણ કરે છે.પરંતુ ચોમાસામાં ગમનાગમન (ગામતરું) કરતા નથી. પર્યુષણમાં ચંડપ્રદ્યોતન સાથે ક્ષમાપના કર્યા બાદ

---

(૧) नो कप्पइ निग्गंथाण वा निग्गंथीण वा वासावासास चरणं, આ પદની.

(૨) "तत्र च वर्षापर्युषणकाले समायाते सति अधिकरणं मया न क्षमितं, अतः कथं मे सांवत्सरिक प्रतिक्रमणे विधीयमानं शुद्धिमेष्यति ? इति परिभाव्य यत्र द्वितीय साधुश्चतुर्मास्यां स्थितोऽस्ति तत्राधिकरणं क्षमयितुं कश्चिद्गच्छति तच्च तदीयं तत्र गमनं शुभमपि वर्षवर्षासु अनेन सूत्रेण वारयतीति॥"

(૩) "यदी वा पूर्वमनुपशांतः सन् अन्यत्र ग्रामादौ गतस्तत्र च स्वयमन्योपदेशेन वा 'क्षमयिष्याम्यहं तं 'साधु'मिति, परिणाममुपगतो भूयस्तत्रैव ग्रामे व्रजति तच्च गमनमनेन सूत्रेण वर्षासु प्रतिषिध्यते..."



Scanned by CamScanner

પણ ચોમાસું પૂર્ણ થયા પછી જ ઐશ્વર્ય આપવા પૂર્વક તેને રવાના કરે છે.[1]

શ્રેયસ્ ! રાજા જેવો રાજા શત્રુરાજાના રાજ્યમાં પણ ચોમાસાની મર્યાદાઓ બરોબર પાળે છે. ને સાધુ મહારાજા (!) ચોમાસામાં ગમનાગમનરૂપ શત્રુંજયની યાત્રાની છૂટ આપે-ઉપદેશ આપે-પ્રેરણા કરે તે કેવું અજુગતું લાગે?

શ્રે.:પણ મ. જી.! જે ગૃહસ્થો ધંધાર્થે ચોમાસામાં ગમનાગમન કરતા જ હોય તો?

મ. જી. : શ્રેયસ્ ! કો'ક માણસ કોટુમ્બિક ફરજને કારણે મજબૂરીવશાત્ પાપ કરતો હોય તો શું બીજા પણ પાપોની એને છૂટ થઈ જાય ? ભલેને ધર્મનું કારણ પણ કેમ ન હોય. ના; એમ છૂટ ન મળે શ્રેયસ્ ! **અષ્ટક પ્રકરણની** વૃત્તિમાં પણ સ્પષ્ટ કહ્યું છે કે "[2] જો કે કુટુંબ આદિના કારણે ગૃહસ્થ સાવદ્યમાં પ્રવર્તે છે તો પણ તે ગૃહસ્થે ધર્મના માટે તેવા સાવદ્ય પાપારંભમાં પ્રવર્તવું ન જોઈએ. કારણકે 'એક પાપ આચર્યું તેને બીજું પણ પાપ આચરવું' એવું નથી" તમે તમારો પૈસો શેરોમાં રોકો જ છો તો પણ ધાર્મિક સંસ્થાનો પૈસો શેરોમાં ન જ રોકાય.

શ્રે. : પરંતુ મ. જી. ! જે માણસ દિલ્હી - કલકત્તા જેવા દૂરના દેશથી ધંધા માટે રખડતા રખડતા પાલિતાણાની આસપાસ આવે - ને યાત્રા કર્યા વિના પાછો જાય. તો કેટલું દુ:ખ થાય.. ?

મ. જી. : શ્રેયસ્ ! નિયમ બધા માટે સરખા હોય.. આમાં દૂર-નજીકનું જોવાનું નથી. યાતો આમાં એવી બેવકૂફી ભરી દયા પણ વિચારવાની નથી. નહીંતર શેષકાળમાં દૂર - સુદૂરથી ૧ દિવસ માટે બેન કદાચ પાલિતાણા આવતાં જ એમ.સી.માં બેસી જાય - તો એવી દયાને આશ્રયીને શત્રુંજય યાત્રાની છૂટ આપવી પડે. વળી બીજું કહું - જો આટલા બધા દૂરથી **ધંધાર્થે** આવનાર માણસને છૂટ આપીએ તો જે માણસ ચાર મહિના માટે પોતાનો સમસ્ત ધંધો છોડીને - પરિવારને છોડીને **માત્ર આરાધના માટે જ** પાલિતાણા ચોમાસું કરવા આવતો હોય. તેને યાત્રાની કે નવ્વાણુની છૂટ ન અપાય ? પેલો ધંધા માટે દૂરથી આવીને યાત્રા કરવા માંગે છે. તો આ માત્ર આરાધનાના લક્ષથી જ આવેલો છે. આરાધનાના લક્ષથી આવેલાને આરાધનાથી વંચિત રખાય ? જો ધંધાર્થીને છૂટ

(૧) याते घनऋतौ तस्मिनैश्वर्यार्पणपूर्वकं ।प्रेष्य प्रद्योतनात्मीयं, स्थानमाप उदायनः ॥१॥

(૨) "ननु यद्यपि कुटुम्बाद्यर्थं गृही सावद्ये प्रवर्तते तेन धर्मार्थं तत्र न प्रवर्त्तितव्यं स्यात्, यतो 'नैक पापमाचरितमित्यन्यदप्याचरितव्यं स्यात्।"



Scanned by CamScanner

આપીએ - તો આરાધકને મનમાં એમ જ થાય - કે આપણે આવી રીતે બહારથી આવ્યા હોત તો ગિરિરાજની મહાન યાત્રાની છૂટ મળત... ચોમાસુ કરવા આવ્યો પણ યાત્રાનો મહાન લાભ તો ન મળ્યો. ત્રીજી વાત શ્રેયસ્ ! એ કે પાલિતાણામાં બહારથી યાત્રા કરવા આવનાર બધા માણસો શું ધંધા માટે જ ફરતાં ફરતાં અહીં આવ્યા હોય છે કે સ્પેશ્યલ યાત્રા માટે જ... ? કે પછી યાત્રાનો નવો ધંધો શરૂ કરવા માટે ? ચોથીવાત શ્રેયસ્ ! એ કે ચોમાસાના દિવાળી વગેરે દિવસોમાં નવરાશ વધુ હોય - તેથી આવતા હોય - તો શું એ નવરાશનો ઉપયોગ ભગવાનની આજ્ઞાના લોપ માટે કરવાનો? નવરાશના ઉપયોગ માટે ભગવાનની આજ્ઞા પર ખંજર ભોંકવાનું ?

શ્રે. : પરંતુ મ.જી ! તે યાત્રિકો બીજા તીર્થોમાં તો જાય છે. તે વિશે કેમ કોઈ કશું કહેતા નથી. ને માત્ર શત્રુંજય માટે જ વિરોધ ?

મ. જી. : શ્રેયસ્ ! તને ચોક્ખા શબ્દોમાં - સાવ સાદી ગુજરાતી ભાષામાં કહી દઉં કે ચોમાસામાં પોતાના ગામની બહાર ક્યાંય પણ ન જવાય.... સૌથી પહેલાં જ તને મેં અતિચાર સૂત્રનો પાઠ આપી બતાવી દીધું ને ફરી આ કહ્યુ. વળી આગળ, કોઈપણ તીર્થની યાત્રા માટે પોતાનું ગામ છોડી બહાર ન જવાય. પાપભીરુ સમસ્ત સાધુની આ માન્યતા અને ઉપદેશ(પ્રરૂપણા) છે. સમજ્યો શ્રેયસ્ ? અને શત્રુંજયના વિરોધ માટે વિશેષ કારણ એ કે (૧) શત્રુંજય એ મહાન તીર્થ છે. (૨) બીજા તીર્થની અપેક્ષાએ આ તીર્થની વિરાધનાનું પાપ મહાભયંકર છે. (૩) મહાન લાભની દૃષ્ટિએ ચોમાસામાં આવા મહાન તીર્થની જો યાત્રા ન થાય - તો ચોમાસામાં બીજા તીર્થની યાત્રા તો થાય જ શેની... ? આ સાવ સીધી સાદી સમજ ને ઘર ઘર ને ઘટ ઘટમાં પહોંચાડવા માટે વિશેષ વિરોધ છે.

**(૭) અષાઢ ચોમાસીના વ્યાખ્યાનમાં** સ્પષ્ટ લખ્યું છે કે [૧] કૃષ્ણ મહારાજા અને કુમારપાલરાજાની જેમ **વર્ષાઋતુમાં સર્વ દિશામાં જવાનો નિષેધ ઉચિત છે.** એમાં પણ કારણ જીવદયાનું.

(૮) શ્રેયસ્ ! [૨] ''એકવાર નેમિનાથપ્રભુ વર્ષારાત્ર-ચોમાસા માટે દ્વારીકા નગરી

(१) 'यथा मुख्यवृत्या वर्षाकाले दिग्गमन निषेध उचितः कृष्ण–कुमारपालादिवत् ! यतः 'दयार्थं सर्वजीवानां वर्षास्वेकत्र संवसेत्।' (२) अह बारयइं कइया वासारत्ते पहू समोसरिओ ।पुट्ठो कण्हेण 'मुणी विहरंति न कीस वासासु ?' ॥८४२॥ भणई पहू बहुजीवा पुहई वासासु तेण न चरंति तो विण्हु अंतेउरमज्झे चिर गमइ चउमासं ॥८४३॥ वीरो नाम कुविंदो हरिभत्तो सो पवेसमलभंतो दारं पुइअं वच्चइ न जिमइ हरिदंसणेण विणा ॥८४४॥ वित्ते वासारत्ते रायाणो वीरओ च संपत्ते



Scanned by CamScanner

પધાર્યા. એ વખતે કૃષ્ણ મહારાજાએ પ્રભુને પૂછ્યું 'મુનિ ભગવંતો વર્ષાઋતુમાં કેમ વિચરતાં નથી?' ત્યારે ભગવંતે જણાવ્યું : 'વર્ષાઋતુમાં ઘણાં જીવોની ઉત્પત્તિ થાય છે તેની વિરાધનાના ભયથી વિચરતાં નથી.' તે સાંભળીને કૃષ્ણ મહારાજા નિયમગ્રહણ કરીને અંતઃપુરમાં જ ચોમાસું વ્યતિક્રાંત કરવા લાગ્યા. વીરોશાળવી કે જે કૃષ્ણ વાસુદેવનો ભક્ત છે તે અંતઃપુરમાં પ્રવેશ પામતો નથી. તેથી અંતઃપુરમાં દ્વારની અર્ચા કરે છે અને કૃષ્ણ મહારાજાના દર્શન ન થવાથી જમતો નથી. **વર્ષાઋતુ પૂર્ણ થયે કૃષ્ણવાસુદેવને બીજા રાજાઓ તથા વીરોસાળવી મળ્યા.**" મતલબ કે જીવોની વિરાધનાથી બચવા માટે કૃષ્ણમહારાજા જેવા અવિરતિધર રાજા પણ ગામ બહાર (અંતઃપુરની બહાર) જતાં નથી.

(૮) આવી જ વાત શ્રેયસ્ **ત્રિષષ્ઠીશલાકાપુરુષ**[૧] ચરિત્રમાં પણ લખી છે. ગામ બહાર ન જવાય તો યાત્રા પણ ન જ થાય.

(૯) શ્રેયસ્ ! તને ખબર છે કે ઈતરોમાં અ.સુ.૧૧ને દેવપોઢી અગ્યારસ અને કા.સુ. ૧૧ને દેવઉઠી અગ્યારસ કેમ કહેવાય છે ? **શત્રુંજય મહાત્મ્ય** નામના ગ્રન્થમાં પૂ. શ્રી હંસરત્ન મુનિવરે શ્રી કૃષ્ણમહારાજા જીવહિંસાના ભયથી ચોમાસામાં મહેલની બહાર નિકળતા નથી, એમ કહીને આગળ જણાવ્યું કે [૨] આ કારણથી વર્તમાન કાળે લોકમાં દેવપોઢ્યા છે. તે ચાર માસ પછી જાગશે. અથવા છ માસ સુધી દેવોની રાત્રી છે. (દેવપોઢી અગ્યારસ) આ કહેવત પ્રચલિત થઈ.' મતલબ **કૃષ્ણ મહારાજા ચોમાસામાં મહેલની બહાર નીકળતાં ન હોતા.**

**શ્રે. :** તો મ. જી ! કૃષ્ણમહારાજા દેરાસર નહીં જતા હોય ?

**મ.જી. :** શ્રેયસ્ ! દેરાસર તો રાજમહેલમાં પણ હોય ને. તે સિવાય દેરાસર ઉપાશ્રયની જયણા હોઈ શકે છે. છતાં વીરાશાળવીના પ્રસંગને અનુલક્ષીને વિચારીએ તો

(૧) अन्यदा प्रावडारंभे जगदाप्यायकोऽब्दवत् । द्वारिकायां नेमिनाथ उपेत्य समवासरत् ॥२००॥ शुश्रुषमाणस्तं कृष्णो बभाषे भगवान् कथं । विहरध्वे न वर्षासु यूयमन्येपि साधवः ॥१॥ स्वामी बभाषे वर्षासु नानाजीवाकुला मही । जीवाभयप्रदास्तत्र संचरति न साधवः– ॥ कृष्णोप्युवाच यद्येवं गच्छदागच्छता मया। भूयाज्ञीवक्षयो भूयः परिवारेण जायते ॥३॥ तद्वर्षासु बहिर्गेहान्निः– सरिष्यामि न ह्यहं । अभिगृहणेति गत्वा च कृष्णो वेश्माविशिन्निजं ॥४॥ कस्यापि प्रावृषं यावत्प्रवेशो मम वेश्मनि । न प्रदेय इति द्वाःस्थानादिदेश च शार्गभृत् ॥५॥ (२) ''ततो लोको सांप्रतं हरिः सुप्तः स चातुर्मासिकान्ते जागरिष्यति अथवा षण्मासान् यावद्देवानां रात्रिरस्ति इत्यादि रुढिरभूत्।''



Scanned by CamScanner

બહુલતયા રાજમહેલના જિનાલયમાં જતાં હશે.

(૧૦) શ્રેયસ્ ! કલિકાલ સર્વજ્ઞ પૂ. શ્રી હેમચંદ્રાચાર્ય ભગવંતે જ્યારે પરમાર્હત્ કુમારપાળ મહારાજાને ફરમાવ્યુ કે "[૧]વર્ષાઋતુમાં જળના સમૂહથી સંપૂર્ણ પૃથ્વી જીવોથી ભરેલી હોય છે. તે વખતે પાગલ માણસની જેમ ભમતો આત્મા તે જીવોને હણે છે. જીવરક્ષા માટે કૃતિ એક કોશ જેટલી પૃથ્વીનું ભ્રમણ કરે તો ઘણી હિંસા થાય, માટે વર્ષાઋતુમાં એકજ સ્થાને રહેવું, એથી જ કરીને પૂર્વે શ્રી નેમિનાથપ્રભુના ઉપદેશથી કૃષ્ણમહારાજાએ વર્ષાઋતુમાં 'ભ્રમણ નહિ કરવાનો' નિયમ લીધો હતો." આ સાંભળીને શ્રી કુમારપાળ મહારાજાએ નિયમ લીધો કે હું વર્ષાઋતુમાં કોઈપણ સ્થળે ગમનાગમન કરીશ નહી. તેમજ જિનચૈત્યોના દર્શન અને ગુરુવંદનના કાર્ય સિવાય પ્રાયઃ પાટણમાં રાજધાનીમાં પણ વર્ષાઋતુનું આગમન થયા પછી હરવા ફરવાનું બંધ રાખીશ" અહીં પણ શ્રેયસ્ ! કુમારપાળ મહારાજાએ તીર્થયાત્રાની છૂટ નથી રાખી. કેમકે બહારગામ જવામાં વધુ વિરાધના છે. માટે ચોમાસામાં શત્રુંજયની યાત્રાર્થે પણ ન જ જવાય.

(૧૧) શ્રેયસ્ ! શ્રી અજિતનાથ તથા શ્રી શાંતિનાથપ્રભુએ ગિરિરાજ પર ચોમાસું વ્યતીત કર્યું છે : પરંતુ આશ્ચર્ય એ છે કે ચોમાસાના ચારેમાસમાંથી એકપણ દિવસ શ્રી અજિતનાથ ભગવાને દેશના આપી નથી.

શ્રે. : શું વાત કરો છો મહારાજજી ! આ વિશે મેં તો એવું સાંભળ્યું છે કે શ્રી તીર્થંકર મહારાજાએ શત્રુંજય ગિરિરાજ પર ચોમાસું કર્યું હતું. તો શું તેઓ દેશના નહિ દેતાં હોય? મતલબ, દેતાં જ હશે. કેમકે, તીર્થંકર પરમાત્મા કેવળી બન્યા પછી હંમેશા નિયમા બે પ્રહરની દેશના દેતાં જ હોય છે. અને દેશના દેતાં હોય એટલે માનવ મેદની પણ દેશના સાંભળવા માટે શત્રુંજયગિરિરાજ પર ચઢ-ઉતર કરે જ.

મ.જી : શ્રેયસ્ ! આ વાત સાવ હંબગ છે. ભગવાને ગિરિરાજ પર ચોમાસું કર્યું હોવા છતાં એક પણ દિવસ દેશના દીધી નથી.

શ્રે. : શું મહારાજજી ! આ વાત શાસ્ત્રીય છે... ?

---

(૧) वर्षतौ जलोघैः स्या–दिलाजीवा कुलाखिला । तत्र देहि भ्रमन् हंतितानुन्मत्तलुलायवत् ॥१॥ मिथ्यात्विनोपि जल्पंति, जीवरक्षाकृते कृती।कोशमात्री भ्रमन् धात्रीं वर्षास्वेकत्र संवसेत् ॥२॥ अत एव पुरा श्रीमन्नेमिनाथोपदेशतः ।कृष्णो नियमयामास, वर्षारात्रे बहिर्भ्रमम् ॥३॥



Scanned by CamScanner

મ. જી. : હાસ્તો શ્રેયસ્ ! **શ્રી શત્રુંજય મહાત્મ્યમાં** લખ્યું છે કે : ''[1] એ રીતે ચોમાસાનો કાળ જાણીને દેવતાઓથી પરિવરેલા શ્રી અજિતનાથ પ્રભુ, મુનિવરોની સાથે તે જ સિદ્ધગિરિના 'સુભદ્રગિરિ' નામના શિખર ઉપર ચાતુર્માસ રહ્યા ॥૧॥ કેટલાક મુનિઓ ગુફામાં, કેટલાક મુનિઓ સર્પબીલની બાજુમાં ચોમાસું રહ્યા ॥૨॥ જ્યારે ભગવંત માટે ઈન્દ્રોએ મંડપ બનાવ્યો.તે મંડપમાં ભગવાને **'ધ્યાન્ અવસ્થામાં રહીને'** ચોમાસી કાળને વ્યતીત કર્યો ॥૩॥ તે વર્ષાકાળમાં પ્રભુની ઉપાસનાથી' કેટલાક જીવો સમ્યક્ત્વ પામ્યા. કેટલાક જીવો ભદ્રક પરિણામી બન્યા અને કેટલાકે જીવહિંસા છોડી દીધી''

સાંભળ્યું શ્રેયસ્ ! આમાં ક્યાંય દેશના આપ્યાની વાત જ નથી. આમાં તો ધ્યાનસ્થ અવસ્થાની વાત છે. વળી, માનવમેદનીની અવરજવર પણ નથી અને માનવની અવર-જવર ન હોવાથી માત્ર તિર્યંચ સમ્યક્ત્વ પામ્યાની વાત છે, મનુષ્ય નહિ.

શ્રે. : મ. જી ! આમાં માત્ર 'તિર્યંચો જ' એવું ક્યાં લખ્યું છે?

મ.જી. : શ્રે. ! વાહ ! તારી દૃષ્ટિ ચકોર છે. ક્ષયોપશમ તેજ છે. તારી વાત સાચી. પણ અહીં પ્રભુની ઉપાસનાથી સમ્યક્ત્વ, ભદ્રકપરિણામી, જીવહિંસાત્યાગરૂપ જે ફેરફાર થયો છે - તે ફેરફાર તિર્યંચોને અનુલક્ષીને સમજવાનું છે. કેમકે ઉપર મનુષ્યની અવર-જવર જ નથી અને પૂ. સાધુ ભગવંતો ગુફા આદિમાં છે. જો મનુષ્ય પણ હોત તો વ્રતગ્રહણ કર્યા કે એવી બીજી પણ કોઈક વાત બતાવી હોત. અને તે સિવાય શ્રેયસ્ ! મનુષ્યની વાત શાસ્ત્રમાં હોય તો બતાવ. હું તને આગળ **શત્રુંજયકલ્પનો** પાઠ બતાવું છું. તેમાં તો સ્પષ્ટ તિર્યંચની વાત કરી છે. માટે હું અહીં પણ તિર્યંચ અર્થ જ ગ્રહણ કરું છું. ઠીક,

શ્રેયસ્ ! શ્રી તીર્થંકર પરમાત્મા શત્રુંજયની મર્યાદાને વફાદાર રહેતા હોય ત્યારે તેમના અનુયાયીઓ આવી મર્યાદાના હિમાયતી ન બને અર્થાત્ એ મર્યાદાનો લોપ કરનાર બને કે બેફામ વર્તે - ચોમાસામાં શત્રુંજયની યાત્રા માટે છૂટ આપે. એમને શાસનમાં રહેવાનો કે રાખવાનો અધિકાર જ શેનો ?

શ્રી મહાવીર પરમાત્માએ જે ભૂમિ ઉપર શાસન સ્થાપ્યું - તે પવિત્ર તીર્થસમી

(૧) इत्थं वर्षाभरं ज्ञात्वा, स्वामी तैर्मुनिभिः समं । अस्थात् शृंगे सुभद्राख्ये, तस्मिन्नैव सुरैर्वृतः ॥१॥ निषेदुः कन्दरास्त्वेके, परे सिंहगुहासु च केचित्सर्पबिलस्याग्रे, मुनयो नियमेन ते ॥२॥ मंडपं स्वामिने चक्रुस्तत्रोत्तुंगं सुरेश्वराः । तत्र ध्यानात् जगत्स्वामी चातुर्मासीलंघयत् ॥३॥ तत्रापुः केऽपि सम्यक्त्वमन्ये भद्रक भावतां जीवहिंसा जहुः केचिज्ञीवा जिननिषेवणात् ॥४॥



Scanned by CamScanner

અપાપાપુરીનગરીમાં ચોમાસામાં દેશના આપે છે. પરંતુ અજિતનાથ ભગવંત પવિત્રતમ એવા શત્રુંજયગિરિ તીર્થ પર ચોમાસામાં એક પણ દિવસ દેશના નથી આપતા. કેમકે આ તીર્થ અતિમહાન છે. એની મર્યાદાનું ઉલ્લંઘન તો હરગીઝ ન જ કરાય.

જો જે શ્રેયસ્ ! આ બધા શત્રુંજય મહાત્મ્યના સાચા શાસ્ત્રીય શ્લોકોના અર્થો છે. સાચા મૂળ શ્લોકો નીચે ટીપ્પણમાં બતાવેલ છે.

શ્રે. : અરે મહારાજજી ! આ તો સંસ્કૃત શ્લોકો છે. તે તો સાચા જ હોય ને, એમાં કોઈ બેમત જ ન હોય.

મ. જી. : શ્રેયસ્ ! આ તારી શ્રદ્ધા સાચી. પણ એક સન્માર્ગ નામના મેગેઝીનના બીજા વર્ષના ૪થા અંકમાં પૃષ્ઠ નં. ૪ ઉપર જે ત્રણ શ્લોક [૧] ટાંક્યા છે. તે નવરચિત સ્વરચિત છે અને ભૂલો સહિત છે. એને પ્રાચીન બતાવવા માટે શ્લોકની પૂર્ણાહૂતિમાં યા વિવેચનમાં પોતાનું નામ સુદ્ધાં આપ્યું નથી.

એટલે મારા મોઢામાંથી શબ્દો સરી પડ્યા કે 'સાચા શાસ્ત્રીય શ્લોકો છે'. મૂળવાત શ્રેયસ્ ! શત્રુંજય પર શ્રી અજિતનાથ ભગવંતે ચોમાસું કર્યુ હોવા છતાં દેશના દીધી નથી.

(૧૨) હા; **શત્રુંજય લઘુકલ્પ**માં શ્રી અજિતનાથ ભગવાનના ચોમાસાની સાથે એવું જાણવા મળશે કે " [૨]ત્યાં રહેલા પ્રભુની વાણી સાંભળીને વાઘ આદિ જીવોએ વૈરને છોડી દીધું. એટલું જ નહિ, પરંતુ આદર પૂર્વક અણસન સ્વીકારીને અને પ્રભુની વાણી સાંભળીને સ્વર્ગમાં ગયા. ત્યાંથી આવ્યા બાદ એક-બે-ત્રણ વગેરે સુંદર ભવો કરી મનુષ્યપણું પામીને તે આત્મા મોક્ષગતિ પામશે"

અહીં શ્રેયસ્ ! વાણી મતલબ દેશના નહિં - પંરતુ 'બુજ્ઝ બુજ્ઝ ચંડકૌશિક!' જેવો હિંસાદિ ત્યાગનો ઉપદેશ. કેમકે જો દેશના હોત તો સો ટકા મનુષ્યો પણ હોત જ. કેમ કે

(૧) द्रव्यं क्षेत्रं च कालं च, भावं प्राप्य जिनोदितम् ।आराध्यो धर्म एवैको, मुक्त्यैकतानचेतसा ॥१॥ द्रव्यं साम्बश्चप्रद्युम्नः, क्षेत्रं सद्भद्रशिखरम् ।कालं त्रयोदशी शुक्ला फाल्गुना भावः मौक्तिकः ॥२॥ यात्रां करोति यो धन्यो, जिनाज्ञापरिभावितः ।तीर्थतिथिं समाराध्य, प्राप्नोति परमं पदम् ॥३॥

(२) तत्रस्थे स्वामिनिव्याघ्रादयोपि श्वापदास्तदा ।प्रभोर्वाणी निशम्याशु वैरं तत्याजुरात्मना ॥९९॥ व्याघ्रादयोपि जीवास्तु लात्वानशनमादरात् । शृण्वतः स्वामिनो वाणीं ययुः स्वर्गं शुभाशयाः ॥१००॥ ततश्च्युत्वा भवैरेकद्वित्र्यादिभिर्मनोहरेः । संप्राप्य मानुष्यं जन्म ते प्रयास्यंति निवृत्तिं ॥१०१॥



Scanned by CamScanner

અમુક અંતરમાં પ્રભુની દેશના હોય અને મનુષ્ય કે સાધુ સાંભળવા ન જાય તો એને પ્રાયશ્ચિત્ત આવે. જ્યારે શત્રુંજયલઘુકલ્પની આ હકીકતમાં વાઘ આદિની વાત છે પણ મનુષ્યની વાત જ નથી, કે બીજા સાધુની પણ વાત નથી. જો મનુષ્ય હોત તો તેમની પણ વાત બતાવી હોત કે વ્રતધારી યા વિરતિધર બની મુક્તિગામી બન્યા.

ટૂંકમાં, અહીં વાણી મતલબ દેશના નહિ.

શ્રેયસ્ ! ભગવાનની વાણી તો દૂર રહી પણ દર્શન કરવા માટે પણ માણસને ઉપર ચઢવાની વાત નથી.

(૧૩) આગળ કહું શ્રેયસ્ ! શ્રી અજિતનાથ ભગવાને શત્રુંજયગિરિરાજના સુભદ્રશિખર[૧] (ભાડવાનો ડુંગર) પર ચોમાસું કર્યું હોવા છતાં **ચોમાસામાં** સ્વયં ભગવાન મુખ્યટુંક પર પધાર્યા નથી. પૂ. મુનિ શ્રી હંસરત્ન મ. જે **શત્રુંજય મહાત્મ્યમાં** શ્રી અજિતનાથ પ્રભુને ચાતુર્માસ માટે મંડપ, બીજા મુનિ સંબંધિ ગુફા, દેવકુલિકા, પરબ, સર્પના રાફડા વગેરે સ્થાન તથા ભગવંતના અતિશયથી (દેશનાથી નહિ) તિર્યંચો ભદ્રકપરિણામી બન્યા. વગેરે બતાવીને સ્પષ્ટ જણાવ્યું કે આ પ્રમાણે [૨] **ત્યાં અજિતનાથ પ્રભુ ચોમાસું પૂર્ણ થયા બાદ મુખ્ય ટુંકે પધાર્યા.**

ભગવાન જેવા ભગવાન ચોમાસામાં મુખ્ય ટુંકે પધારતાં ન હોય ત્યાં આજના નવામતી પૂજ્યો (!) ચોમાસામાં મુખ્યટુંકે પણ જવાનો ઉપદેશ આપે !!! આ છે કલિકાલની કારમી કરુણતા.

શ્રેયસ્ ! અહીં જેમ શ્રી અજિતનાથ ભગવાનની વાત કરી. તેવી જ વાત શ્રી શાંતિનાથ ભગવાન માટે પણ છે.

(૧૪) **શત્રુંજય મહાત્મ્ય**માં શ્રી ધનેશ્વરસૂરિ મ. ના શબ્દોથી જ વાત કરું તો...''[૩]

---

(૧) ભાડવે ભવિઅણ વૃંદ આપણ ગાઉં રે; થાનિક અજિતજિણંદ રહ્યા ચઉમાસુ રે ।।૧૧।। શત્રુંજય તીર્થ ચૈત્ય પરિપાટી : ઢાળ ૧૦મી. રચના વિ. સં. ૧૮૪૦ ફા. સુ. ૧૩ કર્તા : પૂ. અમૃત વિજયજી (૨) ''अथैवं स्वामी तत्र चतुर्मासीं समुल्लंध्य पुनर्मुख्यश्रृंगं समारुरोह ॥''

(३) ''मरुदेवाख्ये ततः शृंगे'' स्वामी सुरगणैर्वृतः । अजितस्वामीवन्मासांश्चतुरोऽप्यत्यवाहयत् ॥६१२॥ तत्र गंधर्वविद्याभृदमरोरगमा(दा)नवाः । प्रत्यहं पूजयामासुः प्रभुं प्रीतिभृता नताः ॥६१३॥ तत्र प्रावृट् चतुर्मासीमतिक्रम्येति तीर्थराट् । व्यहार्षीद्विश्वबोधायान्यत्राथो भानुमानिव ॥६१४॥



Scanned by CamScanner

ત્યારબાદ દેવોના સમુદાયથી પરિવરેલા શ્રી શાંતિનાથ પ્રભુએ, મરુદેવા નામના શિખર ઉપર શ્રી અજિતનાથ ભગવાનની જેમ જ (ધ્યાનસ્થ અવસ્થામાં) ચોમાસુ પસાર કર્યું. ત્યાં ગંધર્વ - વિદ્યાધરો - દેવો - નાગકુમારો - માનવો (દાનવો-અસુરો) આદિ પ્રીતિયુક્ત થઈને અને નમ્ર બનીને પ્રભુને હંમેશા પૂજતા હતા. ત્યાં (મરૂદેવા શિખર પર) **ચોમાસું પૂર્ણ** કરીને વિશ્વને પ્રતિબોધ કરવા શાંતિનાથ પ્રભુ બીજે સ્થળે વિચરવા લાગ્યા'' મતલબ કે ચોમાસામાં નથી સમવસરણ મંડાયુ, નથી દેશના દીધી, નથી માનવ મેદનીની ચઢ-ઉતર, નથી માનવની પ્રતિબોધકતા, નથી માનવની વિરતિ, નથી સાધુ ભગવંતનું આવાગમન.

તાત્પર્ય : કે તીર્થંકર પરમાત્મા પણ વ્યવહાર ધર્મનું ઉલ્લંઘન કરતાં નથી - તો તેમના અનુયાયીએ તો શેં કરાય જ ?? પાપભીરુ આત્મા ક્યારેય એવું પાપ ના વહોરે. આજે અસંખ્યવર્ષની (અપેક્ષાએ અનંતવર્ષની) આ પરંપરાને પ્રણષ્ટ કરવાનું દુઃસાહસ કેટલું ઘોરાતિઘોર પાપ બંધાવે ? તે તો માત્ર કલ્પના જ કરવી રહીં. જો કે આ પાપ તો કલ્પનાતીત છે.

શ્રેયસ્ ! એક પણ દૃષ્ટાંત એવું પ્રબલ નથી કે જે નવામતીની 'ચોમાસામાં શત્રુંજયની યાત્રા' ને પુષ્ટી કરનાર બને.

શ્રે. : મ. જી. ! આમ તો એમ કહેવાય છે કે બે માસનું અણસન કરીને આસો સુદ પુનમના વીસકરોડ મુનિવર સાથે પાંડવો મોક્ષે પહોંચ્યા. હવે હકીકત આવી જ છે. તો પાંડવો ગિરિરાજ પર ક્યારે ચઢ્યા હશે...? બે માસનું અણસણ છે. તો તેઓ શ્રાવણ સુદ પૂનમ અર્થાત્ ચોમાસામાં જ ઉપર ચઢ્યા હશે ને ?

મ. જી. : શ્રેયસ્ ! આવા ઘોરમિથ્યાત્વકલ્પિત પ્રશ્નો આરાધક આત્માને ઉન્માર્ગે દોરનાર છે. એક પણ પાઠ એવો નથી કે સપરિવાર પાંડવો શ્રાવણ સુદ પૂનમે કે ચોમાસામાં ગિરિરાજ ઉપર ચઢ્યા છે. છતાં શાસ્ત્રપાઠની ઉપર કુંચડો ફેરવવા તૈયાર થયેલા સજ્જનો (!) વારંવાર આવા કલ્પિત પ્રશ્નો ખડા કરી દુનિયાની આંખે પાટા બાંધવાનું કાર્ય કરે છે.

(૧૫) ચાલ ત્યારે શ્રેયસ્ ! તને શાસ્ત્રપાઠ બતાવું કે પાંડવો ચોમાસા પહેલા જ ગિરિરાજ પર ચઢ્યા છે. એતો તને ખ્યાલ જ છે કે શ્રી નેમનાથ પ્રભુ અષાઢ સુદ ૮ ના ગિરનાર



Scanned by CamScanner

પર્વત ઉપર મોક્ષે પહોંચ્યા છે. વળી બીજી હકીકત એવી છે કે પાંડવોને અ.સુ. ૮ ના માસક્ષમણનું પારણું છે અને મનમાં સંકલ્પ કર્યો છે કે આપણે પ્રભુ નેમનાથજીને વંદન કર્યા પછી પારણું કરીશું. પરંતુ આગળ વધતાં સાંભળ્યું કે પ્રભુ તો નિર્વાણ પામી ગયા છે. હવે શું કરવું? **પાંડવ ચરિત્ર મહાકાવ્ય ભાગ.૨માં** પૂ. મલધારી શ્રી દેવપ્રભ સૂરિ મ. પાંડવો સંબંધિ આગળ જણાવે છે કે: “ [1]અમોએ ‘પ્રભુને જોયા પછી પારણું કરશું’ એવો દુસ્તર અભિગ્રહ જે કરેલ છે તેને જ આગળ કરીને નજીકમાં રહેલ વિમલાચલ પર્વત ઉપર ચઢીને અમો અમારું વાંછિત કરીશું. આ પર્વત ઉપર સકલ કર્મોનો ક્ષય કરીને પુંડરીકસ્વામિ આદિ ક્રોડો મુનિવરો મોક્ષ પામ્યા છે તેથી સર્વતીર્થોમાં મોટુ તીર્થ અમારા પણ અભીષ્ટાર્થની સિદ્ધિ માટે હમણાં થાઓ. આમ વિચારી **તત્ક્ષણ તે પાંડવો તે તીર્થ ઉપર ચઢ્યા** અને પર્વત ઉપર ધર્મઘોષસૂરિ પાસે આરાધનાવિધિ કરીને અણસણ સ્વીકાર્યું.”

(૧૬) શ્રેયસ્ ! **જ્ઞાતાધર્મકથાસૂત્ર**(આગમ)માં આ વાત વિશેષ રીતે જણાવે છે: “[2] નેમિનાથ પ્રભુના નિર્વાણની વાત બહુજનો પાસેથી સાંભળીને પૂર્વે ગ્રહણ કરેલા આહારપાણીને એકાંતમાં પરઠવે છે. પરઠવીને જ્યાં શત્રુંજયપર્વત છે ત્યાં આવે છે. અને ધીરે ધીરે શત્રુંજય પર્વત ઉપર ચઢે છે’

(૧૭) શ્રેયસ્ ! આ જ વાતને વધુ સ્પષ્ટતાથી સાંભળવી હોય તો જો આ રહ્યા શબ્દો “[3] શત્રુંજયતીર્થના **નજીકમાં** આવેલા **હસ્તિકલ્પનગર**(હાથસણી)માં પાંડવોએ શ્રી

(૧) तत्तावज्ञगृहेस्माभिर्दुस्तरोऽयमभिग्रहः । ‘यद्वयं पारयिष्यामो दृष्टे स्वामिनी नान्यथा ॥२६३॥ तत्तमेव पुरस्कृत्य प्रत्यासन्ने नगोत्तमे । आरुह्य विमलाख्येऽस्मिन् कुर्महे निजमीप्सितम् ॥२६४॥ अत्र हि क्षीणनिःशेषकर्मसंततयः पुरा ।मुनयः पुंडरीकाद्या कोटिशः प्रययुः शिवम् ॥२६५॥ तदयं सर्वतीर्थेषु महत्तीर्थं गिरीश्वरः । अस्माकमप्यभीष्टार्थसिद्धये भविताधुना ॥२६६। इत्यालोच्य तमद्रीन्द्रमारोहन् पांडवाः क्षणात् । दुःसाधेऽपि न साध्यऽर्थे, मंदायंते महाशयाः ॥२६७॥ गिरेः शिरसि ते तस्य, विधायाराधनाविधिं । धर्मघोषगुरोः पार्श्वे चक्रिरेऽनशनक्रियाम् ॥२६८॥
(२) “तं पुव्वगहियं भत्तपाणं एगंते परिट्ठवेति, परिट्ठवित्ता जेणेव सेत्तुंजय पव्वए तेणेव उवागच्छति उवागच्छिता सेत्तुंजयं पव्वयं सणियं दुरुहंति”। (३) “बोधयंतो जनान् पांडुतनया “हस्तिकल्पके ।पुरे नेमिशिवप्राप्तिं शुश्रुवुर्मनुजाननात् ॥१॥ततः स्वकर्मसंघातक्षेपाय सिद्धपर्वते । गत्वा नानाविधं तेपुस्तपः पांडुतनूद्भवाः ॥२॥ आदायानशनं पांडुपुत्राः सर्वे क्षमाकराः ।क्रमाद् घातीनि कर्माणि चिक्षिपुर्मातृसंयुताः ॥ ३ ॥ मुनीनां कोटिविंशत्या, पंचापि पांडुनंदनाः ।कुंत्या सह ययुर्मुक्तिं, निःशेषकर्मणां क्षयात् ॥४॥”



Scanned by CamScanner

નેમિનાથપ્રભુ ગીરનાર પર નિર્વાણ પામ્યાની વાત લોકમુખેથી સાંભળી એટલે તેઓ પણ પોતાના કર્મોના નાશ માટે સિદ્ધગિરિ ઉપર ચઢી **તીવ્રતપો તપવા લાગ્યા** અને પ્રાંતે અણસન સ્વીકારીને કુંતીમાતા તથા વીશક્રોડ મુનિવરો સાથે મુક્તિપદ પામ્યા."

સાંભળ્યું ને શ્રેયસ્ ! (૧) ભગવાન નેમનાથ પ્રભુ અષાઢ સુદ ૮ના મોક્ષે ગયા છે (૨) એ દિવસે પાંડવો પારણા માટે ગોચરી પણ લાવ્યા છે. (૩) ભગવાનના દર્શન વંદનનો અભિગ્રહ પૂર્ણ ન થવાથી ગોચરી પરઠવીને શત્રુંજય તરફ પ્રયાણ કર્યું છે. (૪) શત્રુંજયતીર્થ બાજુમાં નજીકમાં જ છે. (આમ ૧૨ યોજન છે) જેથી બીજે દિવસે (અ.સુ.૯ના - ચોમાસા પહેલા જ) શત્રુંજય પહોંચી જાય. (૫) શત્રુંજય પહોંચીને તીવ્ર તપો તપતા તપતા છેલ્લે અણસન કર્યું છે.

શ્રે. : તો મહારાજજી ! પારણું કર્યા વિના તપ તપ્યા ?

મ. જી.: હાસ્તો શ્રેયસ્ ! ગિરિરાજ ઉપર ન ખવાય. તે વાતમાં તો સૌ સમ્મત છે. અને પારણું કર્યા વિના પણ તપ તપાય. જેમકે ભગવાન મહાવીર પ્રભુએ નંદનઋષિના ભવમાં એક લાખ વરસમાં ૧૧,૮૦,૬૪૫ માસક્ષમણ કર્યા. સાંભળવા પ્રમાણે આયુષ્ય સાથે ગણત્રી કરતા કેટલાક માસખમણ તો પારણા વિના સળંગ કર્યા છે. અગ્નિશર્માને પારણામાં ગોચરી ન મળતા વગર પારણે સળંગ ત્રણ માસખમણ થયા છે. મારા પરમતારક પૂજ્ય ગુરુદેવશ્રીની આચાર્ય પદવી પ્રસંગે એક ભાઈએ ઉપધાનમાં એકપણ નીવી કર્યા વિના (પારણું કર્યા વિના) સળંગ ૩૬ ઉપવાસ કર્યા. ગોરેગામમાં કમલેશભાઈ નામના વ્યક્તિએ અઠ્ઠાઈના પારણે અઠ્ઠાઈ એ રીતે વર્ષીતપ કર્યો હતો. પરંતુ એમાં પારણે જો ચૌદશ આવતી હોય તો વગર પારણે બીજી અઠ્ઠાઈ કરી લેતા. મતલબ કે પારણા વિના તપ થઈ શકે છે. એ રીતે પાંડવોએ વગર પારણે તપ તપતા તપતા, કર્મોનાશ ન થતા છેવટે અણસન કર્યું. અને તે અણસન બે માસનું થયું છે.

શ્રેયસ્ ! આ જ મતલબની ઘણી બધી મહત્ત્વની વાતો - [૧] **શ્રાદ્ધવિધિ ગ્રન્થ,**

---

(१) अह पांडवा उ पंचवि अंतरिया जोयणेहिं बारसाहिं । मासस्स य पारणये, संपत्ता हत्थकप्पपुरे ॥११५७॥ गिण्हंति नियममेवं पारिस्सामो पहुं नमिउं । अह ते पहुनिव्वाणं, सोउं सेतुंजमारुहिउं ॥११५८॥ दो मासियाइं संलेहणाइं, पत्ता सिवंमि पांडुसुआ । सा दोवई वि समणी, उप्पण्णा बंभलोगम्मि ॥



Scanned by CamScanner

(૧) ત્રિષષ્ઠિ શલાકા પુરુષચરિત્ર,[૧] શત્રુંજય મહાત્મય, મલધારી શ્રી હેમચંદ્રસૂરિકૃત ભવભાવના ગ્રન્થ[૩] વગેરેમાં ટંકાયેલી છે.

આ બધા જ શાસ્ત્રપાઠો પરમગીતાર્થ પૂ. આ. શ્રી નરેન્દ્રસાગર સૂરીશ્વરજી મ. દ્વારા અનેકવાર દર્શાવવા છતાં જેને પોતાનો ખોટો કક્કો સાચો ઠરાવવા તનતોડ મહેનત કરવી જ હોય - તેને શેં રોકાય ?

આ બધા શાસ્ત્રપાઠો વાંચીને શ્રેયસ્ ! કોઈ પણ આરાધક આત્મા ચોમાસામાં શત્રુંજયની યાત્રા ન જ કરે. ટુંકમાં : **પાંડવો ચોમાસા પહેલા જ ગિરિરાજ પર પધાર્યા છે.**

શ્રેયસ્ ! આવી જ વાત દ્રાવિડ અને વારિખિલ્લ માટે છે.

આરાધક આત્માને ઉન્માર્ગે લઈ જવા તલપાપડ થયેલા પુણ્યાત્માઓ (!) કહે છે કે ‘‘દ્રાવિડ ને વારિખિલ્લજી મુનિ માસક્ષમણની સંલેખના પૂર્વક કારતક સુદ પૂનમના દશક્રોડ મુનિવરોની સાથે મોક્ષે પધાર્યા છે. તો તે દ્રાવિડ ને વારિખિલ્લજી ક્યારે ગિરિરાજ પર ચઢ્યા હશે ? આસો સુદ પૂનમના યા તો ચોમાસામાં જ ને ?

પાંડવોના ઈતિહાસની જેમ અહીં પણ સ્પષ્ટ વાત છે કે એક પણ શાસ્ત્રપાઠ એવો નથી કે ‘ચોમાસામાં દ્રાવિડ ને વારિખિલ્લજી આદિ ગિરિરાજ પર ચઢ્યા હોય.’ પરંતુ એની સામે બીજા અનેક પાઠો છે કે દ્રાવિડ ને વારિખિલ્લજી આદિ પૂજ્ય સાધુભગવંતો ચોમાસા પહેલા જ શત્રુંજયગિરિરાજ પર ચઢ્યા છે.

---

(१) इतश्च पांडवा, पापुर्हस्तकल्पे पुरे तदा ॥ १२५॥ अस्माद् द्वादशयोजनानि स गिरिनेमिं प्रगे वीक्ष्य तत् कुर्मो मासिकपारणं वयमिति प्रीत्या वदंतो मिथः । तस्मिन् हस्तिपुरे जनादिति तदा ते शुश्रुवुर्यत्प्रभु–र्नेमिनिर्वृर्तिमाससाद भगवांस्तैस्तैर्वृतः साधुभिः ॥ १२६॥ आकर्ण्य तद्गुरुशुचो विमलाद्रिमीयुः पांडोः सुता विदधिरेऽनशनं च तत्र । उत्केवलाः शिवामगुर्द्रुपदात्मजा सा ब्रह्मलोकमगमत् परमर्द्धिधामी ॥ १२७॥ (२) त्वाष्ट्रौ शुचिसिताष्टम्यां शैलेशीध्यानतो विभुः । निवृतो मुनिभिः सार्धं, षट्त्रिंशैः पंचभिः शतैः ॥ ५३ ॥ ××× विहरतोऽथ ते पांडुनंदना हस्तिकल्प–पुरे जनाज्ञिनाधीशनिर्वाणं शुश्रुवुस्तदा ॥ ६७॥ तदाकर्ण्य शुचाक्रान्ता रैवतं दक्षिण व्यधुः ययुश्च पुंडिरकाद्रिं प्रापुरनशनं तथा ॥ ६८॥ (३) आगच्छंता जिणवंदणूसुया तेवि पांडवा कमसो । बारसहिं जोयणेहिं उज्जेंतनगाउ संपत्ता ॥ ४०२७॥ अच्चंतपरितुट्ठा पच्चूसे वंदिऊण नेमिजिणं । कहामो किर अम्हे मासक्खमणस्स पारणय ॥ ४०२८॥ णायं ततो तेहिं जिणस्स निव्वाणगमणं अह सव्वे । संजायगुरुविसाया पुंडरियनगं समारुढा ॥ ४०२९॥ तो पारणयमकाउं कुणंति ते अणसणं महासत्ता। पाओवगया निट्ठिविय कम्मरिउणो गया सिद्धिं ॥ ४०३० ॥



Scanned by CamScanner

એકવાત શ્રેયસ્ ! જો ચોમાસામાં નવામતીની દૃષ્ટિએ પાંડવો યા દ્રાવિડ આદિ મુનિવરો ગિરિરાજ પર ચઢ્યા હોય. તો તેમને (નવામતી આચાર્ય આદિને) ચોમાસામાં ગિરિરાજ પર ચઢવામાં શેનો બાધ આવ્યો ? ખુદ-નવામત પ્રરૂપક આ. શ્રી રામચંદ્ર સૂ. મ. ચોમાસું પાલિતાણા કરવા છતાં પણ પોતે ચોમાસામાં એક પણ દિવસ ગિરિરાજ પર ચઢ્યા નથી. તેમજ નિશ્રાવર્તી સાધુને ચઢવા પ્રેરણા પણ કરી નથી ને ચઢવા પણ દીધા નથી. મતલબ કે તેઓ પણ જાણે તો છે - કે ચોમાસામાં ગિરિરાજ પર ન ચઢાય. પણ એક જૂઠ સો જૂઠ ને ખેંચે - એ પદ્ધતીએ યાત્રા શરૂ કરી. કયું જૂઠ ? તે આગળ કહું છું (પેજ ૩૯ ઉપર) હાલ હું તને એ શાસ્ત્રપાઠો બતાવું છું કે દ્રાવિડ ને વારિખિલ્લજી આદિ ચોમાસા પહેલાં જ ઉપર ચઢ્યા છે.

(૨૨) શાસ્ત્રીય શબ્દોમાં કહું તો : "[૧]ત્યારબાદ વિમલાચલ પર્વતને જોઈને હર્ષિત થયેલા તે તાપસમુનિઓ શ્રી યુગાદિનાથને અને ભરતચક્રવર્તીએ બનાવેલા ચૈત્યોમાંના બીજા જિનેશ્વરોને પ્રણામ કરતા હતા. ત્યારબાદ માસક્ષમણનો તપ પૂર્ણ થયા પછી તે બંને વિદ્યાધરમુનિઓએ તે તાપસ (દ્રાવડ-વારિખિલ્લાદિ) મુનિઓને જણાવ્યું કે - 'હે સાધુઓ ! અનંતકાળથી એકઠા કરેલા તમારા પાપકર્મો આ તીર્થની સેવાવડે ક્ષય પામશે. માટે તમારે તપ-સંયમમાં તત્પર રહી આ તીર્થ ઉપર જ રહેવું. એ પ્રમાણે કહીને વિદ્યાધર **મુનિઓ વિહાર કરી બીજે ગયા** અને ત્યાર પછી તે દ્રાવિડ તથા વારિખિલ્લજી આદિ દશક્રોડ તાપસમુનિઓ પણ **તે તીર્થે જ તપ કરતા ક્રમે માસિકી સંલેખના પૂર્વક કેવળજ્ઞાન પામી મોક્ષપદને વર્યા".**

શ્રેયસ્ ! આમાં સ્પષ્ટવાત છે કે 'વિદ્યાધરમુનિઓ' વિહાર કરી બીજે ગયા'. મતલબ ચોમાસું નહોતું. ચોમાસું હોત તો વિહાર કરીને બીજે જવાનો પ્રશ્ન જ ન હોત. તેમજ બીજી વાત એ પણ સ્પષ્ટ થાય છે કે પ્રથમ માસક્ષમણ શત્રુંજયગિરિ પર જ પૂર્ણ કર્યું ને

(૧) ततो विमलाद्रिं वीक्ष्य प्राप्तहर्षा श्रीयुगादीशं भरतविहितचैत्येषु जिनांश्च प्रणेमुः । ततो मासक्षपणपर्यन्ते तौ विद्याभृन्मुनी प्राहतुः । 'भवतामन्तकालसंचितपापकर्मात्र तीर्थसेवया क्षयं यास्यति तदत्र तीर्थे भवद्भिस्तपः संयमतत्परैः स्थातव्यं इत्युकत्वा तावन्यत्र विहारं चक्रतुः ।ते च द्राविडवारिखिल्लादितापसमुनयोः दशकोटिमिता अपि तत्रैव तप कुर्वन्तः क्रमेण मासिक्या संलेखनया केवलं प्रापुः ।



Scanned by CamScanner

ત્યારબાદ પારણા વિના તપ કરતા ક્રમે માસિકી સંલેખના એટલે કે વિભિન્ન તપ કરતા ક્રમે કરીને છેલ્લે અણસન કર્યું છે અને તે માસિકી સંલેખના પૂર્વક મોક્ષે ગયા છે, નહીં કે કલ્યાણ માસિક, વર્ષ ૩૭ અંક ૯માં આ. રવિચંદ્ર સૂ. મ. ના કહેવા પ્રમાણે 'આસો સુદ પૂનમના સિદ્ધગિરિ પર પધાર્યા ને અણસન કરીને મોક્ષે ગયા.'

(૨૩) શ્રેયસ્ ! આ વાતને [૧]**શત્રુંજય માહાત્મ્ય** માં થોડી વધુ વિસ્તારી છે. આમાં વિદ્યાધરમુનિના ઉપદેશથી દ્રાવિડ - વારિખિલ્લ આદિ દશ ક્રોડ તાપસોએ મિથ્યાત્વનો ત્યાગ કર્યો, લાંબી કેશજટાઓનો લોચ કર્યો. ને ગિરિરાજ ઉપર પહોંચ્યા. ત્યાં પ્રથમ માસખમણ પૂર્ણ કર્યું. **વિદ્યાધર મુનિ અન્યત્ર વિહરી ગયા.** આ તાપસમુનિઓએ **તીવ્ર તપ તપતા અનુક્રમે છેલ્લે અણસન કર્યું.** ને કાર્તિકી પૂનમે મોક્ષે ગયા... વગેરે

(૨૪) પાંડવો વીશક્રોડ સાથે આસો સુદ પૂનમે કે દ્રાવિડ - વારિખિલ્લ આદિ દશક્રોડ મુનિવરો કાર્તિકીપૂનમે મોક્ષે ગયા. (એ કાળમાં ચોમાસી પૂનમની હતી. એટલે કે પૂનમ ચોમાસામાં જ ગણાતી હતી.) તો એક સવાલ ઉભો થયો કે એ વીસક્રોડ કે દશ ક્રોડ મુનિવરોના અગ્નિ સંસ્કાર માટે શું માનવો ગિરિરાજ ઉપર નહી ચઢ્યા હોય. આનો જવાબ પણ શ્રેયસ્ ! શાસ્ત્રકાર પરમર્ષિએ ગ્રન્થમાં ટાંકી દીધો છે. **પાંડવચરિત્ર** -

---

(૧) ''इतो विद्याधरमुनी, प्रतिशिष्यौ नमेरथ । व्योम्नोऽवतेरतुः शुभ्रर्द्योतयन्तौ नभोंशुक्रैः ॥ १७६॥ मूर्त्ताविव धर्मशान्तरसौ तौ वीक्ष्य तापसाः । आगत्य भक्तिर्भिबाढं नेमुः सर्वे मुमुक्षवः ॥ १७७॥ तयोः शुद्धोपदेशेन तापसा अपि ते तदा । मैथ्यात्त्विकीं क्रियां मुक्त्वोररीचक्रुर्जिनव्रतम् ॥ २०१॥ ये मूर्धजा जटाबंधैर्वृद्धिमापुः परां पुरा । समूलकाषं कषितास्तेऽलुठन् भुवि सागसः ॥ २ ॥ आलोच्यापि च मिथ्यात्वं व्रतिनस्ते तयोः पुरः । सम्यक्त्वमस्तुवन् भक्त्या दुष्प्रापं भवसागरे ॥ ३ ॥ पूर्वमेव जिने भक्ता व्रतेऽपि च तथा भवन् । ताभ्यामनुमतास्तेऽथा, चलन् शत्रुंजयं प्रति ॥ ४ ॥ मार्गे जनान्बोधयन्तो पावयंतो महीतलं । चलंतो जीवयत्नेन सिद्धाद्रिं ते व्यलोकयन् ॥ ६॥ ××× मासक्षपणपर्यन्ते तौ मुनी ज्ञानिनौ परान् । दशकोटिमितान् साधूनन्यशिष्टामिति द्रुतम् ॥ १२॥ साधवः संसृतौ कर्मानन्तमर्जितमादितः । भवद्भिरशुभध्यानयोगतो नरकप्रदम् ॥ १३॥ तदत्र स्थेयमेवास्य सत्क्षेत्रस्यानुभावतः । केवलज्ञानमासाद्य यूयं मुक्तिं गमिष्यथ ॥ १४॥ इत्थमादिश्य तान्सर्वान् तौ देवर्षी विहायसा । जन्मतुर्द्योतयंतौ स्वप्रभाभी रोदसीं बहुं ॥ १५॥ ते द्राविडवारिखिल्ल–मुखास्तत्र तपिस्वनः । तस्थुस्तीर्थजिनध्यान–परा मासोपवासिनः ॥ १६॥ निःशेषक्षीणमोहांगा कृत्वा निर्यामणां ततः । क्षामयित्वाखिलान् जन्तून् मनोवचनयोगतः ॥ १७॥ निर्मलं केवलं प्राप्य दुष्टकर्माष्टमक्षयात् । अंतमुहूर्त्तात्ते प्रापुर्दशकोटिमिताः शिवम् ॥२१८॥''



Scanned by CamScanner

**મહાકાવ્યમાં લખ્યું** છે કે "[1] એ મુનિઓનો નિર્વાણ મહિમા - અગ્નિસંસ્કાર દેવોએ કર્યો છે. [1] (મનુષ્યોએ નહિ.)" દ્રાવિડ - વારિખિલ્લ આદિનો નિર્વાણ મહોત્સવ હંસદેવે આવીને ઉજવ્યો છે.

પૂ. શ્રી નેમિનાથપ્રભુના મુનિવરો સાથે દ્રાવિડ - વારિખિલ્લજી દશક્રોડ તાપસો સિદ્ધગિરિ તરફ જઈ રહ્યા હતા. ત્યાં માર્ગમાં મરણકાંઠે રહેલ હંસ જોયો. મુનિવરોએ નિર્યામણા કરાવી. એ હંસ કાળ કરીને (મરણ પામીને) હંસદેવ થયો. તે દ્રાવિડ - વારિખિલ્લજીના નિર્વાણ વખતે આવીને ઉત્સવ કરે છે.

દુહા પ્રમાણે કાર્તિક પૂર્ણિમાનો મહિમા ૧૦ ક્રોડ મુનિના મોક્ષગમનને કારણે છે. પરંતુ હકીકતમાં શ્રી કાલિકાચાર્ય ભગવંતે ભા. સુ. ૫ની ૪ના સંવત્સરી કરી. એથી કા. સુ. પૂનમ ચોમાસાની બહાર નીકળી. એથી આજે કાર્તિક પૂર્ણિમાનો મહિમા 'યાત્રા ખુલ્લી થાય છે.' તે માટે છે. જો માત્ર ૧૦ ક્રોડ મુનિ માટેનો મહિમા હોત - તો આસુ સુદ પૂનમના ૨૦ ક્રોડ મુનિ મોક્ષે પહોંચ્યા છે. તો કાર્તિક પૂનમ કરતાં પણ આસો પૂનમનો મહિમા વધારે હોત. ને યાત્રા થતી હોત. પરંતુ એવું નથી બનતું. આસો પૂનમે તો યાત્રા જ થતી નથી.

૧૦ ક્રોડના વખાણ કરો અને ૨૦ ક્રોડના ન કરો, તો ૨૦ ક્રોડ મુનિની આશાતના ગણાય. પરંતુ નિર્વાણની બદલી ચોમાસી પૂરી થઈ છે ને યાત્રા ખુલ્લી થાય છે માટે કાર્તિક પૂર્ણિમાનો મહિમા ગાવાથી ૨૦ ક્રોડની આશાતના નથી.

પૂ. શ્રી વિરવિજયજી મ. જે પણ **નવ્વાણું પ્રકારી પૂજામાં** "ચૈત્રીકાર્તિક પૂનમ યાત્રા, તપ જપ ધ્યાનથી પાપ જલાવે" આમાં આસો પૂનમની યાત્રા ન મૂકી. કેટલાક એમ કહે છે કે 'આસોપૂનમનો મહિમા ઝાઝો ન ગાયો ને કાર્તિકપૂનમનો ગાયો એ તો એ પ્રકારે વર્ણનનો પ્રકાર છે. પરંતુ આ કથન ઉચિત નથી. આ કાંઈ બાગ-બગીચાની વાત નથી કે વર્ણનનો પ્રકાર બતાવાય. ૧૦- ક્રોડના વખાણ કરો અને ૨૦ ક્રોડના ન કરો, તો ૨૦ ક્રોડ મુનિની આશાતના ગણાય. પરંતુ નિર્વાણની બદલે ચોમાસું પુરું થયું

(૧) "हुताशैः संस्कारस्त्रिदशतरुदारुप्रणयिभिस्तदंगानां तत्तद्विधिमधुरमादाय विबुधाः । जगत्काम्ये तस्मिन् गिरिशिरसि निर्वाणमहिमा महं चक्रुर्नृत्यत्सुरयुवतिसंगीतकमयम् ॥ २४॥" चातुर्मासावधिस्तुर्ज पूर्णिमास्यां भवेदपि शिवलब्ध्युत्सवोप्येषां, तस्यामेव सुरैः कृतः ॥ २३॥ शत्रुंजय महात्म्य (धनेश्वरसूरि) દેવતાઓએ ઉત્સવ કર્યો - માનવોની વાત નથી.



Scanned by CamScanner

છે ને યાત્રા ખુલ્લી થાય છે - માટે કાર્તિક પૂર્ણિમાનો મહિમા ગાવાથી ૨૦ ક્રોડ મુનિની આશાતના નથી.

એકવાત ચોક્કસ છે શ્રેયસ્ ! શાસ્ત્રકાર મહર્ષિઓએ આવી આવી અદ્ભુત વાતો ટાંકીને જબ્બર ઉપકાર કર્યો છે. જો આવું ન લખાયું હોત તો આજે અનેક આરાધકો ઉન્માર્ગીઓના સકંજામાં સપડાયા હોત. પર્વત સંબંધિ કેવી કેવી સ્પષ્ટતાઓ ભૂતકાળમાં કરાયેલી છે. તે વખતે તો આવો અંદાજ પણ નહિ હોય- કે 'ભવિષ્યમાં લોકો - અને એમાં પણ સાધુઓ પર્વત પર (ગિરિરાજ પર) ચઢવાની પ્રેરણા કરશે.' ધન્ય છે તે મહર્ષિઓને.

આપણે આટલા બધા દૃષ્ટાંતો - પાઠો જોયા. ક્યાંય ચોમાસામાં ગિરિરાજ પર ચઢવાનું દૃષ્ટાંત કે પાઠ આવતો નથી. અરે ! બીજા પર્વતની વાત પણ નથી આવતી કે ફલાણો પ્રસંગ ચોમાસામાં પર્વત પર ઘટ્યો.

**શ્રે. :** ના, મહારાજજી ! એવું નથી, આપશ્રીએ ટાંકેલા દૃષ્ટાંતમાં એ વાત નથી - પરંતુ નેમનાથ પ્રભુના શાસનનો એક પ્રસંગ એવો જ છે ને - કે 'ચોમાસાની સીઝન છે. રથનેમી પર્વતની ગુફામાં કાઉસ્સગ્ગ ધ્યાને ઉભા છે. બહાર વરસાદ વરસ્યો છે, એમાં રાજુલ સાધ્વી સાવ ભીંજાઈ ગયા છે, વસ્ત્રો સુકવવા માટે રાજુલસાધ્વી રથનેમીવાળી ગુફામાં પ્રવેશે છે. વગેરે વગેરે'....

**મ. જી. :** સુજ્ઞ શ્રેયસ્ ! જો જે આવી ભૂલ કરતો... ! આ પ્રસંગ ચોમાસાનો નથી - પણ શેષકાળનો છે. **ઉત્તરાધ્યયનની** ૨૨મા અધ્યયનની ગાથાથી [૧] કે **દશવેકાલિક** સૂત્રના બીજા અધ્યયનની પંક્તિ [૨] થી એવો ભ્રમ થાય ખરા. પણ તે ભ્રમ છે, વાસ્તવિક નથી.. કેમકે એમાં વરસાદની વાત છે - પણ ચોમાસાની વાત નથી. શું શ્રેયસ્ ! ચોમાસા સિવાય ક્યારેય વરસાદ ન વરસે ?

**શ્રે :** વરસે....,

(૧) गिरिरेवयम्मि जंति, वासेणोल्ला उ अंतरा । वासंते अंधयारम्मि, अन्तो लयणस्स सा ठिया ॥ ३३॥ (२) पच्छा अन्नया कयाइ सो रहनेमी बारवइए भिक्खं हिंडिउण सामिसगासमागच्छंतो वासद्दलएण अब्भाहओ एक्कं गृहमणुप्पविट्ठो । राईमई वि सामिणो वंदणाए गया, वंदित्ता पडिस्सयमागच्छई, अंतरे य वरिसिउमाढत्तो, तिंताय (तिन्ना) तमेव गुहमणुप्पविट्ठा जत्थ सो रहनेमी ।

**મ. જી.:** તો બસ; એ ચોમાસા સિવાયની વાત છે. કેમકે **'ભવભાવના** નામના ગ્રંથમાં[1] એ વખતે સમવસરણની વાત તથા વિહાર વગેરેની વાત પણ છે. જો ચોમાસું હોત -તો વિહારની વાત ક્યાંથી આવત ? વળી **ત્રિષષ્ઠિ શલાકા પુરુષ ચરિત્રમાં**[2] તો આ વિષયમાં 'અચાનક જ વરસાદ આવવાનું' સાવ જ સ્પષ્ટ લખેલ છે.

મતલબ કે શ્રેયસ્ ! એકપણ દૃષ્ટાંત એવું નથી. અને કદાચ ક્યાંક રડ્યું - ખડ્યું એકાદ દૃષ્ટાંત મળતું હોય - યા કોઈક આચાર્યની ખોટી-જૂઠી પ્રરૂપણાથી ચોમાસામાં શત્રુંજયની યાત્રાનું બન્યું હોય. તો પણ પ્રાચીન પાઠો અને સજ્જડ પુરાવાની સામે બીજું બધું સાવ બોગસ ગણાય.

(૨૫) શ્રેયસ્ ! એક શાસ્ત્રપાઠ તો એવો છે કે શત્રુંજય યાત્રા માટે નિકળેલા પૂ. આચાર્ય ભગવંત પણ ચોમાસું બેસી જતાં અધવચ્ચે રોકાઈ જાય છે.

શાસ્ત્રનું નામ છે **કપર્દિયક્ષકલ્પ** - જેના કર્તા શ્રી જિનપ્રભસૂરિજી મ. છે. તેઓએ એક પ્રસંગ ટાંક્યો છે. પૂ. આચાર્ય મ. આદિ સાધુઓ શત્રુંજયની યાત્રાએ જઈ રહ્યા હતા. વચમાં એક ગામ આવ્યું. ત્યાં "[3]સાધુઓએ ગામમહત્તરને કહ્યું કે - અમો ભિક્ષા માટે નથી આવ્યા. પરંતુ અમારા ગુરુ મહારાજ પરિવાર સહિત શ્રી શત્રુંજયતીર્થની યાત્રાએ આવ્યા હતા. પરંતુ વર્તમાન કાળે વર્ષાઋતુ (ચોમાસુ) બેસી ગયેલ છે. **તેથી ચોમાસામાં સાધુઓને વિચરવું કલ્પે નહિ.** તેથી તમારી પાસે ઉપાશ્રય (સ્થાન) માટે આવ્યા છીએ કે જ્યાં પરિવાર સહિત આચાર્ય મહારાજ રહી શકે."

મતલબ કે : ચોમાસામાં શત્રુંજય યાત્રા માટે પણ આગળ ન વધાય.

---

(૧) विहरंतो देसेसु भयवं गिरिं पत्ता । देवेहिं समोसरणे विहिए सह संजई वंदे ॥ वंदेउं भगवंतं, विणियत्ता पच्छिमदिणम्मि । मग्गे य मेहवुट्ठी कहवि पत्ता तओ य समणीओ ॥ कावि कहंपि हु लयणाइमि लीणा सुखं भंता। राईमई वि गुहाए एक्काए पविसए अयाणंती । तीमियवत्थाइं उव्वलेइ तत्तो विगयवसणं । तं दट्ठुं रहेनेमी पुव्वपविट्ठो गुहंधयारेण । अन्नाओ सं खुद्धो विद्धो मयरद्धायसरेहिं ॥

(२) तत्रैकदा स्थिते नाथेऽकस्माद् वृष्टिरजायत । भिक्षां भ्रान्तवा रथनेमिः प्रतिस्वामि चचाल च ॥ २७२ ॥ प्रविवेश गुहां चैका तथा वृष्ट्या स विद्रुतः ।

(३) साहुहि भणिअं न अम्हे भिक्खट्ठमागया, किंतु अम्ह गुरुणो सपरिवारा सत्तुंजय जत्ताए आगया, संपयं पुण वासारत्तो पत्तो । साहुणं विहरिउं न कप्पइ । अह तुम्ह पासे उवस्सयं मग्गेउमागया, जत्थ सूरिणो सपरिवारा चिट्ठिंति ।



Scanned by CamScanner

શ્રે. : મ. જી. ! ચોમાસામાં શત્રુંજયની યાત્રા ન થાય તે અંગે આટ-આટલા ઢગલાબંધ પાઠો છે તો ચોમાસામાં યાત્રા કરવાની નવી પરંપરા ખડી કરનાર પાસે પણ શાસ્ત્રપાઠ તો હશે જ ને ? એનું શું ?

મ. જી. : ના, શ્રેયસ્ ! ચોમાસામાં શત્રુંજયની યાત્રા માટે સમ ખાવા પુરતો પણ એક પાઠ કોઈની પાસે નથી, પૂ. બાપજી મ. ના મુનિશ્રી સુમિત્રવિજયજી મ. જે ચોમાસામાં શત્રુંજયની યાત્રા માટે નવી પરંપરા ખડી કરનાર પાસે મૌખિક અને પત્ર દ્વારા વારંવાર શાસ્ત્રપાઠ માંગ્યા. જવાબમાં યુક્તિ-પ્રયુક્તિ દલીલો ખૂબ દર્શાવી. પણ એક પણ શાસ્ત્રપાઠ તેઓ મોકલી ન શક્યા.

તે સિવાય પુનાના પી. એલ. વૈદ્ય સાથે સં. ૧૯૯૯ની લવાદી ચર્ચામાં ૨૫ મુદ્દાઓ ચર્ચાયા હતા. તેમાં પણ એક પ્રશ્ન હતો કે કાર્તિકી પૂર્ણિમાના ક્ષયે પૂર્ણિમાની યાત્રા ચતુર્દશીની ઉદયવાળા દિવસે થાય કે અન્ય દિવસે થાય ? આના જવાબમાં આ. રામચંદ્ર સૂ. એ ''પૂર્ણિમાના ક્ષયે ચતુદર્શીએ ચતુર્દશી અને પૂર્ણિમા વિદ્યમાન હોય છે, એટલે તે એક જ દિવસે બંનેના આરાધક બનાય. પૂર્ણિમાની યાત્રા ચતુર્દશીએ કરવી વ્યાજબી ગણાય'' આવું કહ્યું (આ વાત એકતિથિપક્ષને માન્ય નથી.) પરંતુ બીજા કેટલાક મુદ્દાઓની જેમ અધૂરા પણ આ મુદ્દામાં એક પણ શાસ્ત્રપાઠ મૂકી શક્યા નથી. કેમકે એક પણ શાસ્ત્રપાઠ છે જ નહિં.

શ્રે : તો પછી મહારાજજી ! આવી **નવી પરંપરા ખડી કરવાનું કારણ કયું ?**

મ. જી. : પ્રારંભિક કારણ છે શ્રેયસ્ ! ધનવસીટુંક બંધાવનારનું. તલેટીથી માત્ર ૨૫-૩૦ પગથિયા ઉપર આ ટુંક છે. તો ચોમાસામાં પણ કોઈને સ્હેજે મન થઈ જાય કે 'લાવ ઉપર જઈ આવું'. એ વખતે ધનવસીટુંક બંધાવનારે - રથનેમી રાજુલના દૃષ્ટાંતને આગળ કરીને ચોમાસામાં ઉપર ચઢવામાં એવો બાધ નથી. આવી આછેરી પ્રરૂપણા શરું કરી. એથી પૂજ્યપાદ સાગરજી મ. શ્રીએ રથનેમી રાજુલની એ હકીકત ચોમાસાની નથી પણ શેષકાળની છે. એમ શાસ્ત્રાધારે બતાવ્યું (જે મેં પૃષ્ઠ નં. ૩૮) પર નોંધેલ છે.

ત્યારબાદ આગળ વધતાં બીજું કારણ એ કે નવામતીએ વિ. સં. ૧૯૯૨થી બેતિથિની નવી પરંપરા શરૂ કરી. એથી આ પરંપરામાં ક્યારેક કાર્તિક સુદ ૧૪-૧૫ ભેગા પણ આવે. જો ૧૪-૧૫ ભેગા હોય તો કાર્તિકી પૂર્ણિમાની યાત્રાનું શું ? ચૌદશનું પ્રતિક્રમણ તો સાંજે કરવાનું છે અને કાર્તિકપૂનમની યાત્રા ચોમાસી ચૌદશનું પ્રતિક્રમણ કર્યા બાદ બીજે



Scanned by CamScanner

દિવસે સવારે કરવાની છે.

હવે જો યાત્રા ચોમાસી પ્રતિક્રમણ બાદ કરવા જાય તો બીજે દિવસે એકમ આવે છે. જ્યારે ૧૪-૧૫ તો (બે તિથિના નવામતે) ભેગા માનવા છે. અને ભેગા માનવા હોય તો બન્નેનું કામ પણ ભેગું કરવું પડે. લવાદી ચર્ચામાં પણ એમણે ભેગાનું જ કહ્યું છે. તો હવે શું કરવું ? આમ પેટ ચોળીને શૂળ ઉભું કરેલ ખોટી સમસ્યાનો હલ કરવા ૧૪-૧૫ ભેગી બતાવીને સવારે યાત્રાનું કહેવું જ પડે. જો સવારે યાત્રાનું કહી દે તો ચોમાસી પ્રતિક્રમણ પહેલા યાત્રા થઈ ગણાય અને એ યાત્રા ચોમાસામાં જ કરી ગણાય. એટલે એ ખોટી સમસ્યાનો હલ કરવા **એક જૂઠાણું** અભિવ્યક્ત કરવું પડ્યું કે ચોમાસામાં યાત્રા કરવામાં કશો બાધ નથી. પછી એ જૂઠને સત્ય ઠરાવવા બીજી કેટલીય જૂઠી યુક્તિ-પ્રયુક્તિઓને જગત સમક્ષ મૂકવી પડી.

એમાં શ્રી અજિતનાથ, શ્રી શાંતિનાથ તીર્થંકર ભગવંતને પણ સંડોવવાના પ્રયત્નો કરવા પડ્યા. દ્રાવિડ - વારિખિલ્લ, પાંડવો એ બધાને પણ પોતાના સકંજામાં લેવા ખોટા પ્રયત્ન - ખોટા સાહસ કરવા પડ્યા.. અને યાત્રા માટે જૂઠી પ્રરૂપણા-પ્રચાર બધું કરવું પડ્યું.

હજું પણ એ જૂઠ પરંપરાને ચાલું રાખવા ભરચક પ્રયત્નો કરવા પડે છે. જો આ પરિપત્ર સન્માર્ગ પ્રકાશન : વર્ષ ૩ : અંક ૧૧ : પૃ. ૮૮ ઉપર આ. કીર્તિયશસૂરિજીએ જણાવ્યું કે : *"ચોમાસામાં યાત્રા ન કરાય" એવી કોઈ વાત જ નથી.*

*આ વાત પણ બરાબર સમજાવી દઉં.*

*પૂજ્ય આચાર્યશ્રી કાલિકસૂરિજી મહારાજાએ સંવત્સરી પાંચમની ચોથમાં પ્રવર્તાવી ?*

*એ પૂર્વે સંવત્સરી પાંચમની હતી. અને ચોમાસી પૂનમની હતી. તો જે વખતે સંવત્સરી પાંચમની હતી અને ચોમાસી પૂનમની હતી ત્યારે, પૂનમ, ચોમાસામાં કે ચોમાસા બહાર?*

*સભા : ચોમાસામાં,*

*તો તે પૂનમનો મહિમા પણ તે દિવસે જ કે બીજા દિવસે ?*

*સભા : તે દિવસે જ*

*તો તે સમયે પૂનમની યાત્રા ક્યારે થતી ? ચોમાસામાં કે ચોમાસા બહાર ?*

*સભા : ચોમાસામાં*



Scanned by CamScanner

*તો આ રીતે ચોમાસામાં યાત્રા થતી હતી તે વાત ગળે ઉતરી ગઈને ?*

*સભા : હા*

આવી રીતે આ. કીર્તિયશસૂરિજી અબુઝ અને ભોળી જનતાને ઉલ્લુ બનાવવાનું કામ કરે છે. તે વખતે પૂનમ ચોમાસામાં હતી. અને ચોમાસું હોવાથી કા. સુ. પૂનમે પણ આસો પૂનમની જેમ યાત્રા બંધ હતી.

આ રીતે શ્રી કીર્તિયશસૂરિજીએ ફુટેલું જુનું ડીમડીમ વગાડવા પ્રયત્નો કર્યા. પણ આચાર્યશ્રી એ બાબતમાં સત્ય હોય તો હજું પણ શાસ્ત્ર પાઠ મૂકે. એમના પૂર્વજો પાસે તો આના શાસ્ત્રપાઠ વારંવાર માંગવા છતાં મળ્યા નથી.

આ તો ઠીક છે કે **પૂ. આ. નરેન્દ્રસાગર સૂ. મ.** શ્રીએ સત્ય હકીકતવાળા પાઠો મૂક્યા. નહિતર ભોળી - અજ્ઞાની પ્રજા ઉન્માર્ગે જ દોરાત.

**શ્રે. :** મહારાજજી ! એવા કોઈજ શાસ્ત્ર પાઠ નથી, તો એમના પક્ષમાં બીજા પૂજ્યો સામેલ કેમ થયા... ?

**મ. જી. :** ના, શ્રેયસ્ ! એમના પક્ષમાં કોણ સામેલ થયું છે ? લગભગ કોઈ જ નહિ. જો.,સાંભળ :

(૧) પૂજ્યપાદ **આ. મ. શ્રી પ્રેમસૂરિ મ.** ! જેમણે વિ. સં. ૨૦૧૯ની સાલમાં જાહેરાત બહાર પાડી હતી : કે : "(૧) જાહેરાત : શ્રી સિદ્ધિગિરિની યાત્રા અગર પટ દર્શન, ચોમાસી પ્રતિક્રમણ અને ચાતુર્માસ પરિવર્તનના દિવસ બાબતમાં પૂ. આચાર્યદેવશ્રીની જાહેરાત : પૂ. સિદ્ધાંન્ત મહોદધિ આચાર્ય શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજા તરફથી શ્રી સંઘને જણાવવાનું કે - વિક્રમ સંવત ૨૦૧૯માં કાર્તિક સુદી ૧૫નો ક્ષય હોવાથી તા. ૧૧-૧૧-૧૯૬૨ રવિવારે ચૌદશ - પૂનમ ભેગાં છે. આથી તે દિવસે સવારે કાર્તિકી પૂનમની શ્રી સિદ્ધગિરિની યાત્રા કરવી. કેમકે પૂર્વે ચોમાસી પુનમની હતી.કાર્તિકી પૂર્ણિમાની યાત્રાનો મહિમા તે વખતે પણ હતોજ. વળી તે દિવસે ઔદયિક ચતુર્દશી હોઈને ચોમાસી પ્રતિક્રમણાદિ પણ તે જ દિવસે કરવું. અને કા. વ. ૧ સોમવાર સવારે ચોમાસું બદલવાનું રાખવાનું (૨) **આરાધના માટેનું લખાણ :** કા. સુ. ૧૪+૧૫+રવિ આ ચૌદશ પુનમ ભેગા હોઈને આજે ચોમાસી પર્વ અને પુનમ નિયત કાર્ય એટલે આજે સવારે શ્રી સિદ્ધગિરિની યાત્રા અથવા શ્રી સિદ્ધગિરિના પટનું દર્શન



Scanned by CamScanner

અને સાંજે ચોમાસી પ્રતિક્રમણ. પહેલાં પુનમે ચોમાસી પર્વ હતું એટલે આ પુનમની યાત્રા ચોમાસી પ્રતિક્રમણ પહેલા કરવામાં બાધ નથી. વળી કા. વ. ૧ સોમવારે ચોમાસું બદલવાનું છે. કારણકે તે ચોમાસી પ્રતિક્રમણ સાથે સંબધ રાખનારી વસ્તુ છે.''

પરંતુ આ જાહેરાતથી સંઘમાં ખળભળાટ મચી ગયો. **પૂર્વે જ્યારે પૂનમની ચોમાસી હતી ત્યારે હકીકતમાં પૂનમની યાત્રાનો મહિમા હતો જ નહિ.** (દશક્રોડ મુનિવરોનો નિર્વાણ મહોત્સવ અગ્નિસંસ્કાર હંસદેવે કર્યો છે, માનવોએ નહિ, એ આપણે જોઈ ગયા છીએ) તેમજ આ સંબંધિ પૂ. બાપજી મ. ના પૂ. શ્રી સુમિત્ર વિ. મ. સાથે પત્રાચાર ખૂબ લાંબો સમય ચાલ્યો હતો - તે વખતે પૂજ્યપાદ આ. ભ. શ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજે અમદાવાદ જ્ઞાનમંદિરમાં પૂ. શ્રી મનકવિજયજી મ. ને કહ્યું **'ચોમાસામાં યાત્રા ન થાય'** એવી ચાલુ પરંપરામાં હું સંમત છું. [૧] વળી, નરોત્તમભાઈ મયાભાઈ (સાકળચંદ) દ્વારા પણ કહેવડાવેલ કે **'ચોમાસામાં સિદ્ધગિરિની યાત્રા ન કરાય'** અને એટલે જ એ વખતે ડીસાવાળાને ચોમાસામાં સંઘ કાઢવાનો નિષેધ કર્યો હતો. [૨] વળી છેલ્લે ચિઠ્ઠી દ્વારા લખાણ પણ મોકલ્યું કે

''પ. પૂ. આચાર્યદેવ તરફથી, જ્ઞાનમંદિર, આસો વદ-૭ વિનયાદિ ગુણોપેત મુનિ શ્રી સુમિત્ર વિ. યોગ્ય અનુવંદના સુખશાતા. તમારી ચિઠ્ઠી મળી. મે પાલિતાણા જંબુસૂરિજીને લખી દીધું છે કે **આપણે પ્રવૃત્તિ ચાલું કરવી નહીં.**

દ. હેમન્તવિજયની વંદના'' [૩]

(૨) પૂજ્યપાદ આ. શ્રી શાંતિચંદ્રસૂરિ. સમુદાય : આ વિશે મેં પહેલાં જ કહ્યું કે પૂજ્યપાદ આ. ભ. શ્રી રાજેન્દ્ર સૂ. મ. જે એ વખતે (તિથિની દૃષ્ટિએ સૌ એક પક્ષમાં હતા તે વખતે) ''શત્રુંજયની યાત્રા ચોમાસામાં ન થાય' આ વિષયને અનુસરીને 'પ્રણાલિકાના પહાડને તોડશો નહિ.' આ શીર્ષક હેઠળ શાંતિસૌરભમાં લેખ આપેલ.

---

(૧) પુસ્તક : સિદ્ધગિરિ પ્રશ્નાવલિ. લે. પૂ. સુમિત્રવિજય મ. ભા. ૧-૨ માં પૃષ્ઠ નં. ૪૮ તેમજ

(૨) પુસ્તક : પૂ. પ્રેમ સૂ. મ. ને જાહેર નમ્ર વિનંતિ. લે. પૂ. સુમિત્ર વિ. મ. પૃષ્ઠ નં. ૪૪

(૩) જાહેર નમ્ર વિનંતિ. લે. પૂ. સુમિત્ર વિ. મ. પૃષ્ઠ નં. ૨૧



Scanned by CamScanner

(૩) પૂજ્યપાદ આ. ભ. શ્રી સિદ્ધિ સૂ. મ. તથા પૂ. આ. ભ. શ્રી મેઘસૂરિ મ. જે ચોમાસામાં સિદ્ધગિરિ, ગિરનાર વગેરે તીર્થમાં યાત્રા કરવા જનારને પ્રાયશ્ચિત્ત આપ્યું હતું. તેમજ પૂ. શ્રી સુમિત્રવિજય મ. જ્યારે ગૃહસ્થાવસ્થામાં પાલિતાણા શત્રુંજય પર ચઢ્યા હતા, ત્યારે પૂ. મેઘસૂ. મ. જે તુચ્છ શબ્દથી ઝાટકણી કરી હતી.[1]

(૪) પૂજ્યપાદ આ. ભ. શ્રી ભદ્રંકરસૂરીશ્વરજી મહારાજે પર્યુષણ અષ્ટાહ્નિકા પ્રતઃ બીજા પ્રવચનમાં જણાવ્યું છે કે 'ચોમાસામાં શત્રુંજયની યાત્રા ન થાય.' એ વિશે પ્રશ્નોત્તરી રૂપે પૃષ્ઠ નં. ૬૯થી સતત ૫ પૃષ્ઠ સુધી સુંદર ચર્ચા કરી છે.

(૫) પૂ.શ્રી અમૃતસૂરિ મ.(શ્રી મહાવીરશાસન માસિકવાળા) જ્યારે પૂ. આ. ભ. શ્રી પ્રેમસૂરીશ્વરજી મ. જે પૂનમ અમાસની ક્ષયવૃદ્ધિએ તેરસની ક્ષયવૃદ્ધિ કરવા સંબંધિ નિર્ણય તરીકે પટ્ટક બહાર પાડ્યો. - તે વખતે પટ્ટકનો સ્વીકાર નહિ કરનાર આ. શ્રી અમૃતસૂરિ મ. જે મહાવીર શાસનના તંત્રી મારફત ૪૯ કલમવાળો ખરડો મોકલાવ્યો હતો.તેમાં "[2] (૧૭) કલમમાં 'ધર્મરત્ન પ્રકરણમાં જેનો સ્પષ્ટ નિષેધ ન મળતો હોય કે સ્પષ્ટ વિધાન ન મળતું હોય - તેવી પરંપરા તોડાય નહિ. તથા કલમ (૪૩) માં શત્રુંજય યાત્રા ચોમાસી પ્રતિક્રમણ પહેલા કરી શકાય નહિ - તેમ કેમ જાહેર કર્યું !" આ બે કલમથી નિર્ણય થઈ શકે કે સિદ્ધગિરિ પર ચોમાસામાં નહિ કરવાની પરંપરા તોડાય નહિ. ને ચોમાસી પ્રતિક્રમણ કર્યા પહેલા યાત્રા કરાય નહિ, એવું તેઓ માનતા હતા.

(૬) પૂ. પં. શ્રી કલ્યાણવિજયજી મ. વિ. સં. ૧૯૯૩માં છપાવેલ શ્રી પર્વતિથિ ચર્ચા સંગ્રહમાં પ્રશ્નોતર શતકઃ ૭૫મો પ્રશ્ન : કાર્તિકીપૂનમના ક્ષય વખતે પૂનમની યાત્રા ક્યારે કરાશે ? તેના જવાબમાં (પૂ.ક. વિ.મ.જે) **કાર્તિકી પૂનમની યાત્રા ચોમાસી પ્રતિક્રમણ કર્યા પછી એકમને દિવસે કરાશે.** જ્યારે ચોમાસીની પૂનમની હતી, ત્યારે પણ એમ જ થતું હતું. એટલે કે કાર્તિકી પૂનમનો મહિમા હોવા છતાં ચોમાસી પૂનમની હતી,ત્યારે પણ પૂનમે ચોમાસી પ્રતિક્રમણ કર્યા પછી એકમે જ યાત્રા થતી હતી.[3]

(૭) આજે પણ પૂ. સિદ્ધિસૂરિ (બાપજી) મ. ના આ. શ્રી વિબુધપ્રભ સૂ. મ., પૂ. આ. શ્રી

(૧) જાહેર નમ્ર વિનંતિ. લે. પૂ. સુમિત્ર વિજય મ. પૃષ્ઠ નં. ૧૪-૧૫ (૨) પ્રશ્નાવલી ભા. ૧-૨ લે. સુમિત્ર વિ.મ. પૃષ્ઠ નં. ૩૧-૩૨ (૩) પ્રશ્નાવલી ભા. ૧-૨ લે. પૂ. સુમિત્ર વિ. મ. પૃષ્ઠ નં. ૩૩



Scanned by CamScanner

શાંતિચંદ્ર સૂ. મ. ના આ. શ્રી સોમસુંદર સૂ. મ. એમના જ (બે તિથિ) પક્ષમાં હોવા છતાં 'ચોમાસામાં શત્રુંજયની યાત્રા ન થાય' આ પરંપરામાં સંમત છે.

તા. ૬-૮-૧૯૯૪ ના એક ઠરાવ બહાર પડ્યો છે. "તા. ૧-૯-૯૪, રત્નત્રયીધામ, 'ચોમાસામાં ગિરિરાજ ઉપર જવું તે શાસ્ત્ર અને પરંપરા વિરુદ્ધ છે. ચોમાસામાં ઉપર જનાર વિરાધક બને છે, તેથી જવું ઉચિત નથી" દ. આ. વિબુધપ્રભસૂરિ (ગચ્છાધિપતિ આ. ભ. શ્રી વિજય રામચંદ્રનો સૂ. મ. નો સમુદાય) આ. કીર્તિસેન સૂરિ, વિનિતસેન વિજય

(૮) પ્રાચીન એકતિથિ પક્ષ (સમસ્ત) ચોમાસામાં શત્રુંજયની યાત્રા ન કરવામાં સંમત છે જ.

(૯) હવે માત્ર રહ્યો એક જ પક્ષ : બેતિથિ પક્ષમાંનો એક વર્ગ : આ. રામચંદ્ર સૂ. સમુદાય. ચાલ ત્યારે તને એમની વાત કરું.

શ્રેયસ્ ! પર્યુષણના બીજા દિવસે જેમ આખા વરસ દરમ્યાન કરવા યોગ્ય ૧૧ કર્ત્તવ્યો બતાવાય છે. તેમ ચોમાસા દરમ્યાન કરવા યોગ્ય ૯ કર્તવ્યો દર્શાવાતા હોય છે.

વિ. સં. ૧૯૯૩ના જૈન પ્રવચન, વર્ષ : ૯, અંક ૨જો - અષાઢ સુદ ૧૦ ના અંકમાં આ.શ્રી રામચંદ્ર સૂ. મ. જે જણાવ્યું છે કે "અષાઢી ચોમાસીથી કાર્તિકી ચોમાસી સુધી ધર્મ આરાધવાના ખાસ દિવસો મનાય છે. તે દિવસોમાં ૧ સામાયિક, ૨ - આવશ્યક, ૩ - પૌષધ, ૪ - દેવાર્ચન, ૫ -સ્નાત્રપૂજા, ૬ - વિલેપન, ૭-બ્રહ્મચર્ય, ૮-દાન, ૯-તપ. આ અનુષ્ઠાનો ચાતુર્માસના અલંકારો છે." હકીકતમાં શ્રેયસ્ ! ચોમાસામાં સમય વધુ મળતો હોય છે. દિવાળી જેવા દિવસો દરમ્યાન રજા પણ વધુ મળતી હોય છે - એટલે કે આ દિવસોમાં યાત્રાનું વિધાન ન કરતા યાત્રા સિવાય માત્ર નવ જ વિધાન કર્યા. કારણ એ જ કે ચોમાસામાં યાત્રા થાય જ નહિ.

તે સિવાય ધર્મરત્નપ્રકરણના પ્રવચન સમયે આ.શ્રી રામચંદ્ર સૂ. મ. જે. કહ્યું છે કે : "જે બાબતનો સૂત્રમાં સર્વથા નિષેધ ન હોય, અને જે જીવવધનો હેતુ ન હોય તે સઘળું અનુષ્ઠાન ચારિત્રવંતને પ્રમાણભૂત છે" અહીં વિચારીએ તો ચાતુર્માસમાં યાત્રા એ જીવવધનો હેતુ છે. એથી એમના મતે જ યાત્રાનું અનુષ્ઠાન પ્રમાણભૂત ન ગણાય.

આગળ વધતા એમણે એમ પણ કહ્યું છે કે : "જે બાબતનું સૂત્રમાં વિધાન નહોય - અને નિષેધ પણ ન હોય અને લોકમાં લાંબાકાળથી પરંપરા ચાલતી હોય.તે ક્યારથી



Scanned by CamScanner

આવી તેની ખબર પણ ન હોય આવી પરંપરાને સંસારભીરુ ગીતાર્થો દૂષિત કરતા નથી. એટલે કે અયોગ્ય છે, **એમ બીજાને ઉપદેશતા નથી".** તો શું શ્રેયસ્ ! આ બધી હકીકતો ચોમાસામાં યાત્રા ન કરવાની પંરપરાને લાગું ન પડે ? પડેજ... તો સંસારભીરું ગીતાર્થ આ પરંપરાને અયોગ્ય છે એમ શેં કહી શકે ? હા; સંસારભીરુ હોય તો જ કહી શકે.

**શ્રેયસ્ :** મહારાજજી ! આપ આને પરંપરા કહો છો. પરંતુ કા. સુ. ૧. ના દિવસે પાલિતાણા ગામમાં રહેનાર કેટલાય ભાગ્યશાળીઓ વર્ષોથી શત્રુંજય ઉપર ચઢે જ છે. તો ચોમાસામાં યાત્રા ન થાય - તે પરંપરા સાચી શેની કહેવાય ?

**મ. જી. :** શ્રેયસ્ ! પાલિતાણામાં રહેનારમાંથી યા અન્ય કો'ક કા. સુ. ૧ ના દિવસે ચઢે છે ખરા, પરંતુ(૧) ખાસ નવામતીના પ્રચારથી, (૨) એનો વિરોધ પણ થયો છે. (૩) યાત્રા માટે નહી પણ માત્ર મંગલ માટે (૪) માત્ર આ દિવસ પુરતી જ યાત્રા (૫) કા. સુ. ૧ ના શત્રુંજય પર ચઢનારમાંથી કેટલાક ભાગ્યશાળીઓ પાંચતિથિ યાત્રા કરવાનો કડક નિયમવાળા છે. છતાં શ્રેયસ્ ! તે ભાગ્યશાળીઓ ચોમાસાની ચારે મહિનાની ૫-૫ તિથિ ૨૦ (તિથિ) ઉપર ચઢતા નથી. તે એ જ કારણે કે ચોમાસામાં શત્રુંજયની યાત્રા ન થાય.

**શ્રે. :** કેટલાક દશેરાએ ધજા ચઢાવવા પણ ચઢતા હોય છે એનું શું ?

**મ. જી. :** શ્રેયસ્ ! આમ તો વૈ. વ. ૬ ના હજારોની ઉછામણી બોલાવવા પૂર્વક ધજા ચઢાવાતી હોય છે. પરંતુ જેમ કેટલાક ગામોમાં લોકાનુમતિએ દશેરે પણ ધજા ચઢાવાય છે. એ રીતે અહીં પણ દશેરાએ ધજા ચઢાવાય છે ખરાઃ પરંતુ ફક્ત પેઢીના કર્મચારીઓ દ્વારા જ. અને એ પણ બોલી બોલાવ્યા વિના.

સાથે એ પણ કહી દઉં શ્રેયસ્ ! આ. સુ. ૮ ના દિવસે ચક્રેશ્વરી દેવીના હોમની પ્રથા પણ પરાપૂર્વથી ચાલે છે. પરંતુ તેમાં માત્ર હોમ કરનારના કુટુંબીજનો અને વિધિકારક સિવાય ખાસ કોઈ નહિ.

**શ્રે. :** મ. જી. ! હવે તો વધારે આવતા હશે ?

શક્ય છે શ્રેયસ્ ! કારણ પછી આગળ પૃષ્ઠ ૫૧ ઉપર કહું છું. પહેલી જે વાત ચાલું છે.તે પૂરી કરીએ, ok



Scanned by CamScanner

चलो आगे बढो श्रेयस् ! ધર્મરત્નપ્રકરણની ૧૦૦મી ગાથા વખતે આ. શ્રી રામચન્દ્ર સૂ. મ. જે કહ્યું કે 'પૂર્વસૂરિઓ સંવિગ્ન, ઉત્તમગીતાર્થ અને વિધિના રસિક હતા. તેમણે જે આચરિતને દુષિત કર્યુ નથી. તેને એવો કયો માણસ વર્તમાનકાળે નિષેધ કરી શકે ? જો તે વિશિષ્ટ શ્રુતજ્ઞાન કે અવધિજ્ઞાન વગેરે અતિશયવાળો નથી - તો ન જ કરી શકે. અને જો હું તે આચરિતને દુષિત કરું તો પૂર્વ-પૂર્વતર ઉત્તમ આચાર્યોની આશાતના કરનાર થાઉં. એ ડર હોય તો કોઈ જ એવો નિષેધ ન કરી શકે.''

તું જ કહે શ્રેયસ્ ! પૂર્વેના ગીતાર્થ પુરુષોએ ચોમાસામાં શત્રુંજયની યાત્રા ન કરવાની પરંપરાને દુષિત કરી નથી અને નવામતીવર્ગ એવો અતિશયવાળો પણ નથી. તો એ પરંપરા શી રીતે દુષિત કરી શકે ? કે દુષિત કરે તો પૂર્વ પૂર્વતર કેટલાય ઉત્તમ આચાર્યોની આશાતના કરનાર બને. અને પ્રાંતે એ પણ કહ્યું કે આશાતનાનો ડર જેને હોય તે એવી પરંપરાનો નિષેધ ન કરી શકે.. શ્રેયસ્ ! હું તને એમના શબ્દોમાં જ કહું છું. હવે તારે જે સમજવું હોય તે સમજજે.

**શ્રેયસ્** ! જો કે આ ધર્મરત્ન પ્રકરણ વિશેની એમની પ્રરુપણા હું તને આગળ કહી ગયો છું. છતાં આ પ્રસંગે જરૂરી હોવાથી ફરી કહી છે.

વિ. સં. ૨૦૪૫માં આ આ. રામચંદ્રસૂરિજી મ. જ્યારે પાલિતાણા બિરાજમાન હતા ત્યારે સત્તર આચાર્ય ભગવંતના નામો(સહી)વાળુ બોર્ડ મૂક્યું હતું. ''चातुर्मासमें गिरिराजकी यात्रा बंध है, चातुर्मासमें गिरिराजका एक भी पगिथया चढनेवाला आराधक नहि है ।''

એ સિવાય પેઢી તરફથી એક પેમ્ફલેટ પ્રકટ થયું હતું. તેમાં ચાતુર્માસમાં યાત્રા નિષેધને સિદ્ધ કરતા આગમગ્રન્થોના નામો પૂર્વક લખાણ હતું કે પરંપરાગત આદેશ પ્રમાણે ચોમાસામાં યાત્રા બંધ, બોલી બંધ, કેશરાદિની વ્યવસ્થાબંધ, ભાતાખાતું બંધ તથા કડક આદેશ તરીકે તપાગચ્છના પ્રાયઃ સમસ્ત સમુદાય તથા વિમલગચ્છ, ત્રિસ્તુતિક સંપ્રદાય, મુનિ સંપ્રદાય વગેરે એમ વિભિન્ન સમુદાયના કુલ ૧૯ આચાર્ય ભગવંતોના નામ નોંધ્યા હતા. આ બધા ગુરુ ભગવંતોના વચનો પણ શું શાસ્ત્રાધારો ન કહેવાય ? કહેવાય જ. મતલબ કે ચોમાસામાં શત્રુંજયની યાત્રા ન થાય એના ઢગલાબંધ શાસ્ત્રાધારો અને પુરાવાઓ છે.

શ્રે. : મહારાજજી ! ચોમાસામાં શત્રુંજયની યાત્રા ન થાય એમ કહીએ તો ગિરિરાજ પર

બિરાજમાન પરમાત્માનું શું ? એ ભગવાન માત્ર પૂજારીને સોંપી દેવાના ? શું એમની આશાતનાનો વિચાર નહીં કરવાનો ?

મ. જી. : શ્રેયસ્ ! આ બાબત પર તને અગ્યાર દૃષ્ટિકોણ બતાવું છું : **પહેલી વાત:** પાલિતાણામાં શત્રુંજય તીર્થની જેવી મહાનતા છે, એવી પરમાત્માની નહિ. તીર્થંકર કરતા પણ શત્રુંજય તીર્થ મહાન છે. તીર્થંકર કરતા મહાન એવા તીર્થની આશાતના કરીને પરમાત્માની ભક્તિ કરવાનું કોણે કહ્યું ? શત્રુંજય પર બિરાજમાન પ્રતિમાજી શાશ્વતા નથી. પણ શત્રુંજયતીર્થ સ્વયં શાશ્વત છે. દા.ત. રાજા અને પ્રધાન બંનેની હયાતિમાં રાજાની અવહેલના કરીને પ્રધાનની ભક્તિ કરવા મંડી પડે તો? બસ; અપેક્ષાએ શત્રુંજયતીર્થ એ રાજા છે. અને ઉપર બિરાજમાન પ્રતિમાજી પ્રધાન છે. **બીજીવાત :** આજે તમારા દેરાસરોમાં પ્રતિમાજી તમે કોને સોંપ્યા છે ? પૂજારીને જ ને ? **ત્રીજી વાત :** આજે ચોમાસા સિવાય આઠે મહિના આદીશ્વરદાદાની ટુંકમાં પણ શું બધા જ ભગવાનને શ્રાવકો સંભાળે છે... કે પૂજારી ? **ચોથીવાત :** શત્રુંજય પર બિરાજમાન નવટુંકમાં ભગવાન કોણ સંભાળે છે ? શું તું પોતે પણ બધે દર્શનમાત્ર પણ કરે છે ખરા ? (પૂજા કે અરિહંત ચેઈઆણંની વાત તો દૂર રહી), **પાંચમી વાત:** હસ્તગિરિ વગેરે તીર્થોમાં ભગવાન કોને સોંપ્યા છે ? પૂજારીને જ ને ? **છઠ્ઠી વાત :** નવગ્રૈવેયક અનુત્તર વગેરેમાં શાશ્વત પ્રતિમાજીની પૂજા કોણ કરે છે ? છે એની કોઈ વ્યવસ્થા ? **સાતમી વાત:** પૂર્વે જમીનમાં પધરાવેલ પ્રતિમાજી સમય થતાં પ્રકટ થાય તો એની અંજન વિધિ ફરી કરવી પડતી નથી. તો જમીનમાં એને કોણ પૂજતું હતું ? **આઠમી વાત:** આ વાતથી શું પૂર્વાચાર્યો અજ્ઞાન હતા ? **નવમી વાત :** તારા દેરાસરમાં થતી આશાતનાનો તને ખ્યાલ છે ખરા ? **દશમી વાત :** તું સ્વયં યથાશક્ય આશાતનાથી બચે છે ખરા ? (૮૪ આશાતના કઈ છે, તેનો પણ તને ખ્યાલ છે ખરા?) અને **અગ્યારમી વાત મહત્ત્વની વાત :** શ્રી અજિતનાથ શ્રી શાંતિનાથ ભગવાનના ચોમાસામાં યા ભૂતકાળના સર્વકાળમાં ગમનાગમ તદ્દન બંધ હતું તે વખતે ભગવંતની પૂજા કોણ કરતું હશે ? મતલબ શ્રેયસ્ ! આવી ડાહી ડમરી વાતો કરીને ચોમાસામાં યાત્રા શરૂ કરાવવાનું ગાંડપણ ન કરાય. Understand ?

**શ્રેયસ્ :** મ. જી. ! 'ચોમાસામાં શત્રુંજયની યાત્રા ન થાય' એ વિશે પૂજ્યપાદ



Scanned by CamScanner

આગમોદ્ધારક સાગરજી મ. શ્રીએ કેમ કાંઈ ખાસ ન કર્યું (કહ્યું?)

**મ.જી. :** શ્રેયસ્ ! પહેલીવાત : ચાતુર્માસના, પર્યુષણના પ્રવચનોમાં તો ફરમાવ્યું જ છે કે 'ચોમાસામાં **સિદ્ધગિરિનું** એક પણ પગથિયું ચઢાય નહિ.'' બીજી વાત : રથનેમી - રાજુલના પ્રસંગને અનુસરીને નાનુ-સું છમકલું દેખાતા - એ આખા પ્રસંગની હકીકત પ્રકટ કરી. ત્રીજી વાત : ૧૯૯૯માં લવાદી ચર્ચાના ૨૫મા પ્રશ્ન સંબંધિ સામાન્ય અણસાર આવવાથી સજાગ બની થોડી ચર્ચાઓ કરી હતી. ચોથી વાત : એમની હયાતી સુધી આ પ્રશ્ન ખાસ ચગ્યો જ નથી. આ પ્રશ્ન ચગ્યો વિ. સં. ૨૦૧૯માં, જ્યારે પૂજ્યપાદ સાગરજી મ. શ્રી વિ. સં. ૨૦૦૬માં કાળધર્મ પામી ગયાં હતા. છતાં તેઓ દીર્ઘદષ્ટા કેવા હતા - એની આછેરી ઝલક બતાવું છે.

પૂજ્યપાદ સાગરજી મ.ને પૂછવામાં આવ્યું કે આપશ્રીએ આગમ મંદિર સંસ્થા ગિરિરાજ ઉપર કેમ ન બનાવી. આ પ્રશ્નના જવાબમાં પૂજ્યપાદ આગમોદ્ધારક સૂરિવરે કહ્યું કેઃ 'શ્રી ગિરિરાજ ઉપર **બારેમાસ જવાનું ન હોવાથી** એ આગમમંદિર સંસ્થાની સતત સેવા બને નહિ.' એ સિવાય શ્રેયસ્ ! આગમ મંદિર બનાવવાના માધ્યમે ગિરિરાજની એક પણ શીલા ન દબાય તે પણ માન્યતા હતી - એથી આગમમંદિર ગિરિરાજ ઉપર ન બનાવતા - નીચે બનાવ્યું... આ હકીકત ઉપરથી નિર્ણય થાય છે કે એ વખતે પણ પૂજ્ય સાગરજી મ. જે કહ્યું છે કે 'ચોમાસામાં ઉપર ન ચઢાય' જે વખતે નવામતીએ આવું અનિષ્ટ પગલું ભર્યું નહોતું.

**શ્રેયસ્ :** મ. જી. ! આ બધી આપની વાત સાચી, પણ શિલાલેખોનું શું ? એ શિલાલેખો તો શિલ્પશાસ્ત્રજ્ઞ પૂજ્યપાદ આ. ભ. શ્રી કંચનસાગર સૂ. મ. જે જ તો બહાર પાડ્યા છે. એ શિલાલેખોમાં કેટલાક તો ચોમાસામાં યાત્રાની પુષ્ટી કરનાર છે. એવું કલ્યાણ માસિકમાં આ. શ્રી રવિચંદ્ર સૂ. મ. જે જાહેર કર્યુ છે.

**મ. જી. :** શ્રેયસ્ ! સારું થયું તે **શિલાલેખો**નું યાદ કર્યું. મેં તને પૂર્વે (પૃષ્ઠ નં. ૧૯ ઉપર) કહ્યું હતું કે આ અંગેની સત્ય હકીકત તને આગળ સમજાવું છું.

હા; શ્રેયસ્ ! 'ચા કરતા કીટલી ગરમ' એ કહેવત અનુસાર આ. શ્રી રવિચંદ્ર સૂ. મ. જે શિલાલેખોની બાબતમાં શિલ્પશાસ્ત્રજ્ઞ પૂ. આ. ભ. શ્રી કંચનસાગર સૂ. મ. ને પણ અડફેટમાં લેવા પ્રયત્ન કર્યો. પરંતુ આખરે બધી પોલ ખૂલી ગઈ ને સત્ય પ્રકાશિત થયું. હવે એ પોલ અને સત્ય તારી સામે રજુ કરું છું.



Scanned by CamScanner

આચાર્ય રવિચંદ્ર સૂ. મ. જે (૧) સં. ૧૬૨૦ ના કાર્તિક સુદિ ૨ નો લેખ રજુ કરીને નોંધમાં જણાવ્યું કે: 'કાર્તિકસુદ-૨ના દિવસે શ્રીપાસવીર આદિએ શ્રી સિદ્ધગિરિ ઉપર કાંઈ કર્યું હોય (યાત્રા કે પ્રતિષ્ઠા) એમ જણાય છે ? તેનો સ્પષ્ટ ઉલ્લેખ નથી.'

શ્રેયસ્ ! અહીં મૂળલેખમાં યાત્રા કે પ્રતિષ્ઠાનો કોઈજ ઉલ્લેખ નથી. છતાં ગપ્પુ માર્યું કે 'યાત્રા કે પ્રતિષ્ઠા' એમ જણાય છે. શ્રી પાસવીર પાગલ નહોતા કે ચોમાસામાં સિદ્ધગિરિની યાત્રા કે પ્રતિષ્ઠા કરે.

(૨) સં. ૧૬૧૫ના શ્રાવણ સુદ ૨ના મિતિવાળો બીજો લેખ રજૂ કરીને એમણે નોંધમાં જણાવ્યું કે સં. ૧૬૧૫ના શ્રાવણ સુદ ૨ ના દિવસે અમદાવાદ નિવાસિ શ્રીમાળી સંઘવી ગેલાના પરિવારે સફળયાત્રા કરી તેમજ પૂજ્ય આ. મહા. શ્રી જગદ્ગુરુ હીરવિજય સૂરિના ઉપદેશથી અને શ્રાવણ સુદ-૨ના દિવસે સિદ્ધગિરિ ઉપર દેરી માટે દાન કરેલ છે.''

એક તો શ્રેયસ્ ! આ શિલાલેખમાં આ. રવિચન્દ્રસૂરિજીએ 'અને' શબ્દ પોતાના ઘરનો ઉમેર્યો છે. એ 'અને' શબ્દ વચ્ચે મૂકવાથી લોકોમાં ભ્રમણા પેદા થાયકે પૂ. હીરસૂ. મ. ના ઉપદેશથી યાત્રા સફળ થઈ :

શ્રે. : મ. જી. ! સફળ યાત્રા કરી એનો મતલબ એ જ ને કે ચોમાસામાં યાત્રા કરી... ?

**મ. જી. :** શ્રેયસ્ ! એવો અર્થ નથી.એક વાત તો નક્કી જ ને કે આજના કાળ કરતા નવામતી દૃષ્ટીએ પણ ભૂતકાળમાં નિગોદઆદિની વિરાધના સખ્ખત હતી. એથી જ તેઓ (નવામતી) કહે છે કે ભૂતકાળમાં યાત્રાનો નિષેધ હતો. આજે (પગથિયા હોવાથી) શું વાંધો ? (એના જવાબ અપાઈ જ ગયા છે.) તો એ કાળમાં સખ્ખત વિરાધનાને કારણે **સફળ યાત્રા** શી રીતે સંભવે ? આ તો એમની જ દૃષ્ટિએ વાત કરું છું.

તો મ.જી. ! સફળ યાત્રાનો મતલબ શો સંભવે ?

શ્રેયસ્ ! એનો અર્થ એ સંભવે કે કદાચ શ્રા. સુ. ૨ ના અમદાવાદમાં જ શ્રીમાળી ગેલા પરિવારે ભાવયાત્રા કરી હોય. અને એજ વખતે સિદ્ધગિરિ સંબંધિ દાન જાહેર કરેલ હોય. અને એ વખતે પૂ. આ. ભ. શ્રી હીરસૂરિ. મ. ની ઉપસ્થિતિ પણ કદાચ હોય. (અને કદાચ અસત્કલ્પનાએ તેઓના કહેવા પ્રમાણે દ્રવ્યયાત્રા કરી હોય તો તેવી વ્યક્તિગત



Scanned by CamScanner

વાતને સિદ્ધાન્તનું રૂપ અપાય ખરું ?)

શ્રેયસ્ ! મારો દૃષ્ટિકોણ એ જ કે સિદ્ધાન્તને લેશમાત્ર પણ ઠોકર ન વાગે - તે રીતે શાસ્ત્ર કે શિલાલેખોના શબ્દોને બેસાડવા. **શાસ્ત્રથી અવિરુદ્ધ વર્તવામાં જ સાધુની સજ્જનતા છે.**

ઠીક શ્રેયસ્ ! ત્યારબાદ (૩) સં. ૧૬૧૫ શ્રાવણ સુદ ૨ નો ત્રીજો લેખ રજૂ કરીને નોંધમાં જણાવ્યું કે : ''સં. ૧૬૧૫ શ્રાવણ સુદ ૨ દિવસે અમદાવાદ નિવાસી શ્રીમાળી સંઘવી મોહાના પરિવારે હીર વિજયસૂરિના ઉપદેશથી સિદ્ધગિરિ ઉપર ચઉમુખ પ્રાસાદબિંબ અને પ્રાસાદોદ્ધાર કરાવ્યો.''

શ્રેયસ્ ! શ્રા. સુ. ૨ ના દિવસે પૂ. હીરસૂરિ મ. નો ઉપદેશ પામીને શેષકાળમાં ગમે ત્યારે ચઉમુખ બિંબ અને પ્રાસાદોદ્ધાર કરાવે અને જ્યારે તૈયાર થાય ત્યારે ઉપદેશ પામેલ દિવસની નોંધ મૂકે. એટલે શું એમ સમજવું કે એ જ દિવસે બધું કરાવ્યું ?? ના, એવું અહીં નહિ માનવાનું અને જ્યારે ચોમાસામાં યાત્રા જ નથી, તો તો નક્કી એમ જ સમજવું પડે - તે(શ્રા. સુ. ૨) દિવસે ચઉમુખ પ્રાસાદોદ્ધાર ન જ કરાવ્યો હોય.

અથવા કદાચ મજૂર વર્ગે સંજોગોવશાત તે દિવસે પ્રાસાદોદ્ધારનું કાર્ય પૂર્ણ કર્યું હોય, તો શું એ દિવસની તિથિ ન મૂકી શકે ? એનો મતલબ એવો નહિ કે તે દિવસે મોહાના પરિવારે ઉપર હાજરી આપી છે.

શ્રેયસ્ ! શાસ્ત્રના અર્થને સમજવા માટે સમ્યગ્દર્શનની હયાતિ, પારંપરિકજ્ઞાન અને પાપભીરુતા અતિઆવશ્યક છે. અન્યથા અર્થનો અનર્થ થઈ જાય.

શ્રેયસ્ ! પૂ. આ. હીર સૂ. મ. ના શિલાલેખની વાત આટલેથી નથી પતતી. આ. શ્રી રવિચંદ્રસૂરિ મ. જે તો કલમ આગળ ચલાવીને પૂ. હીર સૂ. મ. ના **આશીર્વાદ** પણ નોંધ્યા છે. અને એથી પણ આગળ વધીને નોંધે છે કે પૂર્વનો (નં.૨નો) શિલાલેખ અને આ, બંને એક જ દિવસે થયેલ છે. આ લેખ ઉપરથી સિદ્ધ થાય છે કે પૂ. જગદ્ગુરુ હીરસૂરીશ્વરજી મહારાજાની **શુભનિશ્રામાં** સિદ્ધિગિરિ ઉપર ચોમાસા યાત્રાદિ થઈ શકતા હતા.'' આવું નોંધીને શાસ્ત્રનિરપેક્ષ મતિ કલ્પનાના આધારે શિલાલેખમાં આશીર્વાદ કે નિશ્રા શબ્દ ન હોવા છતાં કલ્યાણમાં એ શબ્દો ચિત્રી દીધા. મતલબ કે પોતાની એક ખોટી વાતને અસલીયત સિદ્ધ કરવા કેટ-કેટલા જૂઠાણાનો સહારો લેવો પડે છે. મતિ કલ્પનાથી ઠેઠ પૂ. હીરસૂરિ મ. ને પણ ચોમાસામાં ગિરિરાજ પર પહોંચાડી



Scanned by CamScanner

હવાનું ખોટું પાપ વહોરી લેવું પડ્યું.

(૪) "૧૭૫૮ ના કાર્તિક સુદિ ૨ ને બુધવારે વૃદ્ધિસાગર સૂરિજીની ચરણપાદુકાની પ્રતિષ્ઠા લક્ષ્મી સાગર સૂરિજીએ કરી" - તેમજ (૫) "ગૌતમસ્વામીજીની પાદુકાની ૧૬૩૯ ના આસો સુદ ૧૦ ના પ્રતિષ્ઠા કરી", એ અંગેના શિલાલેખો તેમણે રજૂ કર્યા છે. આ શિલાલેખોના આધારે **એમ નિર્ણય ન કરાય કે આ દિવસે ગિરિરાજ પર પ્રતિષ્ઠા થઈ છે.** આ શિલાલેખોનો અર્થ એ છે કે કોઈક ગામમાં ચોમાસામાં અંજનશલાકા થઈ હોય અને તે દિવસ તિથિ વાર વગેરે તે પ્રતિમા યા પાદુકા નીચે કંડરાઈ હોય. કેમકે અંજનશલાકા થયા પછી પ્રતિમા-પાદુકાને ટાંકણું તો અડાડાય પણ નહિ. અને અંજનશાલાકા પૂર્વે કંડારાતી વખતે તિથિ-વાર આદિની સાથે 'प्रतिष्ठितम्' શબ્દ મૂકાય છે.

આ. રામચંદ્ર સૂ. મ. જે કોઈક ગામમાં આવી રીતે અંજનશલાકા કરાવી હોય. અને તે વખતે પ્રતિમામાં લાંછનની બાજુમાં તેમના નામ-તિથિ-વારની સાથે જે 'प्रतिष्ठितम्' શબ્દ લખાયો હોય, અને તે જ પ્રતિમા કોઈક લંડનના દેરાસરમાં બિરાજમાન થાય, તો શું 'प्रतिष्ठितम्' શબ્દ ઉપરથી એમ નક્કી થાય ખરા કે આ. શ્રી રામચંદ્ર સૂ. મ. લંડનમાં પ્રતિષ્ઠા કરાવવા પધાર્યા હતા ? ના, હરગીઝ નહીં, શક્ય જ નથી. કેમકે લંડનમાં જવું હોય - તો પ્લેન કે સ્ટીમરનો ઉપયોગ કરવો જ પડે. અને જૈન સાધુ સ્ટીમર કે પ્લેનનો ઉપયોગ હરગીઝ ન કરે. એવી રીતે આ 'प्रतिष्ठितम्' શબ્દ પરથી એમ ન જ કહેવાય કે આસો-કાર્તિક સુદમાં ઉપર પ્રતિષ્ઠા થઈ છે. કેમકે આસો કાર્તિક સુદમાં ઉપર પ્રતિષ્ઠા કરવી હોય તો ચોમાસામાં ઉપર ચઢવું જ પડે, ને જૈન સાધુ (ઉપલક્ષણથી શ્રાવક પણ) ચોમાસામાં હરગીઝ ઉપર ચઢતાં જ નથી. માટે આ વાત તદ્દન અસંભવિત છે. અહીં 'प्रतिष्ठितम्' નો મતલબ તે દિવસે **કોઈક ગામમાં** અંજનાદિ થયેલ છે, એમ સમજવું.(ગિરિરાજ પર નહિ.)

શ્રેયસ્ ! આ રીતે તે તે શિલાલેખોના ખોટા-જૂઠા અર્થ કરીને ચોમાસામાં યાત્રા પ્રવાહ શરૂ કરાવાય છે.

હા. મ. જી. ! હવે તો વર્ષાનુવર્ષ ચોમાસામાં યાત્રિકો વધતા જાય છે.

શ્રેયસ્ ! યાત્રિકો વધતાં જાય છે તે વાત સાચી એમાં (૧) કારણ એ કે : તેઓને આરાધના - વિરાધનાની કશી ગતાગમ હોતી નથી.અને એ જાણવાની પણ તેઓને પડી નથી અને (૨) તેમને તો એટલું જ કે ચોમાસામાં ગિરિરાજ પર યાત્રા કરવાનું



Scanned by CamScanner

જૈનસાધુ જ કહે છે ને, વળી, એમાં પણ આચાર્ય કહે છે, પછી શું વાંધો છે ? એમને તો કોણ સાધુ ? કેવા સાધુ ? કે કોણ આચાર્ય ? કેવા આચાર્ય ? એની કશી ફિકર નથી. મનમાં એટલું જ કે કહેનારને શ્રી મહાવીરનો ભેખ છે ને. બસ; આપણે માની લ્યો... હા; વળી આજના કાળમાં ગૃહસ્થે સાધુનું માનવાનું પણ એજ કે જે પોતાને અનુકુળ હોય... ભાવતુ' તું - ને વૈદ્યે કહ્યું. એક તો ચોમાસામાં ધંધાની દૃષ્ટિએ સિઝન સાવ ઠંડી હોય.. ને ચોમાસામાં પાલિતાણામાં યાત્રિકોની અવર જવર પણ ઓછી હોય. જેથી શાંતિથી - મજેથી યાત્રા થઈ શકે, ને યાત્રામાં સાધુની સહી હોય. બસ; આ કારણથી ગૃહસ્થો ચોમાસામાં યાત્રા કરતા થયા છે.

પરંતુ શ્રેયસ્ ! એમાં ખાસ **આરાધક** યાત્રિકો હોતા નથી. વળી યાત્રાના ઉન્માર્ગે આંશિક વધેલા આત્માઓ પૂ. આ. ભ. શ્રી નરેન્દ્રસાગર સૂ. મ. ના 'ચોમાસામાં તીર્થ યાત્રા ન થાય' એ પુસ્તકના આધારે હજું પણ આરાધક આત્માઓ ઉપર જતાં ઘટતાં જાય છે. કેમકે આમ તો જૈનત્વમાં પાપનો ડર સ્હેજે હોય જ છે. વળી આગમ-શાસ્ત્રોના માધ્યમે જીવની વિરાધનાની જાણકારી પણ મળે.જેથી પુસ્તક વાંચનાર યાત્રિકો યાત્રા કરતા ઘટતાં જાય..

**શ્રે.** મ.જી.! જીવ વિરાધનાનો ડર તો ચોમાસામાં યાત્રા શરુ કરાવનારાના હૃદયમાં પણ હશે તો ખરો જ ને ?

**મ.જી.** ! શ્રેયસ્ ! આમ તો જૈન સાધુમાં જીવવિરાધનાનો ડર હોય જ છે (જૈનગૃહસ્થમાં હોય - તો સાધુમાં કેમ નહિ ? હોય જ.) છતાં જ્યારે કોઈપણ વાત વકરે છે ત્યારે તે જીવવિરાધનાની વાતગૌણ બનતી જાય છે. છતાં આ પ્રસંગે એક મહત્ત્વની વાત કહું છું. આમ તો વાત તને ન કરત. પરંતુ જે વ્યક્તિ શાસ્ત્રીય સિદ્ધાન્ત માનનારને હલકા ચિત્રે ને પોતાની જાતને મહાન ચિત્રે.. તે શે નભાવાય... ???

એકવાર આ. શ્રી રવિચંદ્ર સૂ. મ. જે. કલ્યાણ માસિક : વર્ષ ૪૦ : અંક - ૮ માં લખ્યું હતું કે 'ચોમાસામાં યાત્રાનો નિષેધ કરનારાઓમાં જેટલો પ્રેમ જયણાનો છે તેના કરતાં કઈ ગુણો પ્રેમ અમારામાં છે તે વાતને તેઓ ન ભૂલે.''

આના જવાબમાં અમારા પૂ. આ. ભ. શ્રી નરેન્દ્ર સાગર સૂ. મ. જે પોતાના પુસ્તકમાં એમના **જયણાપ્રેમના નમૂના** ટાંક્યા છે.એ જે નીચે જણાવેલ નમૂના પરથી નક્કી થઈ શકે કે તેઓમાં જયણાપ્રેમ (જીવદયા) કેટલે અંશે છે.



Scanned by CamScanner

નમૂનો નં.૧-આ નમૂનો વિ. સં. ૨૦૧૪માં જ્યારે આ. શ્રી રામચંદ્ર સૂ. મ. અમદાવાદ જ્ઞાનમંદિરમાં હતા તે વખતે તે જ્ઞાનમંદિર અંગે અને જ્ઞાનમંદિરમાં રહેનાર સાધુની પરિસ્થિતિ પ્રકટ કરતો પત્ર એક મુનિએ ગુરુ પર લખેલ છે. તેમાંથી માત્ર જયણાદિ સંબંધિ વાત પૂ. આ.શ્રી નરેન્દ્ર સા. સૂ. મ. જે પ્રકટ કરેલ છે.

(૧) "આપશ્રીએ જ્ઞાનમંદિરમાં રહેવાનું નક્કીકર્યું હોયતો ત્યાં આખો દિવસ ને રાત ઘોંઘાટ જ ચાલ્યા કરે છે. શ્રાવક-શ્રાવિકા અને સાધ્વીથી આખો દિવસ ઘોંઘાટ જ ચાલતો હોય છે. થોડીવાર પણ શાંતિ રહેતી નથી. **સહું પોત-પોતાની જગ્યાએ બેસી શ્રાવકોની સાથે વાત કરવામાં જ મશગૂલ રહે છે** અને અભ્યાસ કરવાનો જરાય સમય મળી શકે તેમ નથી. ૧લા માળથી માંડીને પાંચમા માળ સુધીના એકેય માળમાં શાંતિનું નામ જ નથી. લગભગ ૭૫ થી ૮૦ સાધુઓ જ્ઞાનમંદિરમાં હશે અને **માત્રુ પરઠવાની જગ્યા તો પાણીથી ખદબદે છે. અને એવી વાસ મારે છે કે માણસ માંદા પડી જાય એવું છે.**

(૨) 'બધી ગેલેરીઓ પાણીથી જ ભરેલી પડી હોય છે.કારણકે બધા બહાર જઈને આવે કે સ્થંડિલ જઈ આવે એટલે **૦૧-૦૧ કલાકે પગ ધોવા આવે છે એટલે ત્યાં પણ પાણીના રેલા ચાલે છે."**

(૩) **'રાત્રે માંકડનો ધોધ વરસે. જરાપણ ઉંઘ આવે તેમ નથી.અને કેટલાય માંકડોનો કચ્ચરઘાણ વળી જાય તેવું છે.**

નમૂનો ૨ : જે વખતે આ. રામચંદ્ર સૂ. મ. પાલિતાણામાં ચોમાસું હતા ત્યારે તેમના સાધુ સાધ્વી વગેરે સહુ ધૂમ્મસ કે વરસાદના છાંટા આવતા હોય તોય તલાટીની યાત્રા, વ્યાખ્યાનો માટે દોડાદોડ, વંદન પ્રસંગે કે ગોચરી પાણી પ્રસંગે પણ હા-હા-ખીખી-કરતા તેમજ વાતો કરતા જવા પૂર્વક ગમનાગમનની દોટ એવી હોય છે કે પગ નીચે કીડી, મંકોડી, કુંથુઆ અને પતંગીયા આદિની કેટલી વિરાધના થઈ તે જોવાની પણ ફુરસદ ન હોય.

નમુનો ૩ : રાજકોટમાં જ્યારે સ્થાનકવાસી સંપ્રદાયના આચાર્ય તુલસી આવેલા ત્યારે પૂ. આ.ભ.શ્રી નરેન્દ્ર સા. સૂ. મ. માંડવીશેરીના તપગચ્છ સંઘના ઉપાશ્રયમાં હતા.ત્યારે આ. રામચંદ્ર સૂ. મ. સમુદાય ઉપરના હોલમાં હતા. તે વખતે આખા દિવસ - રાતમાં સાધુઓ માત્રું મોટે ભાગે ઉપર ગેલેરીમાંથી જ પરઠતાં (ફેંકી દેતાં) હતા." ઉપરથી



Scanned by CamScanner

નીચે ફેંકતા કેટલીય કીડી - મંકોડા આદિ ત્રસજીવોની વિરાધના થતી હશે.

તે સિવાય શ્રાવણ - ભાદરવાની ફુલવરસાદ સિઝનમાં ગિરિરાજ પર અનંતા નિગોદાદિ જીવો ઉત્પન્ન થયેલા હોય તો પણ શ્રાવકોને હોંશે હોંશે ઉપર મોકલે છે. તેમાં કેવી વિરાધના ??? આમાં જયણાનો રાગ કેટલો છે - તે સ્પષ્ટ થાય છે.

ટૂંકમાં જ્યારે જીદ કે પક્કડ પકડાઈ જાય છે - ત્યારે શાસ્ત્ર, વિરાધના વગેરે બધું જ બાજુ પર રહી જાય છે માટે શાસ્ત્રનિરપેક્ષ કોઈ પણ બાબતમાં જીદ કે પક્કડ ન પકડવી.

જીદ કે પક્કડને કારણે જ તો **શ્રેયસ્ !** આજે જોરદાર - ચોંટદાર - દમદાર ને શાનદાર તર્કસહિતના શાસ્ત્રપાઠો ઉપલબ્ધ હોવા છતાં પાપથી સાવ નિર્લજ્જ બની ચોમાસામાં શત્રુંજયની યાત્રા કરાવવાના આવા અધમકૃત્યો આચરાય છે.જો આવી જીદ કે પક્કડ ન હોત તો !!!

**શ્રેયસ્ !** હું તને છાતી ઠોકીને કહી શકું છું કે કોઈપણ પાપભીરુ આત્મા આપણી પ્રશ્નોત્તરીને એકવાર ઉપરછલ્લી નજરે પણ સમજી જાય તોય સો ટકા ચોમાસામાં શત્રુંજયની યાત્રા કરવાનું દુ:સાહસ કદાપિ ન કરે.

કદાચ, આ. શ્રી રામચંદ્રસૂરિજી મ. ના કોઈક પાપભીરુ સાધુ પણ જો આ પ્રશ્નોત્તરીને નિષ્પક્ષભાવે સમજે - તો પણ નિ:શંક કોઈને ય ચોમાસામાં યાત્રા કરાવવાનું અજુગતું સાહસ ન કરે.

**શ્રેયસ્ !** છેલ્લી વાત : શાસ્ત્ર આજ્ઞા અને પરંપરાને પ્રાધાન્ય આપીને કરેલી આપણી આજની વિચારણા જગત્ સમક્ષ રજૂ થાય અને આ. શ્રી રામચંદ્રસૂરિજી પક્ષ (બેતિથિ વર્ગ) તથા બીજા પણ અજ્ઞાનજીવો ચોમાસામાં શત્રુંજયની યાત્રા કરવા- કરાવવા અને અનુમોદનાના ભયંકર નિકૃષ્ટ પાપથી અટકે - એ જ અંતરેચ્છા :

**સર્વથા સૌ સુખી થાઓ, પાપ ન કોઈ આચરો;**
**રાગ-દ્વેષથી મુક્ત બનીને, મોક્ષ સુખને સહું વરો.**

**यो मेऽद्य स्निह्यते तस्य, शिवमस्तु सदा भुवि ।**
**यश्च माम् द्वेष्टि लोकेस्मिन्, सोऽपि भद्राणि पश्यतु ॥**



Scanned by CamScanner

# પત્ર પર્ષદા

**(પ્રથમ આવૃત્તિના પ્રત્યુત્તર તરીકે બાર વર્ષ પહેલાં સં. ૨૦૫૬ની આસપાસ આવેલા પત્રો)**



આ પર્ષદામાં માત્ર પત્ર જ નહી, પત્રની સાથે ★ પુસ્તકના પ્રસંશાપુષ્પ પણ છે. ★ ચોમાસામાં શત્રુંજય યાત્રા વર્જનનું અભિવાદન છે. ★ પત્રદાતા પૂજ્યોનો શાસન પરનો અનુરાગ છે. ★ લેખક પૂજ્યશ્રી પર અંતરના આશીર્વાદ છે. ★ આવા બીજા પુસ્તકો તૈયાર કરવા પ્રેરણાભાથું છે. ★ ચોમાસામાં શત્રુંજયની યાત્રા કરનાર સામે પડકાર છે. ★ ચોમાસામાં ગિરિરાજનું એકપણ પગથિયું ચઢે તો આચાર્ય ભગવંત અર્પિત પ્રાયશ્ચિત્ત છે.

તા. ક. : પૂજ્ય ગુરુભગવંતોના પત્રમાં પૂ. પંન્યાસશ્રી અક્ષયચન્દ્ર સાગરજી મ.સા. ઉપર વિશિષ્ટ વિશેષણો તથા નવામત પર તિરસ્કાર દૃષ્ટિ પથરાયેલી છે. પરંતુ પૂ. લેખકશ્રીની પ્રકટ કરવાની અનિચ્છાને કારણે નોંધી નથી.

## રાષ્ટ્રસંત પૂ. આ. શ્રી જયંતસેનસૂરીશ્વરજી મ.સા.
## (પૂ. રાજેન્દ્ર સૂ. મ. ત્રિસ્તુતિક)

આપના તરફથી ૨ પુસ્તકો તથા પત્ર મળ્યો. વાંચી આનંદ થયો. આપશ્રીએ સચોટ જવાબ આપેલ છે. લખાણ ખુબ જ સરસ અને સમજણપૂર્વક આપેલ છે.

તિથિમાં પણ અમે આજ પ્રમાણે વર્તીએ છીએ.

હવે મારા સંસારીપણાનો અનુભવ આપને બતાવું કે અમે ચોમાસામાં પાલીતાણા યાત્રાએ આવ્યા અને ડુંગર ઉપર યાત્રા કરવા ગયા તે વખતની વિગત કે ડુંગરની પાવડીયોમાં એટલી જીવાત હતી કે જાણે પગ મુકવો પણ મુશ્કેલ પડે જે અમે મારવાડમાં કોદરમીયો કહીએ છે તે એટલી હતી કે હદપાર વગરની. તેને ૧૦૮ પગ હોય છે જાણે કાનખજુરા જેવી હોય છે અને ઉપર દાદાને ત્યાં ગયા પછી વરસાદના લીધે લીલ-ફુગ ખુબ જ હોય છે. પગ પણ સાચવીને ન મુકીએ તો જાણે પડ્યા જ કે હાડકાઓ પણ ભાંગી જાય એ હિસાબે ઉપર જવું સાવ અયોગ્ય છે. બાકી તો હવે જેણે જે રુચ્યું તે ખરું કરવા પ્રયાસો કરે જ. બાકી શાસ્ત્રીય દૃષ્ટિએ બરાબર નથી લાગતુ અને વેવારથી પણ બરોબર નથી. મને તો ચોમાસામાં જે ટુરો નિકળે છે - સમેત શીખરજીની, તે પણ બરાબર નથી લાગતી. હું પણ સંસારીપણામાં પટણી ટુરમાં ગયો હતો તો ત્યાં શીખરજી ઉપર ચઢતા ચઢતા લીલવાલી માટી ગીલી હોવાથી પગ લપસીને પડવા જેવ સ્થિતિ હતી અને વહેલા અંધારામાં ચઢવાથી જીવ વિરાધના તો થાય જ છે. હવે યાત્રાર



Scanned by CamScanner

એટલે પડાપડી છે.બાકી જિન આજ્ઞા તો લોકોએ નેવે મુકી દીધી છે. વિશેષ શું, સેવાકાર્ય ફરમાવશોજી.

**જયંતસેન સૂરિ શિષ્ય સમ્યગ્રત્નની વંદના**

## પૂ. આ. ભ. શ્રી ચિદાનંદસૂરીશ્વરજી મ.સા. (પૂ. મોહનલાલજી મ.)

આપશ્રી તરફથી પુસ્તિકા ''શત્રુંજય મહાર્યાદાયૈ નમઃ'' તથા ''આ તે સન્માર્ગ કે ઉન્માર્ગ'' સાભાર મલી. અનુમોદના તથા આશીર્વાદ સાથે જણાવવાનું કે સમ્યગ્જ્ઞાનની આરાધના પ્રભાવના દ્વારા શાશ્વત સુખને પામીએ. એ અભિલાષા.

**દ. ચિદાનંદ સૂરિ**

## પૂ. મુનિરાજ શ્રી દેવરત્નસાગરજી મ.સા. (અચલગચ્છ)

ગઈકાલે જ ટપાલ દ્વારા શત્રુંજય મહામર્યાદાયૈ નમઃ પુસ્તિકા પ્રાપ્ત થઈ. નાનું પણ સુંદર પ્રકાશન થયું છે. એક બેઠકે આખું પુસ્તક વાંચી ગયો. ગયા વરસની (સૂતકની) જેમ આ વરસેય વિષય સુંદર પસંદ કર્યો. સંકલનતા, સચોટ, સંદર્ભસૂચિ ઇત્યાદિથી સભર બન્યું છે. પ્રયાસ પુરુષાર્થ પર ઓવારી જવાયું. સાચી સમજ કેળવવા આ પુસ્તક માર્ગદર્શન આપશે. આગામી વરસ માટે કોઈ ધુંવાંદાર વિષય....? અંતરથી અનુમોદના કરી છે.

**દેવરત્નસાગરની વંદના**

## પૂ. આ. ભ. શ્રી વિજય ભદ્રંકરસૂરીશ્વરજી મ.સા. (પૂ. બાપજી મ.)

પ્રાચીન પરંપરાને પુષ્ટ કરવાની તમારી મહેનત પ્રશસ્ય છે.

**લિ. નરરત્નવિજયની અનુવંદના**

## પૂ. ગચ્છાધિપતિ આ. ભ. વિજય શ્રી રામસૂરીશ્વરજી મ. (ડહેલાવાલા)

સૂતક મર્યાદા અને શત્રુંજય મર્યાદા બન્ને પુસ્તક મળ્યા. તેમાં તમોએ યુક્તિ પુરસ્કાર શાસ્ત્રીય-પરંપરાની જે રજુઆત કરી, કુયુક્તિનું સુંદર રીતે ખંડન કર્યું છે. તેનાથી અપપ્રચાર દ્વારા ભદ્રિક શ્રદ્ધાળુઓને ભરમાવવા પ્રયત્ન કરતાં વર્ગને સચોટ પડકાર કર્યો છે.

**લિ. ગુર્વાજ્ઞાથી જગચ્ચંદ્રની અનુવંદના**

## પૂ. આ. ભ. શ્રી વિજય રત્નચંદ્રસૂરીશ્વરજી મ. (પૂ. રામસૂરિજી મ.)

પુસ્તક મળ્યું - વાંચ્યું, આનંદ થયો. ખરેખર છેલ્લા કેટલાંક સમયથી વિપક્ષી પ્રચાર જોરદાર હતો કે ઘણાંના મનમાં પણ સત્ય શું હશે એવા વિચારો આવતા હતા.

આ પુસ્તકના માધ્યમથી ખોટી ભ્રમણા દૂર થશે અને સૌ સાચા રાહ ઉપર આવશે, 'સન્માર્ગ કે ઉન્માર્ગ' નામનું પુસ્તક પણ મળેલ છે.

**વિ. રત્નચંદ્રસૂરિ**



Scanned by CamScanner

## પૂ. આ. ભ. શ્રી વિજય ભદ્રગુપ્તસૂરીશ્વરજી મ.સા. (પૂ. ભુવનભાનુ સૂ. મ.)

તમે મોકલેલું શત્રુંજય ગિરિરાજની યાત્રા અંગેનું પુસ્તક મળ્યું. પુસ્તક સુંદર છે, મારી તબિયત અસ્વસ્થ છે. અનુકુળતાએ વાંચી જવાની ભાવના છે. તમારો પ્રયત્ન પ્રશસ્ય છે. કુશલ રહો.

**ભદ્રગુપ્તસૂરિ**

## પૂ. આ. ભ. શ્રી વિજય ગુણરત્નસૂરીશ્વરજી મ. (પૂ. ભુવનભાનુ સૂ. મ.)

શત્રુંજય મર્યાદાયૈ નમઃ પુસ્તક મળ્યું. ઉપરથી થોડું વાંચન કર્યું છે. વર્તમાનમાં એક ગ્રુપ સિવાય કોઈ ઉપર ચઢવાનું કહેતા નથી. પોતે ખુદ પૂ. આ. રામચંદ્રસૂરિજી મ.સા. ચઢ્યા હોયતે પણ સાંભળ્યું નથી.

**- પં. રવિરત્નવિજય**

## પૂ. પં. પ્રવર શ્રી શિવાનંદવિજયજી મ. (પૂ. ભુવનભાનુ સૂ. મ.)

તમારા તરફથી 'શત્રુંજય મહામર્યાદાયૈ નમઃ' ની પુસ્તિકા મળી વાંચી. ગિરિરાજની યાત્રા ચોમાસામાં ન જ કરાય. જે કરે છે તેઓ પૂર્વાચાર્યોની આજ્ઞાનો લોપ કરે છે. તે શાસ્ત્રવિરુદ્ધ છે જ. પડતા કાળના પ્રભાવના કારણે સ્વછંદતા ને મન માન્યા નવી નવી પ્રથા ભવિષ્યમાં થવાની જ. પણ જે પ્રથમ શરૂ કરે તે દોષના ભાગી છે. ને કરનારા પણ દોષના ભાગી બને છે. શ્રી તીર્થંકરની આજ્ઞાની જેમ જ ગુર્વાજ્ઞા છે. તે ભવભીરું આત્મા જ માની ને સ્વીકાર શકે. પણ જેને ભવનો ભય નથી તેમના માટે તો બધાજ દિવસો સરખા.

**- પંન્યાસ શિવાનંદ વિ.**

## પૂ. મુનિરાજ શ્રી જિનહંસવિજયજી મ.સા. (પૂ. ભુવનભાનુ સૂ. મ.)

'શત્રુંજય મહામર્યાદાયૈ' પુસ્તકના અભિપ્રાય સંબંધી : આ પુસ્તકમાં શત્રુંજય યાત્રા બાબત અનેક વાતો આવરી લીધી છે. તેમાં ચોમાસામાં સિદ્ધગિરિની યાત્રા ન થાય તેના માટે ચોક્કસ દલીલો અને શાસ્ત્રોનું પ્રમાણ બતાવ્યું, તે વાંચી ખૂબ જ આનંદ થયો છે.

આ વર્ષે કયા વિષય પર નવું પુસ્તક બહાર પાડો છો ? એજ.. **જિનહંસવિજયની વંદના**

## પૂ. આ. શ્રી વિજય કલાપૂર્ણ સૂરીશ્વરજી મ. (વાગડ સમુદાય)

શ્રી શત્રુંજય મહામર્યાદાયૈ નમઃ પુસ્તક મળ્યું છે.

લોકોને સાચી હકીકત જાણવા મળે એ જરૂરી છે. તમારો પ્રયાસ એ માટે જ છે ને ? આનંદ...

**કલ્પતરુ વિ.**



Scanned by CamScanner

## પૂ. આ. ભ. શ્રી યશોવિજયસૂરીશ્વરજી મ. (પૂ. ઓમ્કાર સૂ. મ.)

સૂતક મર્યાદા પુસ્તક વાંચ્યું હતું. બે પુસ્તકો - શત્રુંજયમર્યાદા પણ મળેલ છે. આભાર.

લખાણની શૈલી સરલ - સરસ છે. અલ્પપરિચિત કોશ અને ૫૨ વિષયોવાળું પણ કરવા જેવું હતું જ. અભિનંદન **- યશોવિજયસૂરિની અનુવંદના**

## પૂ. આ. ભ. શ્રી વિજય પુણ્યાનંદસૂરીશ્વરજી મ. (પૂ. વિક્રમ સૂ. મ.)

પ્રકાશનો પ્રાપ્ત થયા. જે કાર્યો કરો છો તે સુંદર જ હોય, પૂજ્યશ્રી હમણાં જાપમાં છે. આરાધનામાં યાદ કરશો. **- વિક્રમસેન વિ. ની વંદના**

## પૂ.આ.ભ. શ્રી વિજય હેમપ્રભસૂરીશ્વરજી મ. (પૂ. નીતિ સૂ. મ.)

તમારા તરફથી પુસ્તક તેમજ પત્ર મળ્યો. નવામતીઓ લોકોને ગેરરસ્તે દોરી રહ્યાં છે.તે તરફ લોકોને સાચી વસ્તુનું માર્ગદર્શન આપતું પુસ્તક આવકાર્ય બનશે. શાસન પ્રભાવક સુંદર કાર્યો કરી રહ્યા છો. તેની ભૂરી - ભૂરી અનુમોદના. એજ...

**- ગુર્વાજ્ઞાયી મુનિ પ્રશમેશપ્રભ વિ.**

## પૂ. મુનિરાજ શ્રી મણિપ્રભ વિજયજી મ. (પૂ. નીતિ સૂ. મ.)

"શ્રી શત્રુંજય મહામર્યાદાયૈ નમ:" કિતાબ ગત ચાતુર્માસ મેં મુઝે જયપુર મિલી થી. ઉસ સમય સંજોગવશ યહ મૈં નહીં પઢ પાયા થા. યહ કિતાબ યહાં પર અભી - અભી પઢી. પઢકર બડી પ્રસન્નતા હુઈ.

વાસ્તવમેં આપને શ્રી જિનશાસન કે લિએ એક અત્યન્ત ઉપયોગી કિતાબ લીખી હૈ. ઈસ પુસ્તક કી દસ નકલ કી આવશ્યકતા હૈ. **- મુનિ મણિપ્રભ વિજય**

## પૂ. ગચ્છાધિપતિ આ.ભ.શ્રી સૂર્યોદયસાગરસૂરીશ્વરજી મ. (પૂ.સાગરજી મ.)

પ્રકાશક શ્રી ! "શત્રુંજય મહામર્યાદાયૈ નમઃ' ઈસ નામકા પુસ્તક મેં જો નામ લીખા હૈ વો નામ હી બતાતા હૈ મર્યાદામેં રહનેવાલેં સભીકા મૂલ્ય હોતા હૈ ઔર આદરણીય બનતે હૈ. ઈસ પુસ્તક કે લેખક અતિ ઉદ્યમી, વિદ્યાવ્યાસંગી ઔર સતત પરિશ્રમી હૈ, અત: ઉનકે કાર્ય કે ઉપર મોહર લગાના માં કી આગે નનિહાલકે વર્ણન જૈસા હે, ઈસ પુસ્તક કો બહુત સે મનુષ્ય પઢે ઓર કિસે લે ગુમરાહ કે ટક્કર મેં ન પડે, યહી લેખકશ્રી કા આશય હૈ ઔર ઉનકે આશય કો સફલ બનાવે, યહી હાર્દિક શુભકામના. **- સૂર્યોદયસાગર**



Scanned by CamScanner

## પૂ.આ.ભ. શ્રી નરેન્દ્રસાગરસૂરીશ્વરજી મ. (પૂ. સાગરજી મ.)

ગઈકાલે 'ચોમાસામાં યાત્રાનિષેધ' અંગે સંવાદરૂપે તમોએ પરિશ્રમ ઉઠાવીને જે શત્રુંજય મહામર્યાદાયૈ નમઃ સૌમ્યભાષામાં નિબંધ લખેલ છે. જે પ્રશંસાને પાત્ર છે.

તેવી જ રીતે આ. કીર્તિયશસૂરિના વ્યાખ્યાનોનું ખંડન થોડું કર્યું છે. પરંતુ તેના ખંડનની પણ એક પદ્ધતિસરની પુસ્તિકા તમારી ભાષામાં બહાર પાડવાની જરૂર છે. આવી જ રીતે શાસન સેવાના કામો કરતા રહો અને શાસનની શોભા વધારો એવી અંતરેચ્છા.

- નરેન્દ્રસાગરસૂરિ

## પૂ.આ.ભ. શ્રી યશોભદ્રસાગરસૂરીશ્વરજી મ. (પૂ. સાગરજી મ.)

શત્રુંજય મહામર્યાદાયૈ નમઃ પુસ્તક મળી. વાંચીને અત્યંત હર્ષ થયો છે. તમોએ જે આયામ કર્યો છે. તે ખરેખર પ્રશંસનીય છે. આવું પ્રકાશન કરીને આ યુગના નવયુવાનોને સન્માર્ગે વાળવા માટે ખુબ જ પ્રયાસ કર્યો છે. આવું પ્રકાશન કરીને એકપણ જીવ પ્રભુની આજ્ઞાનું પાલન કરશે તો તે બદલ તમારો પુરુષાર્થ સફળ થયો ગણાશે. એવું શાસ્ત્રકાર ભગવાનનું મંતવ્ય છે.

## પૂ.આ.ભ. શ્રી જીતેન્દ્રસાગરસૂરીશ્વરજી મ. (પૂ. સાગરજી મ.)

શત્રુંજય પુસ્તક મળ્યું, ઘણું જ યોગ્ય છે.

- જીતેન્દ્રસાચરો

## પૂ.આ.ભ. શ્રી લાભસાગરસૂરીશ્વરજી મ. (પૂ. સાગરજી મ.)

પુસ્તિકા મળી. સુંદર છે.

- લાભસાગરસૂરિ

## પૂ.આ.ભ. શ્રી નવરત્નસાગરસૂરીશ્વરજી મ.સા. (પૂ. સાગરજી મ.)

શત્રુંજય મહામર્યાદાયૈ નમઃ પુસ્તક પ્રાપ્ત હુઈ, ઈસ વિષય મેં પુસ્તકે તો અનેક પ્રકાશિત હુઈ હૈ કિન્તુ યહ પુસ્તક વાક્ય પ્રશંસા કે પાત્ર હૈં, ઈસકા વિષય તો વહી હૈ કિન્તુ પ્રસ્તુતિ માર્મિક હૈ, સાથ હી ચૌટદાર ભી હૈ, ઈસ પ્રયાસ કે લિએ આપકો ખૂબ ખૂબ ધન્યવાદ. આગે ભી આપસે એસે પ્રકાશન કી અપેક્ષા હૈ.

- પૂજ્યશ્રીકી આજ્ઞાસે વિશ્વરત્નસાગર કી અનુવંદના



Scanned by CamScanner

## પૂ.આ.ભ. શ્રી અશોકસાગરસૂરીશ્વરજી મ.સા. (પૂ. સાગરજી મ.)

'શત્રુંજય મહામર્યાદાયૈ નમઃ' ના પુસ્તકો મળ્યા. તેમાં શાસ્ત્રપાઠો, તર્કો, દલીલો બધુ જ સુંદર ને વ્યવસ્થિત છે. તમને તમારી મહેનત કરતા સફળતા વધુ મળશે. જેમ બને તેમ વધુ પ્રચાર થાય તેમ કરશો.

**અશોકસાગર**

## પૂ.આ.ભ. શ્રી હેમચંદ્રસાગરસૂરીશ્વરજી મ.સા. (પૂ. સાગરજી મ.)

શત્રુંજય મહામર્યાદાયૈ નમઃ માત્ર પુસ્તિકા નહીં, પણ ચાતુર્માસમાં ગિરિરાજની યાત્રા નિષેધના પુષ્કળ પ્રમાણોનો ખજાનો છે. તમે શાસન અંગેનું આ મહત્વનું કાર્ય કર્યું છે.તમો સતત આવા કાર્યો કરતા રહો તેવા અંતરના આશીર્વાદ.

**હેમચંદ્રસાગર**

## પૂ. પંન્યાસ પ્ર. શ્રી નિત્યવર્ધનસાગરજી મ. (પૂ.સાગરજી મ.)

આપશ્રી તરફથી મહામંગલ કરનારી પ્રીયવાણીથી સુંદર ગોઠવણી કરેલી 'શત્રુંજય મહામર્યાદાયૈ નમઃ' નામની પુસ્તિકા મળી, સુંદર પુસ્તિકા છે.

**-પં. નિત્યવર્ધનસાગરની અનુવંદના**

## પૂ. પંન્યાસ પ્ર. શ્રી હર્ષસાગરજી મ. (પૂ.સાગરજી મ.)

પુસ્તક મળ્યું, શાસન રક્ષાની તીવ્ર લાગણી આમાં શબ્દસ્થ થયેલી જણાય છે. નવામતવાદીઓ દ્વારા શાસન પરંપરાના ધ્વંસને અટકાવવાના મહાપાતિકથી કેટલાંક ભવ્યો આ પુસ્તકના માધ્યમે તીર્થની મહાઆશાતનાના પાતકથી બચવા પામશે.

**- હર્ષસાગર**

## પૂ. મુનિપ્રવર શ્રી પૂર્ણચંદ્રસાગરજી મ. (પૂ. સાગરજી મ.)

શત્રુંજય મહામર્યાદાયૈ પુસ્તક મળ્યું, આખું પુસ્તક વાંચ્યું, ખુબ સુંદર છે. સૌને સમજાય તેવી સરસ શૈલીમાં લખ્યું છે. ધન્યવાદ છે તમને.

**પૂર્ણચંદ્રસાગર**



Scanned by CamScanner

## પૂ. શ્રી મુનિપ્રવર શ્રી મૃદુરત્નસાગરજી મ. (પૂ. સાગરજી મ.)

આપશ્રીનું નવલું નજરાણું નવા વર્ષે મળ્યું. સાદ્યન્ત વાંચ્યું. ખુબ ગમ્યું. યોગ્ય અવસરે મળ્યું. મારા જેવા અલ્પજ્ઞાની અજ્ઞાની જીવો માટે ખૂબ જ ઉપયોગી થઈ પડશે. લોકોને સમજાવવા માટે ઘણું જ કામયાબ થશે.

આપશ્રીનું સાહસ દાદ માંગી લે તેવું છે, શાસનને બહુ ઉપયોગી થઈ પડશે. આવા પુસ્તકની વર્તમાન કાલે જરૂરત હતી જ. લોકભોગ્ય ભાષામાં રચીને વાચકોનું મન મોહી લે તેવું આ નજરાણું સૌને સાચી રાહ બતાવે તે જ.

**- મૃદુરત્નસાગરની વંદના**

## પૂ. આચાર્ય શ્રી સુબોધસાગરસૂરીશ્વરજી મ. (પૂ. બુદ્ધિસાગર સૂ.મ.)

મોકલેલ પુસ્તક 'શ્રી શત્રુંજય મહામર્યાદાયૈ નમઃ' મળેલ છે. આભાર સહ સ્વીકાર કર્યો છે.

આપશ્રીની શાસન મર્યાદાના રક્ષણ માટેનો પ્રયાસ પ્રસ્તુત્ય પ્રશંસનીય - પ્રોત્સાહનીય છે.

અનાદિ અનંતકાલીન શાસન મર્યાદાનું સવિસ્તાર સુસ્પષ્ટ શાસ્ત્ર વિધિયુક્ત આગમિક પાઠ સાથે સુંદર સમજુતી આપીને શાસનની સુંદર સેવા કરી છે. આપશ્રીને જેટલા ધન્યવાદ આપીએ એટલા ઓછા - અલ્પ છે. એજ.

**સુબોધસાગર**

## પૂ. આ. ભ. શ્રી કલ્યાણસાગરસૂરીશ્વરજી મ. (પૂ. બુદ્ધિસાગર સૂ. મ.)

'શ્રી શત્રુંજય મહામર્યાદાયૈ નમઃ' પુસ્તક વાંચીને પાપભીરું આત્માઓ જયણાને હૈયે વસાવશે. પ્રાચીન પ્રણાલિકા - પરંપરાઓને નષ્ટ કરવી અને નવી પોતાની સ્વમતિ પૂર્વકની માન્યતાઓ પ્રવર્તાવવી - એ જ પરંપરાના પ્રલોપકો કરી રહ્યા છે.ચાતુર્માસમાં યાત્રા એ જીવવધનો હેતુ હોવાથી મહાપાપ છે. એવું શાસ્ત્રીય વચન જાણવા છતાં શ્રાવકોને શા માટે તેઓ નિષેધ નહીં કરતા હોય ? અને યાત્રા કરવી એ પરમાત્માની આજ્ઞાનો કેટલો મોટો ઘાત છે?

**કલ્યાણસાગર (નંદિગામ)**

## પૂ. આ. ભ. શ્રી પદ્મસાગરસૂરીશ્વરજી મ. (પૂ. બુદ્ધિ સાગર સૂ. મ.)

દોનોં પુસ્તિકા મીલી હૈ, ચાતુર્માસ મેં સિદ્ધાચલજી તીર્થયાત્રા નહીં હોતી ઇસ સંબંધમેં સુંદર યુક્તિપૂર્ણ રૂપ સે સમઝાને કા પ્રયાસ પ્રશંસનીય હૈ, તિથિચર્ચા સે સંબંધિત પુસ્તિકા (આ તે સન્માર્ગ કે ઉન્માર્ગ) મેં ભી ભ્રમ કા નિવારણ વિવેકપૂર્વક કિયા ગયા હૈ. દેવ દર્શન મેં યાદ કરેંગે.

**પદ્મસાગર**



Scanned by CamScanner

## પૂ. શ્રી મુનિપ્રવર શ્રી સંયમસાગરજી મ.સા. (પૂ. બુદ્ધિસાગર સૂ. મ.)

આપશ્રીએ પોસ્ટથી મોકલાવેલ 'શત્રુંજય મહામર્યાદાયૈ નમઃ' નામક પુસ્તક પ્રાપ્ત થયેલ છે. તેનું મુખપૃષ્ઠ જ નયનરમ્ય છે તેટલું જ નહિ, પણ તેનું લખાણ તર્કગમ્ય, શાસ્ત્રસાપેક્ષ અને અનુભવજ્ઞાનીઓથી પરિશીલન થયેલ અર્ક છે. ચોમાસામાં યાત્રા ન કરવાના અનેક કારણો સાપેક્ષ દષ્ટિથી રજુ કરીને ઉન્માર્ગને નાથવાનો સાહસિક પુરુષાર્થ તમોએ કરેલ છે, તે બદલ તમારી જ્ઞાનોપાસનાની ભૂરિશઃ અનુમોદના.

**- લઘુશ્રમણ**

## પૂ. પંન્યાસ પ્ર. શ્રી અરુણવિજયજી મ.સા. (પૂ. ભક્તિ સૂરિ મ.)

આપશ્રીના તરફથી લિખિત - પ્રકાશિત ત્રણ પુસ્તિકાઓ (શત્રુંજય મહામર્યાદાયૈ, સૂતક મર્યાદાયૈ અને આ તે સન્માર્ગ કે ઉન્માર્ગ?) આજે મળી, ઉપરછલી નજરે જરૂર ગમી.

ચોક્કસ, આવી પુસ્તિકાઓની શ્રી સંઘમાં આવશ્યકતા તો હતી જ, અને હિમ્મતપૂર્વક કોઈપણ સચોટ જવાબો આપે એ ખુબ જ જરૂરી હતું., આવી પુસ્તકો વાંચવાથી સત્યતા લોકોની સમક્ષ આવશે. આંધળુકીયા કરીને એક દિશામાં આંધળી દોટ મુકનારાઓ પણ આ પુસ્તક વાંચીને વિચાર કરતા જરૂર થઈ શકશે.

એમાં પણ આ તે સન્માર્ગ કે ઉન્માર્ગના લખાણમાં જે હિમ્મત સચોટપણે કરી છે તે પણ ધન્યવાદને પાત્ર છે. જૈનશાસનને આવા નિર્ભીકોની જરૂર છે. આવા પંડિતને પણ વધુ પ્રોત્સાહન, પુરાવાઓ વગેરે આપીને હજુ બીજા વધુ વિષયોના પુસ્તકો બહાર પડાવવા પ્રયત્ન કરશો. અને હજી મોડુ નથી. પૂ. આ. શ્રી નરેન્દ્રસાગરસૂરિ મ. સા.ની ચરણ સેવામાં બેસાડીને આવા ૨-૪ પંડિતો અને મુનિઓને ઐતિહાસિક જ્ઞાનથી મંડિત કરજો. મારી ભલામણ છે. શક્ય બનશે તો પરિણામ આવશે. **- અરુણવિજય**

## પૂ.આ.ભ. શ્રી વિજય દેવસૂરીશ્વરજી મ., પૂ.આ.ભ. શ્રી વિજય હેમચંદ્ર સૂરીશ્વરજી મ.સા., પૂ.આ.ભ. શ્રી વિજય પ્રદ્યુમ્નસૂરીશ્વરજી મ. (પૂ. નેમિ સૂ.મ.)

'શત્રુંજય મહામર્યાદાયૈ નમઃ' પુસ્તક મળેલ છે. મર્યાદા શબ્દના માધ્યમથી તમે અલગ-અલગ વિષયોને ઠીક ઠીક ચર્ચવા માંડ્યા છો.

આ. શ્રી નરેન્દ્રસાગરસૂરિજી મ. પછી કોણ ? તેનો તમે પ્રત્યુત્તર આપ્યો છે. (અર્થાત્ આ પુસ્તક તે જ તેનો પ્રત્યુત્તર છે.)

**- વિજય દેવસૂરિ, વિજય હેમચન્દ્રસૂરિ, વિજય પ્રદ્યુમ્નસૂરિ**



Scanned by CamScanner

## પૂ.આ.ભ.શ્રી વિજય શ્રેયાંસચંદ્રસૂરીશ્વરજી મ. (પૂ. નેમિ સૂ. મ.)

તમે મોકલાવેલ પુસ્તક શત્રુંજય મહામર્યાદાયૈ નમઃ પુસ્તક વસઈના સરનામે મળેલ છે.ત્યાંથી વિહાર કર્યા બાંદ વાંચેલ છે. જેથી જવાબ આપવામાં વિલંબ થયેલ છે. પુસ્તક લખવાની મહેનત શાસ્ત્રપાઠો મેળવીને ભાષાની મર્યાદા જાળવીને પરંપરા શું છે વિગેરે સચોટ રીતે દર્શાવેલ છે. જે ખરેખર અનુમોદનીય છે. આ પુસ્તક વાંચીને ખોટા માર્ગેથી પાછા વળે અને સત્યના પંથે (સાચા માર્ગે) વળે એવી શુભેચ્છા. **- લી. શ્રેયાંસચંદ્ર સૂરિના અનુવંદના**

## પૂ.આ.ભ.શ્રી વિજય પ્રભાકરસૂરીશ્વરજી મ.સા. (પૂ. નેમિ સૂ.મ.)

પુસ્તક મળ્યું, સુંદર છે, ધન્યવાદ, સમયસરનું જરૂરી, ઘર ઘરમાં આનો પ્રચાર થાય તો વિપક્ષનો પ્રચાર અટકે. **- પૂ.આ.ભ. શ્રી વિજય પ્રભાકરસૂરીશ્વરજી મ.સા.**

## પૂ.આ.ભ.શ્રી વિજય રત્નપ્રભસૂરીશ્વરજી (પૂ. નેમિ સૂ. મ.)

શત્રુંજય મહામર્યાદાયૈ નમઃ પુસ્તક મળેલ છે, અજ્ઞાત વ્યક્તિ માટે આ પુસ્તક ખુબ જ સુંદર ઝીણવટભરી સમજુતી, સચોટ નિર્ણય, દ્રષ્ટિપાત સુંદર પાથર્યો છે. જેથી અજ્ઞાત જીવો જરૂર માર્ગે આવશે. ચાતુર્માસમાં શત્રુંજય તીર્થયાત્રા ન થાય એ ઉદ્દેશ સમજાશે. ગીતાર્થ શિરોમણી પ. પૂ. આચાર્યદેવશ્રી વિજયઉદયસૂરીશ્વરજી મ.સા. જણાવતા હતા કે ચાતુર્માસમાં એક પગથીયું ચઢીએ તો છઠ્ઠનું પ્રાયશ્ચિત્ત આવે. **- વિજય રત્નપ્રભની વંદના/સુખશાતા**

## પૂ.આ.ભ.શ્રી વિજય પ્રબોધચંદ્રસૂરીશ્વરજી મ. (પૂ. નેમિ સૂ. મ.)

તમારા તરફથી મોકલેલ પુસ્તિકા 'શત્રુંજય મહામર્યાદાયૈ નમઃ' મળી, સાદર સ્વીકારી છે. શુભ ભાવના. શાસન સેવા લક્ષથી શુભ પ્રયત્ન થવા પામ્યો છે,તો તેનું ફળ પણ શુભ જ હોય ને ! તેમાં વિચારવાનું ન હોય. **- આ. વિ. પ્રબોધચન્દ્રસૂરિ**

## પૂ. સાધ્વી શ્રી અમિતગુણાશ્રીજી મ.સા. (પૂ. સાગરજી મ.)

શત્રુંજય કી કિતાબ બહુત અચ્છી હૈ. સમઝને કે ઇચ્છુક એવં નિકટ મોક્ષગામી ભવ્યજીવો કે લિયે હિતદાયી હૈ, એવં દષ્ટિરાગ મેં ભુલે ભટકે લોગોં કે લિએ બોધદાયી હૈ, બશર્તે શ્રદ્ધા સે સ્વીકાર કરેં. **- પૂજ્યશ્રી કી અનુજ્ઞા સે અમીપૂર્ણા**

## પૂ. સાધ્વી પૂર્ણયશાશ્રીજી મ. (પૂ.સાગરજી મ.)

આપશ્રીની મોકલેલ ચોપડી મલી અને વાંચીને આનંદ, તેમજ સિદ્ધાંતની મર્યાદાઓ જાણી, હવે હિન્દીમાં છપાય તો વધારે સારું. એ લોકો વાંચે અને માઈન્ડમાં બેસી જાય.

**- પૂર્ણયશાશ્રી**



Scanned by CamScanner

## વિદ્વદ્રત્ન પં. શ્રી જિતુભાઈ બી. શાહ (શા.ચી.એજ્યુ.રિસર્ચ સેન્ટર-અમદાવાદ)

આપના તરફથી લખાયેલ 'શત્રુંજય મહામર્યાદાયૈ નમઃ' પુસ્તક આજે મલેલ છે. અમે આપની શ્રુતભક્તિની ખુબ - ખૂબ અનુમોદના કરીએ છીએ. **- જે. બી. શાહ**

## ડૉ. કવિનભાઈ શાહ

આપના તરફથી મોકલેલ શત્રુંજય મર્યાદાવાળું પુસ્તક મળ્યું છે. ચોમાસામાં શત્રુંજયની યાત્રા ન થાય તે અંગેના શાસ્ત્રીય પાઠ, આધાર અને પ્રણાલિકાની વાતો પ્રગટ કરી છે. છતાં પોતાની મહત્તા - સ્વમત કલ્પના અને અંધગુરુરાગને કારણે નિષ્પક્ષ વિચારણા થતી નથી. રાગદશાને કારણે આમ બને છે. મોહાંધ જેવો જ રાગાંધ શત્રુ શાસ્ત્રાજ્ઞાને બદલે કલ્પિત વિચારોને વશ થાય છે. શાસ્ત્રની વાતને સમજવાનો શ્રાવકોનો પુરુષાર્થ અલ્પ છે. અને ગતાનુગતિક અનુસરણ કરીને પક્ષીય વાતાવરણનું વિષ ફેલાય છે. **- કવિન શાહની ૧૦૦૮ વાર વંદના**

## શાહ શાંતિલાલ જેસીંગભાઈ (પાર્શ્વગચ્છીય આગેવાન, ઉનાવા ગાંવ)

અમારામાં કાર્તિક સુદ - ૧૫ના ચોમાસી પ્રતિક્રમણ કરીને વદ-૧ના દિવસે શ્રી સિદ્ધાચલજીની યાત્રા થાય છે, કેમકે ચોમાસામાં યાત્રા બંધ હોય છે. **- લિ. શાંતિલાલ**

## પુસ્તકનો સુર...

- જો આપને પરંપરા પર ગૌરવ હોય તો ચોમાસામાં યાત્રા ન કરો
- જો આપને શાસ્ત્ર પર શ્રદ્ધા હોય તો ચોમાસામાં યાત્રા ન કરો.
- જો આપને પૂવાચાર્યો પર વિશ્વાસ હોય તો ચોમાસામાં યાત્રા ન કરો.
- જો આપને વર્તમાન આચાર્યો પર આસ્થા હોય તો ચોમાસામાં યાત્રા ન કરો.
- જો આપને પરમાત્મા પર પ્રેમ હોય તો ચોમાસામાં યાત્રા ન કરો.
- જો આપને પાપનો ડર હોય તો ચોમાસામાં યાત્રા ન કરો.
- જો આપને જીવ માત્ર પર પ્રીતિ હોય તો ચોમાસામાં યાત્રા ન કરો.

આ સાતે સા રે ગ મ પ ધ ની શા નો સુર આ પુસ્તકમાં સંગ્રહીત છે જે કાનથી નહીં આંખથી સંભળાય છે.



Scanned by CamScanner

॥ પૂ. પંન્યાસ શ્રી અભયસાગર ગુરવે નમઃ ॥

# પૂ. પંન્યાસ શ્રી અક્ષયચન્દ્રસાગરજી મ. દ્વારા સંપાદિત - લેખિત સાહિત્ય

- તત્ત્વાર્થાધિગમ - સભાષ્ય ( ગુજરાતી ભાષાંતર સહિત )
- તત્ત્વાર્થસૂત્રના કર્તા કોણ - શ્વેતાંબર કે દિગંબર ?
- સૂતક મર્યાદાયૈ નમઃ
- વૈવિધ્ય ( સ્વકીય પ્રવચન સંગ્રહ )
- અષ્ટક પ્રકરણ ( પૂ. સાગરજી મ.સા.ના ૧૮ પ્રવચનો )
- શ્રીમત્ નન્દીસૂત્ર ( પૂ. મલયગિરિ મ. કૃત્ વૃત્તિ, પૂ. સાગરજી મ. કૃત્ વિશેષ ટીપ્પણો, પર વિષયોનું વિભાજન સહિત )
- શ્રી પન્નવણાજી સૂત્ર ભાગ-૧ અને ૨ ( સટીક, પૂ. સાગરજી મ. કૃત્ વિશેષ ટીપ્પણો, પર વિષયોનું વિભાજન સહિત )
- શ્રી પન્નવણાજી સૂત્ર ભાગ-૧ અને ૨ ( સટીક, પૂ. સાગરજી મ. કૃત્ વિશેષ ટીપ્પણો, પર વિષયોનું વિભાજન સહિત )
- શ્રી ઔઘનિર્યુક્તિ ( પૂ. દ્રૌણાચાર્ય કૃત્ વિવૃત્તિ, પૂ. સાગરજી મ. કૃત વિશેષ ટીપ્પણો, પર વિષયોનું વિભાજન સહિત )
- શ્રી સૂયગડાંગ સૂત્ર ( પૂ. શીલાંકાચાર્ય કૃત વૃત્તિ, પૂ. સાગરજી મ. કૃત વિશેષ ટીપ્પણો, પર વિષયોનું વિભાજન સહિત )
- પિંડનિર્યુક્તિ ( પૂ. મલયગિરિ મ. કૃત્ વૃત્તિઃ, પૂ. સાગરજી મ. કૃત્ વિશેષ ટીપ્પણો તથા પર વિષયોનું વિભાજન સહિત )
- અલ્પપરિચિત સૈદ્ધાન્તિક કોષ: ભાગ ૧ થી ૫ ( કાર્ય ચાલુ છે. )
- પૂજ્યપાદ આગમોદ્ધારક શ્રી સા[illegible] અપ્રકાશિત સાહિત્ય ( કાર્ય ચાલુ છે. )
- પરિણામમાલા ( ઉપમિતિ ભવપ્રપંચ કથામાંથી ઉદ્ધૃત-ગ્રન્થ )

Scanned by CamScanner




**પાલીતાણા-જય તલેટીએ દર ચોમાસામાં યાત્રા નિષેધ અંગે મૂકવામાં આવતા બોર્ડ:**

શ્રી અજીતનાથ ભગવાન તથા શ્રી શાંતિનાથ ભગવંતે શત્રુંજય પર કરેલ ચોમાસામાં એક પણ દિવસ દેશના આપી નથી.

પૂ. પાંડવો તથા પૂ. દ્રાવિડને વારિખિલ્લજી આદિ કોડો મુનિવરો ચોમાસા પહેલાં જ શત્રુંજય ગિરિરાજ પર ચઢ્યા છે.

ભૂતકાળનો વિરાટ્ ઈતિહાસ, પ્રાચીન પરંપરા અને વર્તમાન પ્રણાલિકા સાક્ષીભૂત છે કે ચોમાસામાં શત્રુંજય ગિરિરાજ પર ન જ ચઢાય.

શિલાલેખોના રહસ્યો પણ અવિચ્છિન્ન પરંપરાને ટકાવનાર છે.




Creation 0261-2599349 - 94 268 63331

Scanned by CamScanner